દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 252 ■ વિક્રમ સંવત ૨૦૮૨

કાર્તિક સુદ-૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 25 October 2025, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૨૫ ઑક્ટોબર ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦

વીકએન્ડ પૂર્તિ ૭ ૮ ૯ ૧૦

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# બંદૂકની બીકે વેપાર કરાર નહીંઃ ભારત




## અમેરિકા અને ઈયુ સાથેની સમજૂતીઓ વિશે કેન્દ્રીય પ્રધાન પીયૂષ ગોયલની સ્પષ્ટતા

બર્લિન/નવી દિલ્હીઃ વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પીયૂષ ગોયલે શુક્રવારે કહ્યું કે ભારત ઉતાવળમાં કે કોઇ લમણે બંદૂક રાખે તો વેપાર કરાર કરતું નથી.

તેમણે કહ્યું કે ભારત યુરોપિયન યુનિયન (ઇયુ) અને અમેરિકા સહિત દેશો અને પ્રદેશો સાથે સક્રિય રીતે વેપાર કરારો પર વાટાઘાટો કરી રહ્યું છે.

અમે ઇયુ સાથે સક્રિય વાતચીત કરી રહ્યા છીએ. અમે અમેરિકા સાથે વાત કરી રહ્યા છીએ, પરંતુ અમે ઉતાવળમાં સોદા કરતા નથી અને અમે સમયમર્યાદા સાથે કે માથા પર બંદૂક રાખીને સોદા કરતા નથી, એવું તેમણે જર્મનીમાં બર્લિન ડાયલોગમાં કહ્યું હતું.

તેઓ સંવાદમાં ભાગ લેવા માટે બર્લિનમાં છે.

તેમણે ઉમેર્યું હતું કે વેપાર સોદાને લાંબા ગાળાના પરિપ્રેક્ષ્યથી જોવો જોઈએ.

તેમણે કહ્યું કે ભારત ક્યારેય ઉતાવળમાં કે ક્ષણનાં આવેશમાં નિર્ણય લેતું નથી.

તેમણે ઉમેર્યું હતું કે ભારત ઊંચા ટેરિફનો સામનો કરવા માટે નવા બજારો તરફ જોઈ રહ્યું છે.

ભારત લાંબા ગાળાનો વાજબી વેપાર સોદો કરી રહ્યું છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા, ગોયલે કહ્યું કે મને નથી લાગતું કે ભારતે ક્યારેય રાષ્ટ્રીય હિત સિવાય અન્ય કોઈ વિચારણાઓના આધારે નિર્ણય લીધો છે કે તેના મિત્રો કોણ હશે અને કોઈ મને કહે છે કે તમે ઇયુનાં મિત્ર બની શકતા નથી, હું તે સ્વીકારીશ નહીં અથવા કોઈ મને કાલે કહે છે કે હું કેન્યા સાથે કામ કરી શકતો નથી, તે પણ સ્વીકાર્ય નથી.

તેમણે કહ્યું કે કોઈ દેશમાંથી કોઈ ચોક્કસ ઉત્પાદન ખરીદવાનો નિર્ણય એવી બાબત છે જેના પર સમગ્ર વિશ્વએ નિર્ણય લેવો પડશે.

આ ટિપ્પણીઓ મહત્વપૂર્ણ છે કારણ કે અમેરિકા ભારત પર રશિયા પાસેથી ક્રૂડ ઓઇલ ખરીદવાનું બંધ કરવા દબાણ કરી રહ્યું છે. ■

## અમેરિકા સાથે ટ્રેડ ડીલ હાથવગીઃ દિલ્હી

નવી દિલ્હીઃ બંને દેશ વચ્ચે મોટાભાગના મુદ્દાઓ પર સહમતી સધાઈ ગઈ હોવાને કારણે ભારત અને અમેરિકા પ્રસ્તાવિત દ્વિપક્ષી કરાર પર સહી કરવાની ખૂબ જ નજીક પહોંચી ગયા હોવાનું અધિકારીઓએ શુક્રવારે કહ્યું હતું.

બંને દેશ કરારની ભાષાના મુદ્દા સંબંધિત ઉકેલ લાવવાના પ્રયાસ કરી રહ્યા હોવાનું તેમણે કહ્યું હતું.

કરારને લાગેવળગે છે ત્યાં સુધી અમે ખૂબ જ નજીક પહોંચી ગયા છીએ એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે કરારને મામલે બંને દેશ વચ્ચે ભાગ્યે જ કોઈ મતભેદ છે. કરારને મામલે વાટાઘાટ પ્રગતિને પંથે છે અને નવા કોઈ મુદ્દા વાટાઘાટમાં અવરોધરૂપ નથી બની રહ્યા, એમ તેમણે કહ્યું હતું. ભારત-અમેરિકા વચ્ચે દ્વિપક્ષી ટ્રેડ એગ્રીમેન્ટના પ્રથમ તબક્કામાં વાટાઘાટના પાંચ રાઉન્ડ પૂરા થયા હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

### સચિન-જિગર સંગીતકાર બેલડીના સચિન સંઘવીની જાતીય શોષણ કેસમાં અરેસ્ટ, જામીન



૧૨

### ‘અબ કી બાર, મોદી સરકાર’ કૅમ્પેઈનના પ્રણેતા ઍડ-ગુરુ પીયૂષ પાંડેનું અવસાન



૧૨

## આંધ્રમાં બસમાં આગ લાગતા ૨૦ લોકો ભડથું



કુર્નુલઃ હૈદરાબાદથી બેંગલૂરુ જઈ રહેલી એક ખાનગી બસમાં શુક્રવારે એક બાઈક સાથે અથડાયા બાદ આગ લાગી હતી, જેમાં ૨૦ લોકોનાં મોત થયા હતા. પોલીસે જણાવ્યું હતું કે આગ એટલી ભયાનક હતી કે મૃતકોની ઓળખ કરવી મુશ્કેલ બની હતી. મૃતકોમાં બાઇકસવારનો પણ સમાવેશ થાય છે. રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂ, (જુઓ પાનું ૨) ▶▶

## બિહાર ચૂંટણીમાં નીતીશના નેતૃત્વ હેઠળ એનડીએ તમામ વિક્રમ તોડશેઃ મોદી

સમસ્તીપુરઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે બિહારના સમસ્તીપુર અને બેગુસરાઈ જિલ્લામાં રેલી કાઢીને શુક્રવારે બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રચારનો આરંભ કર્યો હતો. મોદીએ ભારપૂર્વક કહ્યું હતું કે મુખ્ય પ્રધાન નીતીશકુમારની આગેવાનીમાં એનડીએ ચૂંટણીના અગાઉના તમામ વિક્રમ તોડશે.

મોદીએ ઈન્ડિ બ્લૉકને મહાલઠબંધન લેખાવ્યો હતો. મહાગઠબંધન કે ગ્રાન્ડ (જુઓ પાનું ૨) ▶▶

## હથેળી પર રેપિસ્ટ પોલીસનું નામ લખી મહિલા ડૉક્ટરનું સુસાઇડ



### મેડિકલ રિપોર્ટ બદલવા માટે બહેન પર પોલીસ, પોલિટિકલ પ્રેશર હોવાનો મોટા ભાઇનો આરોપઃ સાતારાના પીએસઆઇને સસ્પેન્ડ કરવાનો સીએમ ફડણવીસનો આદેશ

પુણેઃ મહારાષ્ટ્રના સાતારા જિલ્લામાં સરકારી હૉસ્પિટલની ૨૮ વર્ષની મહિલા ડૉક્ટરે ગળાફાંસો ખાઇ જીવનનો અંત આણ્યો હોવાની ઘટના બની આવી હતી. આત્મહત્યા પૂર્વે ડૉક્ટરે પોતાની હથેળી પર પોલીસ અધિકારી સહિત બે જણનાં નામ લખ્યાં હતાં અને તેમના પર બળાત્કાર તેમ જ માનસિક ત્રાસનો આરોપ લગાવ્યો હતો. રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ઘટનાની ગંભીર નોંધ લઇ પોલીસ અધિકારીને સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો હતો.

દરમિયાન મહિલા ડૉક્ટરની આત્મહત્યા બાદ પરિવારજનો દ્વારા માગણી કરાઇ હતી કે આરોપીઓને ફાંસીની સજા થવી જોઇએ. મૃતકના મોટા ભાઇએ જણાવ્યું હતું કે તે બે વર્ષ અગાઉ ફલટન સબ-ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલમાં જોડાઇ હતી. એક વર્ષથી તેને વારંવાર પોસ્ટમોર્ટમ વિભાગમાં ડ્યૂટી આપવામાં આવી રહી હતી. પોસ્ટમોર્ટમ કરતી વખતે તેના પર પ્રેશર કરવામાં આવતું હતું. અમુક પ્રકરણમાં દર્દી હોસ્પિટલમાં ન હોવા છતાં તેના નામે રિપોર્ટ બનાવી આપવાનું કહેવામાં આવતું હતું. મેડિકલ રિપોર્ટ બદલવા માટે તેના પર પોલીસ, પોલિટિકલ પ્રેશર હતું. આથી તે ત્રાસી ગઇ હતી અને તેણે આ અંગે (જુઓ પાનું ૨) ▶▶



**પીડા કોણ સમજશે?:** સાતારામાં ગળાફાંસો ખાનાર મહિલા ડૉક્ટરની સુસાઈડ નૉટ લખેલી હથેળી અને ઉપર આરોપી પીએસઆઈ ગોપાલ બદાને.



PARAS

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# તેજસ્વીએ શાણપણ વાપરી કૉંગ્રેસને માપમાં રાખી

**બિહાર** વિધાનસભાની ચૂંટણીનાં પરિણામ જાહેર થવા આડે ગણીને ૨૦ દિવસ બાકી રહ્યા છે ત્યાં અંતે મહાગઠબંધનની ભવાઈનો અંત આવ્યો ખરો. રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી), કૉંગ્રેસ સહિતના પક્ષોના બનેલા શંભુ મેળા એટલે કે મહાગઠબંધનમાં બેઠકોની વહેંચણીથી માંડીને મુખ્યમંત્રીપદના ઉમેદવાર સુધીના મુદ્દે સુલહ થઈ ગઈ ને આરજેડીના તેજસ્વી યાદવને મુખ્યમંત્રીપદના ઉમેદવાર જાહેર કરી દેવાયા.

તેજસ્વી મુખ્યમંત્રી બને તો વિકાસશીલ ઈન્સાન પાર્ટી (વીઆઈપી)ના મુકેશ સાહની અને કૉંગ્રેસના કોઈ નેતા નાયબ મુખ્યમંત્રી બને એવું પણ નક્કી થયું છે. બેઠકોની વહેંચણીના મુદ્દે કડાકૂટ પતી નથી. ૧૧ બેઠકો પર મહાગઠબંધનના ૭ પક્ષો સામસામે લડવાના છે છતાં મહાગઠબંધનના નેતાઓએ તમાચો મારીને ગાલ લાલ રાખવા માટે જબરદસ્ત એકતાની દુહાઈઓ આપી દીધી. આ કહેવાતી જબરદસ્ત એકતા મહાગઠબંધનને જીતાડશે કે નહીં એ ખબર નથી પણ આ ભવાઈએ કૉંગ્રેસના નેતાઓને ભાજપને હરાવવામાં નહીં પણ પોતાનો અહમ સંતોષવામાં રસ છે એ ફરી છતું કરી દીધું. ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએએ ચૂંટણીની જાહેરાત પહેલા જ બેઠકોની વહેંચણીનો મામલો નિપટાવી દીધેલો ને નીતિશ કુમારના નેતૃત્વમાં લડવાનું એલાન કરી નાખેલું. બીજી તરફ મહાગઠબંધનમાં ભેંસ ભાગોળે છાસ છાગોળે ને ઘરમાં ધમાધમ જેવી હાલત હતી. ક્યો પક્ષ કેટલી બેઠકો પર લડશે એ નક્કી નહોતું ને કોણ મુખ્યમંત્રી બનશે ને કોણ નાયબ મુખ્યમંત્રી બનશે એ મુદ્દે તલવારો તણાઈ ગયેલી. બેઠકોની વહેંચણી અને મુખ્યમંત્રીપદના દાવેદાર એ બંને મુદ્દે કૉંગ્રેસ અને આરજેડી સામસામે આવી ગયેલાં. કૉંગ્રેસ નમતું જોખવા રાજી નહોતી ને આરજેડી બિહાર કૉંગ્રેસના નેતાઓને ગણકારતી નહોતી એટલે કૉંગ્રેસ હાઈકમાન્ડે અશોક ગેહલોતને પટણા દોડાવવા પડેલા. મહાગઠબંધનના બીજા નેતા પણ પોતપોતાની હુશિયારી ઠોકવામાં પડેલા. વિકાસશીલ ઈન્સાન પાર્ટી (વીઆઈપી)ના મુકેશ સાહની સહિતના નેતા પોતપોતાનું હાંક્યે રાખતા હતા તેથી તેથી આ સંઘ કાશીએ નહીં પહોંચે એવું લાગતું હતું પણ સુલહ કરાવવામાં હોંશિયાર ગેહલોતે મહાગઠબંધનના નેતાઓને મળીને ચોકઠાં ફિટ કરી દીધાં.

ગેહલોતે આરજેડીના વડા તેજસ્વી યાદવને મુખ્યમંત્રીપદના ઉમેદવાર તરીકે સ્વીકારી લીધા ને મુકેશ સાહનીને તેજસ્વીના ડેપ્યુટી તરીકે સ્વીકારીને એલાન કરી નાખ્યું કે, અમારી સરકાર બનશે તો મુકેશ સાહની નાયબ મુખ્યમંત્રી બનશે. કૉંગ્રેસ નેતા અશોક ગેહલોતે મહાગઠબંધનની સંયુક્ત પ્રેસ-કોન્ફરન્સમાં એવું એલાન પણ કરી નાંખ્યું છે કે, મહાગઠબંધનની સરકાર રચાશે તો પછાત સમુદાયના અન્ય કોઈ નેતાને પણ નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવશે. ગેહલોતે પછાત સમુદાયના આ નેતા કોણ હશે તેનો ફોડ નથી પાડ્યો પણ આ નેતા બિહાર કૉંગ્રેસ પ્રમુખ રાજેશ કુમાર હશે એ કહેવાની જરૂર નથી. દલિત નેતા રાજેશ કુમાર અત્યારે બિહાર વિધાનસભાના સભ્ય છે તેથી તેમને જ આગળ કરાશે એ સ્પષ્ટ છે.

મહાગઠબંધનની ૫૦ મિનિટ ચાલેલી સંયુક્ત પ્રેસ-કોન્ફરન્સમાં આરજેડી, કૉંગ્રેસ અને વીઆઈપી સહિત ૭ પક્ષના ૧૪ નેતાએ હાજરી આપી હતી પણ તેમાં બેઠકોની વહેંચણી મુદ્દે ચોખવટ ના કરાઈ એ જોતાં ડખા ચાલુ જ છે એ સ્પષ્ટ છે. બિહાર વિધાનસભાની કુલ ૨૪૩ બેઠકો માટે બે તબક્કામાં મતદાન થવાનું છે ને બંને તબક્કા માટે ઉમેદવારી નોંધાવવાની તારીખ પતી ગઈ છે.

અત્યારની સ્થિતિએ મહાગઠબંધનના ૭ પક્ષના ૨૪૩ બેઠકો માટે ૨૫૪ ઉમેદવારોએ ફોર્મ ભર્યાં છે. આરજેડી મહાગઠબંધનમાં સૌથી મોટો પક્ષ છે તેથી આરજેડીએ ૧૪૩, કૉંગ્રેસે ૬૧, સીપીઆઈ(એમ)એ ૨૦, સીપીઆઈએ ૯, સીપીએમએ ૬ અને મુકેશ સાહનીની વીઆઈપીએ ૧૫ ઉમેદવારો ઉભા રાખ્યા છે એ જોતાં મહાગઠબંધનમાં સામેલ પક્ષોના ઉમેદવારો ૧૧ બેઠકો પર સામસામે ટકરાશે. તેમાંથી ૬ બેઠકો પર આરજેડી અને કૉંગ્રેસના ઉમેદવારો એકબીજાની સામે છે જ્યારે બીજી ત્રણ બેઠકો પર કૉંગ્રેસના ઉમેદવારોની બીજા સાથી પક્ષોના ઉમેદવારો સામે ટક્કર છે તેથી કોંગ્રેસ કુલ નવ બેઠકો પર પોતાના સાથી પક્ષોના ઉમેદવારો સામે લડી રહી છે. આ કહેવાતી ફ્રેન્ડલી ફાઈટ એટલે કે મૈત્રીપૂર્ણ લડાઈની ચૂંટણીનાં પરિણામો પર શું અસર થશે એ ખબર નથી પણ તેના કારણે કૉંગ્રેસનો અહંકાર છતો થઈ જ ગયો. મહાગઠબંધનમાં પડેલા ડખા માટે કૉંગ્રેસ જવાબદાર હતી કેમ કે કૉંગ્રેસ બેઠકોની વહેંચણી અને મુખ્યમંત્રીપદના દાવેદાર એ બંને મુદ્દે અડી ગયેલી. કૉંગ્રેસને તેજસ્વીને મુખ્યમંત્રીપદના ઉમેદવાર બનાવવામાં વાંધો નહોતો પણ વધારે બેઠકો લેવા માટે આરજેડીનું નાક દબાવવા એ મુદ્દે પણ અક્કડ વલણ અપનાવી લીધેલું.

કૉંગ્રેસને ૨૪૩ બેઠકોમાંથી ૬૧ બેઠકો જોઈતી હતી જ્યારે આરજેડી તેને ૪૦ બેઠકોથી વધારે આપવા તૈયાર નહોતી. આરજેડી કૉંગ્રેસના બદલે વીઆઈપી સહિતના પક્ષોને વધારે બેઠકો આપવા માગતી હતી તેમાં કૉંગ્રેસને વાંકુ પડી ગયેલું. આરજેડી કૉંગ્રેસને ૪૦ બેઠકોથી વધારે આપવા નહોતી માગતી તેનું કારણ ૨૦૨૦નો અનુભવ છે. ૨૦૨૦માં કૉંગ્રેસના કારણે જ મહાગઠબંધનને સ્પષ્ટ બહુમતી નહોતી મળી ને તેજસ્વી યાદવ લટકી ગયેલા. ૨૦૨૦માં ભાજપને ૭૪ બેઠકો જ્યારે આરજેડીને ૭૫ બેઠકો મળી હતી. સ્પષ્ટ બહુમતી માટે ૧૨૨ બેઠકો જોઈએ પણ કૉંગ્રેસે ધોળકું ધોળ્યું તેમાં મહાગઠબંધનને ૧૧૦ બેઠકો જ મળતાં સ્પષ્ટ બહુમતીમાં તેનો પનો ૧૨ બેઠકો માટે ટૂંકો પડી ગયો હતો.

કૉંગ્રેસે ઢાંકણીમાં પાણી લઈને ડૂબી મરવા જેવો દેખાવ કર્યો હતો. બિહાર વિધાનસભાની ૨૪૩ બેઠકોમાંથી આરજેડી ૧૪૪, કૉંગ્રેસ ૭૦ અને ત્રણ ડાબેરી પક્ષો ૨૯ બેઠકો પર લડેલાં. આ પૈકી આરજેડી ૭૫ અને ડાબેરીઓએ ૧૬ બેઠકો જીતીને શાનદાર દેખાવ કર્યો હતો પણ કૉંગ્રેસે માત્ર ૧૯ બેઠકો જીતી હતી. કૉંગ્રેસે ૨૦૧૫માં ૨૯ બેઠકોમાં પણ ૧૦નો ઘટાડો કર્યો તેમાં મહાગઠબંધન પછડાયું.

તેજસ્વીએ કૉંગ્રેસને અધધધ ૭૦ બેઠકો આપીને બહુ મોટી ભૂલ કરેલી ને તેનાં પરિણામ તેણે ભોગવ્યાં. કૉંગ્રેસે તેના ભાગની ૭૦માંથી ૩૦ બેઠકો જીતી હોત તો મહાગઠબંધન સ્પષ્ટ બહુમતીની નજીક હોત ને ઓવૈસીની મદદથી તેજસ્વી સરકાર રચી શક્યા હોત. કૉંગ્રેસે ૪૦ બેઠકો પર જ લડવાનું નક્કી કર્યું હોત ને ૩૦ બેઠકો તેજસ્વીને આપી દીધી હોત તો પણ મહાગઠબંધનને સ્પષ્ટ બહુમતી મળી હોત પણ કૉંગ્રેસે જીદ કરીને ૭૦ બેઠકો લીધી તેમાં તેજસ્વી બાવાનાં બેઉ બગડ્યાં.

તેજસ્વી ૨૦૨૦ની ભૂલ ફરી દોહરાવવા નહોતા માગતા એ શાણપણ કહેવાય. કૉંગ્રેસના બદલે નાના નાના પક્ષોને વધારે બેઠકો આપવાની તેમની વ્યૂહરચના યોગ્ય છે કેમ કે કૉંગ્રેસનો એવો જબરદસ્ત જનાધાર રહ્યો નથી. સામે વીઆઈપી અને ડાબેરી પક્ષો મર્યાદિત વિસ્તારોમાં પ્રભાવ ધરાવે છે પણ જીતવાની તાકાત કૉંગ્રેસ કરતાં વધારે ધરાવે છે. તેજસ્વી આ વાત સમજે છે પણ કૉંગ્રેસ પોતાની મર્યાદા સમજવા તૈયાર નથી તેમાં મહાગઠબંધન હાસ્યાસ્પદ બની ગયું છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર –હેમંતઋતુ, શનિવાર, તા. ૨૫–૧૦–૨૦૨૫, વિનાયક ચતુર્થી, વિંછુડો, ભદ્રા

- ભારતીય દ્નિાંક ૩, માહે કાર્તિક, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, કાર્તિક સુદ–૪
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે કાર્તિક, તિથિ સુદ–૪
- પારસી શહેનશાહી રોજ ૧૨મો મોહોર, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૨મો મોહોર, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૦મો આવા, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨જો, માહે ૫મો જમાદિલ અવ્વલ સને ૧૪૪૭
- મીસરી રોજ ૪થો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર અનુરાધા સવારે ક. ૦૭–૫૧ સુધી, પછી જયેષ્ઠા
- ચંદ્ર વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૨, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૫, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૩–૨૧, મધ્યરાત્રિ પછી ક. ૦૨–૧૮ (તા. ૨૬)
- ઓટઃ સવારે ક. ૦૭–૩૫, રાત્રે ક. ૧૯–૨૪
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’ નામ સંવત્સર, કાર્તિક શુક્લ – ચતુર્થી. વિનાયક ચતુર્થી, વિંછુડો, ભદ્રા ક. ૧૪–૩૪થી ૨૭–૪૮. સૂર્ય મહાનક્ષત્ર સ્વાતિમાં, વાહન દેડકો.
- શુભાશુભ દ્નિશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ જયેષ્ઠા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, શનિ–બુધ ગ્રહદેવતાનું પૂજન, ઔષધ ઉપચાર, પરદેશગમનનું પસ્તાનું, પ્રયાણ મધ્યમ, ખેતીવાડીના કામકાજ, નિત્ય થતાં પશુ લે–વેંચના કામકાજ.
- આચમનઃ ચંદ્ર–રાહુ ચતુષ્કોણ મતલબી, બુધ–શનિ ત્રિકોણ ગંભીર
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–રાહુ ચતુષ્કોણ, બુધ–શનિ ત્રિકોણ (તા. ૨૬)
- ગ્રહગોચરઃ સૂર્ય તુલા, મંગળ–તુલા, માર્ગી બુધ–વૃશ્ચિક, ગુરુ–કર્ક, શુક્ર–કન્યા, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, વક્રી હર્ષલ–વૃષભ, વક્રી નેપ્ચ્યુન–મીન, માર્ગી પ્લુટો–મકર.

# દિલ્હીમાં દિવાળીએ બ્લાસ્ટ કરવાના કાવતરાનો પર્દાફાશઃ બે આતંકવાદી પકડાયા

નવી દિલ્હીઃ દિલ્હી પોલીસે બે શંકાસ્પદ આઇસિસના આતંકવાદીઓની ધરપકડ કરી છે. આ આતંકવાદીઓ દિવાળીના દિવસે રાષ્ટ્રીય રાજધાનીના વધુ ભીડભાડવાળા વિસ્તારોમાં આતંકવાદી હુમલા કરવાની યોજના ઘડી રહ્યા હતા. આ વિસ્તારોમાં દક્ષિણ દિલ્હીમાં એક મૉલ અને એક જાહેર ઉદ્યાનનો સમાવેશ થાય છે. આ જાણકારી એક અધિકારીએ શુક્રવારે આપી હતી.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર બંને શંકાસ્પદ આઇસિસ સભ્યોના નામ અદનાન છે. એક દિલ્હીના સાદિક નગરનો છે અને બીજો ભોપાલનો છે. આ ધરપકડોને કારણે દિલ્હીમાં સંભવિત આતંકવાદી હુમલાને ટાળી શકાયો હોવાનું તેમણે જણાવ્યું હતું.

પોલીસે તેમની પાસેથી વાંધાજનક સામગ્રી જપ્ત કરી છે. જેમાં આઇસિસ માટે વફાદારીના શપથ લઇ રહ્યા હોવાનો એક વીડિયો સામેલ છે. તેમજ દિલ્હીમાં જ્યાં તેઓ વિસ્ફોટ કરવાની યોજના ઘડી રહ્યા હતા તે સ્થળોના ફોટોગ્રાફ્સનો પણ સામાવેશ થાય છે.

એડિશનલ કમિશ્નર ઓફ પોલીસ(સ્પેશિયલ સેલ) પ્રમોદ કુશવાહાએ એક પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું કે આઇઇડી માટે ટાઇમર બનાવવા માટે તેઓ જે ઘડિયાળનો ઉપયોગ કરી રહ્યા હતા, અને આઇઇડી બનાવવા માટે જરૂરી સામગ્રી ખરીદવા માટે તેઓ જે સ્થળોએ જઇ રહ્યા હતા તેના ફોટોગ્રાફ્સ પણ જપ્ત કરવામાં આવ્યા છે.

તેમણે વધુમાં જણાવ્યું કે તેઓએ દિલ્હીમાં તે સ્થળોની રેકી કરી હતી જ્યાં તેઓ હુમલો કરવાની યોજના ઘડી રહ્યા હતા. જેમાં દક્ષિણ દિલ્હીમાં એક મોલ અને એક જાહેર ઉદ્યાનનો સમાવેશ થાય છે. સૌથી પહેલા ૧૬ ઓક્ટોબરે સાદિક નગરમાંથી એક આતંકવાદીની ધરપકડ કરવામાં આવી હતી. બાદમાં બીજા આતંકવાદીની ભોપાલથી ધરપકડ કરવામાં આવી હતી.

# નીતીશને સીએમ નહીં બનાવે એનડીએઃ તેજસ્વીનો દાવો

પટણાઃ આરજેડી નેતા તેજસ્વી યાદવે શુક્રવારે એક ચૂંટણી રેલીને સંબોધતા દાવો કર્યો હતો કે જો શાસક ગઠબંધન એનડીએ ફરીથી સત્તા પર આવશે તો મુખ્ય પ્રધાન નીતીશ કુમારને મુખ્ય પ્રધાન બનાવવામાં આવશે નહીં. તેજસ્વી યાદવે દાવો કર્યો હતો કે રાજ્યમાં જેડી(યુ) ના નેતૃત્વ હેઠળની એનડીએ સરકારના ૨૦ વર્ષના શાસન છતાં બિહાર હજુ પણ ગરીબ રાજ્ય છે. જો શાસક ગઠબંધન ફરીથી સત્તામાં આવશે તો મુખ્ય પ્રધાન નીતીશ કુમારને મુખ્યમંત્રી બનાવવામાં આવશે નહીં. આરજેડી નેતાએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે ભાજપ દ્વારા કુમારને હાઇજૅક કરવામાં આવ્યા છે અને ગુજરાતના બે લોકો બિહારમાં કાર્યરત છે. દેખીતી રીતે તેજસ્વી યાદવ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહનો ઉલ્લેખ કરી રહ્યા હતા.

‘ઈન્ડિ’ મહાગઠબંધનના મુખ્ય પ્રધાનપદના ઉમેદવાર તેજસ્વી યાદવે કેન્દ્ર સરકાર પર રાજ્યમાં ભ્રષ્ટ નેતાઓ અને ગુનેગારોને રક્ષણ આપવાનો આરોપ લગાવ્યો હતો. સહરસા જિલ્લાના સિમરી બખ્તિયારપુરમાં એક રેલીને સંબોધતા યાદવે દાવો કર્યો હતો કે, અમિત શાહે સ્પષ્ટ કરી દીધું છે કે ચૂંટણી પછી ચૂંટાયેલા ધારાસભ્યો બિહારના મુખ્ય પ્રધાનનો નિર્ણય લેશે. જો એનડીએ ફરીથી સત્તામાં આવશે તો નીતિશ કુમારને બિહારના મુખ્યપ્રધાન બનાવવામાં આવશે નહીં.

યાદવે વચન આપ્યું હતું કે જો વિપક્ષનું ગઠબંધન રાજ્યમાં સત્તામાં આવશે તો તેઓ એક સ્વચ્છ સરકાર રજૂ કરશે. ભૂતપૂર્વ નાયબ મુખ્યપ્રધાને એમ પણ કહ્યું હતું કે તેઓ એવી સરકાર સુનિશ્ચિત કરશે જે લોકોની ફરિયાદો સાંભળશે અને તેમને સસ્તી દવાઓ અને નોકરીઓ પૂરી પાડશે. તેજસ્વી યાદવે દાવો કર્યો હતો કે એક બિહારી હોવાના કારણે મને એ વાતનું દુઃખ થાય છે કે મારું રાજ્ય ગરીબ છે અને બેરોજગારી, ભ્રષ્ટાચાર અને ગુનાહિત પ્રવૃત્તિઓ વધી રહી છે. બિહારમાં એનડીએના ૨૦ વર્ષ અને કેન્દ્રમાં ૧૧ વર્ષ શાસન છતાં રાજ્યની માથાદીઠ આવક સૌથી ઓછી છે અને ખેડૂતો ગરીબ છે.

## પ્રજામત

### રેલવે પ્લેટફોર્મ ટિકિટ ન વેચવાનો નિર્ણય કેટલો યોગ્ય?

પશ્ચિમ રેલવે દ્વારા દિવાળીની રજાના દિવસોમાં ૧૫થી ૩૧ ઓક્ટોબર સુધી રેલવે પ્લેટફોર્મ ટિકિટ ન વેચવાનો નિર્ણય કેટલો યોગ્ય છે? ભીડ ન થાય એ માટે આ નિર્ણય એક પ્રકારે માન્ય છે, પરંતુ જે લોકો વયોવૃદ્ધ છે, એકલા મુસાફરી કરવા જાય છે અને બીમાર છે તેમને સાથ આપવા માટે તો કોઈ જોઈએ ને. એવામાં તેમને એકલા મોકલવાથી કેટલી હાલાકી થઈ શકે છે.

શું આવા લોકો માટે રેલવે પ્રશાસન કોઈ એસ્કોર્ટની વ્યવસ્થા કરી શકશે?

દર વખતની જેમ કાયદાનું પાલન કરાવતી વખતે રેલવે પોલીસવાળા અને અન્ય અધિકારીઓ પ્રવાસીઓની મજબૂરી કે તકલીફ પર ધ્યાન આપતી નથી. ગયા વર્ષે પણ આવા સંજોગોમાં લોકોએ હાલાકી ભોગવવી પડી હતી.

એથી રેલવે અને સરકાર શ્રી ને વિનંતી છે કે આ બાબતનું ખાસ ધ્યાન આપે.

– શરદભાઈ પટેલ, મુલુંડ

### ભગવાનના નામે ચાલી રહ્યો છે ધંધો

વિશ્વમાં અંદાજે ૩થી ૩.૫ કરોડ શીખોની વસતિ છે અને દરરોજ અંદાજે ૮ કરોડ લોકોને લંગરમાં પ્રેમથી જમાડે છે. ચોખ્ખું પાણી, દેશી ઘી અને ભોજન પીરસવું એ ખરેખર પ્રેરણા જેવું છે. દર્શન માટે કોઈ સ્પેશ્યલ લાઈન નહીં, પાર્કિંગના પૈસા નહીં, ચપ્પલ-જૂતા સાચવવાના પણ કોઈ ચાર્જ નહીં.

જોકે એક વાતનું ખૂબ દુઃખ થાય છે કે ભારતનાં અતિ પ્રાચીન મંદિરોમાં ધર્મના નામે ધંધો શરૂ કરવામાં આવ્યો છે. એવામાં હિન્દુઓને ક્યાંથી ઝનૂન આવે, સ્પેશ્યલ પૂજા, સ્પેશ્યલ દર્શન, પ્રસાદ, આરતીના નામે ભંડોળ ઊભું કરવામાં આવે છે. બાદમાં આવા ભંડોળનો દુરુપયોગ થાય છે.

ધર્મ આપણને નીતિમત્તા, પ્રામાણિકતા, લોકોની ભલાઈ કરવાનું શીખવે છે.

મહેશ ડી. વેદાંત, વલસાડ

### પત્ર મિત્રોને ખાસ સૂચના

પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઇ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઇલ આઇડી પર પણ મોકલી શકો છો.

E-mail:
prajamat@bombaysamachar.com

ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. – તંત્રી

જીએમએલઆર પ્રોજેક્ટ

# બીએમસીની અરજીની સુનાવણી સુપ્રીમ ૨૭ ઑક્ટોબરે કરશે

નવી દિલ્હીઃ ગોરેગાંવ-મુલુન્ડ લિંક રોડ (જીએમએલઆર) પ્રોજેક્ટ માટે વધુ ઝાડ કાપવા સંબંધિત બીએમસીની નવી અરજીની સુનાવણી સુપ્રીમ કોર્ટ સોમવારે એટલે કે ૨૭ ઑક્ટોબરે કરશે.

સુપ્રીમ કોર્ટે બીએમસીના સંબંધિત વિભાગને પ્રોજેક્ટ માટે વધુ ૯૫ ઝાડ કાપવાની ૧૪ ઑગસ્ટે મંજૂરી આપી હતી.

સુપ્રીમ કોર્ટની વૅબસાઈટ મુજબ મુખ્ય ન્યાયાધીશ બી. આર. ગવઈ, ન્યાયાધીશ કે. વિનોદચંદ્રન અને વિપુલ એમ. પંચોલીની બનેલી ખંડપીઠ આ અંગેની અરજીની ૨૭મી ઑક્ટોબરે સુનાવણી કરશે જ્યારે દિવાળી વેકેશન બાદ સુપ્રીમ કોર્ટની કામગીરી ફરી શરૂ થશે.

જીએમએલઆર પ્રોજેક્ટનું લક્ષ્ય મુલુન્ડ અને ગોરેગાંવ વચ્ચેનો પ્રવાસનો સમય એક કલાક જેટલો ઘટાડવા વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેને ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે સાથે જોડવાનું છે. (એજન્સી)

# દુશ્મનને ઓછો આંકશો નહીંઃ કમાન્ડરોને રાજનાથની સલાહ

નવી દિલ્હીઃ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે શુક્રવારે કહ્યું હતું કે ક્યારેય દુશ્મનોની શક્તિ ઓછી આંકશો નહીં અને કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા માટે સતર્ક રહેવાનું આહ્વાન કર્યું હતું.

તેમણે કહ્યું કે ઓપરેશન સિંદૂર ઇતિહાસમાં ભારતના હિંમત અને સંયમના પ્રતીક તરીકે નોંધાયેલું રહેશે.

જેસલમેરમાં ભારતીય સેનાના ટોચના કમાન્ડરોને સંબોધિત કરતા, સિંહે દળને ભવિષ્યના પડકારોનો અસરકારક રીતે સામનો કરવા માટે માહિતી યુદ્ધ, આધુનિક સંરક્ષણ માળખાગત સુવિધાઓ વિકસાવવા અને આધુનિકીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરવા વિનંતી કરી હતી.

સંરક્ષણ પ્રધાને ઓપરેશન સિંદૂરને ભારતના લશ્કરી કૌશલ્ય અને રાષ્ટ્રીય ચારિત્ર્યનું મૂર્ત સ્વરૂપ અને સૈનિકો દ્વારા દર્શાવવામાં આવ્યું હતું કે તેમની શક્તિ ફક્ત શસ્ત્રોમાં જ નહીં, પરંતુ તેમના નૈતિક શિસ્ત અને વ્યૂહાત્મક સ્પષ્ટતામાં પણ રહેલી છે.

ઓપરેશન સિંદૂર ઇતિહાસમાં ફક્ત લશ્કરી કાર્યવાહી તરીકે જ નહીં, પરંતુ રાષ્ટ્રની હિંમત અને સંયમના પ્રતીક તરીકે પણ નોંધાયેલું રહેશે, એમ તેમણે કહ્યું.

આપણા દળો દ્વારા આતંકવાદીઓ સામે લેવામાં આવેલી કાર્યવાહી નીતિગત ચોકસાઈ અને માનવીય ગૌરવ બંનેને ધ્યાનમાં રાખીને કરવામાં આવી હતી. આ કાર્યવાહી હજુ પૂરી થઈ નથી. જ્યાં સુધી એક પણ આતંકવાદી માનસિકતા જીવંત રહેશે ત્યાં સુધી શાંતિ માટેનું આપણું મિશન ચાલુ રહેશે, એમ તેમણે કહ્યું હતું.સેનાના કમાન્ડરોએ ગ્રે ઝોન યુદ્ધ અને સંયુક્તતા માટેના રોડમેપ સહિત મુખ્ય સુરક્ષા પાસાઓ પર વિગતવાર ચર્ચા કરી હતી.

ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ, ચીફ ઓફ ધ આર્મી સ્ટાફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી, સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહ, વાઇસ ચીફ ઓફ ધ આર્મી સ્ટાફ લેફ્ટનન્ટ જનરલ પુષ્પેન્દ્ર સિંહ અને તમામ આર્મી કમાન્ડરો કોન્ફરન્સમાં હાજર રહ્યા હતા.

એમણે કમાન્ડરોને ભવિષ્ય માટે તૈયાર સેના સુનિશ્ચિત કરવા માટે સંરક્ષણ રાજદ્વારી, આત્મનિર્ભરતા, માહિતી યુદ્ધ, સંરક્ષણ માળખાગત સુવિધાઓ અને બળ આધુનિકીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું ચાલુ રાખવા વિનંતી કરી હતી.

# ઝૂકેગા નહીં રશિયા...

## પુતિનની આકરી પ્રતિક્રિયા સામે ટ્રમ્પનો જવાબ છ મહિનામાં ખબર પડી જશે

વોશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે અમેરિકાએ લગાવેલા ઊર્જા પ્રતિબંધો પર રશિયાની પ્રતિક્રિયાને ફગાવી દેતા કહ્યું હતું કે તે પ્રતિબંધોની અસર આગામી થોડા મહિનામાં જોવા મળશે. ગુરુવારે વાઇટ હાઉસમાં એક પત્રકાર દ્વારા રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિનની અમેરિકાના પ્રતિબંધો પરની પ્રતિક્રિયા વિશે પૂછવામાં આવતા ટ્રમ્પે કહ્યું હતું કે, ‘‘મને આનંદ છે કે તેઓ આવું અનુભવે છે. હું તમને છ મહિના પછી આ વિશે જણાવીશ. ચાલો જોઈએ કે બધું કેવી રીતે કામ કરે છે...

ટ્રમ્પના નવા પ્રતિબંધોનો જવાબ આપતા રશિયાના પ્રમુખે કહ્યું હતું કે મોસ્કો અમેરિકાના દબાણ સામે ‘ક્યારેય ઝૂકશે નહીં’. ન્યૂઝ એજન્સી રોઇટર્સના રિપોર્ટ અનુસાર, રશિયન તેલ કંપનીઓ પર અમેરિકાના પ્રતિબંધો પર પ્રતિક્રિયા આપતા રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ગુરુવારે જાહેરાત કરી હતી કે મોસ્કો ક્યારેય વોશિંગ્ટન અથવા અન્ય કોઈપણ રાષ્ટ્રના દબાણ સામે ઝૂકશે નહીં. તેમણે ચેતવણી આપી હતી કે રશિયન ક્ષેત્રમાં કોઈપણ હુમલાનો ‘‘ખૂબ જ ગંભીર અને આકરો’’ જવાબ મળશે. તેમણે અમેરિકાના પ્રતિબંધોને ‘‘પ્રતિકૂળ કૃત્ય’’ ગણાવ્યું જે રશિયન-અમેરિકન સંબંધોને મજબૂત બનાવતું નથી.

અમેરિકાના પ્રતિબંધો પર ટિપ્પણી કરતા તેમણે તેને ‘‘ચોક્કસ પરિણામો’’ સાથે એક ‘‘શત્રુતાપૂર્વક’’નું કૃત્ય ગણાવ્યું હતું. વધુમાં તેમણે કહ્યું હતું કે તે તેમની આર્થિક સ્થિતિ પર નોંધપાત્ર રીતે અસર કરશે નહીં. રશિયાનું ઊર્જા ક્ષેત્ર મજબૂત છે. આ રશિયા પર દબાણ લાવવાનો પ્રયાસ છે પરંતુ કોઈ પણ સ્વાભિમાની દેશ અને કોઈ સ્વાભિમાની લોકો ક્યારેય દબાણ હેઠળ કોઈ પણ નિર્ણય લેતા નથી.’’

પહેલા પાનાનું ચાલુ

### હથેળી પર

મોટી બહેનને જણાવ્યું હતું. બે દિવસથી પરિવારજનો સાથે તેની વાતચીત પણ થઇ નહોતી, એમ મૃતકના ભાઇએ આક્ષેપ કર્યો હતો.

જૂન મહિનામાં બહેને ડિસ્ટ્રિક્ટ પોલીસ સુપરિન્ટેન્ડેન્ટને પત્ર લખીને આ અંગે ફરિયાદ કરી હતી, તેમ છતાં કોઇ કાર્યવાહી થઇ નહોતી, એમ તેણે કહ્યું હતું.

ફલટન ખાતે હોટેલની રૂમમાં ગુરુવારે રાતે મહિલા ડૉક્ટર ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવતાં પોલીસને તેની જાણ કરવામાં આવી હતી. મૃતક ડૉક્ટર બીડ જિલ્લાની વતની હતી અને ફલટન તહેસીલમાં સરકારી હૉસ્પિટલમાં કામ કરતી હતી.

આત્મહત્યા પૂર્વ મહિલા ડૉક્ટરે તેની હથેળી પર સુસાઇડ નોટ લખી હતી, જેમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે છેલ્લા પાંચ મહિનામાં સાતારા પોલીસના બે અધિકારીઓ દ્વારા તેના પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો અને તેને માનસિક ત્રાસ આપવામાં આવ્યો હતો.

મૃતકે લખ્યું હતું કે સબ-ઇન્સ્પેક્ટર ગોપાલ બદાનેએ અનેકવાર તેના પર બળાત્કાર ગુજાર્યો હતો અને તેની જાતીય સતામણી કરી હતી, જ્યારે સોફ્ટવેર એન્જિનિયર પ્રશાંત બનકરે તેને માનસિક ત્રાસ આપ્યો હતો.

સાતારા પોલીસના અધિકારીએ જણાવ્યું હતું કે અમે આ પ્રકરણે ગુનો દાખલ કર્યો હતો. મહિલા ડૉક્ટરના મૃતદેહને પોસ્ટમોર્ટ માટે મોકલવામાં આવ્યો હતો. અમે ડૉક્ટરની હથેળી પરની સુસાઇડ નોટમાં કરાયેલા આક્ષેપોની તપાસ કરી રહ્યા છીએ.

દરમિયાન મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ ઘટનાની ગંભીર નોંધ લીધી હતી. તેમણે સાતારાના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ સાથે વાત કરી હતી અને મહિલા ડૉક્ટરે જે પોલીસ અધિકારીનું નામ આપ્યું છે તેને તાત્કાલિક સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો હતો.

ફડણવીસે સૂચના આપી હતી કે આ કેસમાં સંડોવાયેલા તમામ આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે, એમ મુખ્ય પ્રધાન કાર્યાલયે એક યાદીમાં જણાવ્યું હતું.

### આંધ્રમાં બસમાં

વડા પ્રધાન નરેન્દ્ર મોદી, લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી, આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન એન. ચંદ્રબાબુ નાયડુ અને તેમના તેલંગણાના મુખ્યપ્રધાન એ. રેવંત રેડ્ડીએ આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું હતું. કેટલાક મૃતદેહો એટલા બળી ગયા છે કે તેમની ઓળખી થઈ શકે તેમ નથી જેના કારણે અધિકારીઓએ મૃતકોના ડીએનએ નમૂના લેવા માટે ફોરેન્સિક ટીમોને બોલાવી હતી.

એક અધિકારીએ જણાવ્યું હતું કે અનેક મુસાફરો આ દુર્ઘટનામાં બચી શક્યા નહોતા કારણ કે જ્યારે તેઓ સૂતા હતા ત્યારે આ દુર્ઘટના બની હતી. પીએમ મોદીએ સહાયની પણ જાહેરાત કરી હતી. પ્રારંભિક રિપોર્ટ અનુસાર, કૂર્નુલમાં ચિન્નાટેકુર નજીક મોટરસાઇકલ બસ સાથે અથડાઈ હતી અને તેના પેટ્રોલની ટાંકી ખુલી જતા આગ લાગી હતી. કુર્નુલ રેન્જના ડીઆઈજી કોયા પ્રવીણે પીટીઆઈને કહ્યું હતું કે અત્યાર સુધીમાં, સળગેલી બસમાંથી ૧૯ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે. બાઇકરનો મૃતદેહ પણ મળી આવ્યો છે. તેમણે વધુમાં કહ્યું હતું કે અકસ્માતમાં મોતને ભેટેલા તમામ લોકોની સંપૂર્ણ તપાસ અને ઓળખ પછી જ જાનહાનિ અને બચી ગયેલા લોકોની સંપૂર્ણ જાણકારી મળી શકશે.

મોદીએ બસ અકસ્માતમાં લોકોના મોત પર શોક વ્યક્ત કર્યો હતો અને સહાયની જાહેરાત કરી હતી. પ્રધાનમંત્રી મોદીએ ‘એક્સ’ પર એક પોસ્ટમાં લખ્યું હતું કે ‘‘આંધ્ર પ્રદેશના કુર્નુલ જિલ્લામાં થયેલી દુર્ઘટનામાં થયેલા જાનહાનિથી ખૂબ જ દુઃખ થયું, આ મુશ્કેલ સમયમાં મારી સંવેદનાઓ અસરગ્રસ્ત લોકો અને તેમના પરિવારો સાથે છે. ઘાયલોના ઝડપી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરું છું. ‘‘દરેક મૃતકના પરિવારજનોને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ફંડમાંથી બે લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે. ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયાની સહાય અપાશે.’’

### બિહાર ચૂંટણીમાં

અલાયન્સના સ્થાને મોદીએ મજાકમાં મહાલઠબંધન તરીકે ઉલ્લેખ કર્યો હતો. વિપક્ષી જોડાણ સામાન્ય રીતે મહાગઠબંધન તરીકે ઓળખાય છે.

મોદીએ આક્ષેપ કર્યો હતો કે ઈન્ડિ બ્લૉકના બે સૌથી મોટા ઘટક પક્ષ આરજેડી અને કૉંગ્રેસ સૌથી વધુ ભ્રષ્ટ છે અને હાલ જામીન પર બહાર છે.

દાયકાઓ સુધી સત્તાથી દૂર રહ્યા હોવા છતાં આ બંને પક્ષ એટલા ઘમંડી છે કે જેએમએમ અને વિકાસશીલ ઈન્સાન પાર્ટી (વીઆઈપી) જેવા સાથીપક્ષો સાથે મનમાની કરે છે. બિહાર વિધાનસભાની ચૂંટણીમાં જેએમએમ અને વીઆઈપીને તેમના હિસ્સાની બેઠકો નથી ફાળવવામાં આવી, પરંતુ પક્ષના સ્થાપક મુકેશ સાહનીને નાયબ મુખ્ય પ્રધાનપદ આપવાનું વચન આપવામાં આવ્યું છે.

રેલીમાં ઉપસ્થિત લોકોને મોદીએ મોબાઈલ ફોનની લાઈટ ચાલુ કરવા જણાવ્યું હતું અને આરજેડી પર પ્રહાર કરતા કહ્યું હતું કે આસપાસ આટલી બધી લાઈટો છે ત્યારે ફાનસની કોઈ જરૂર નથી.

૨૪૩ બેઠક ધરાવતી બિહાર વિધાનસભાની ચૂંટણી છ અને ૧૧ નવેમ્બર એમ બે તબક્કામાં યોજાશે. ૧૪ નવેમ્બરે પરિણામની જાહેરાત કરવામાં આવશે. (એજન્સી)

# ઈસ્ટર્ન ફ્રી-વેના વિસ્તરણના માર્ગમાં આવતા વૃક્ષો કાપવાનો નિર્ણય રદ કરવાની માગણી

મુંબઈઃ ઘાટકોપર અને થાણે વચ્ચેના ઇસ્ટર્ન ફ્રી-વેના વિસ્તરણ માટે ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે પર ૩૨૦ વૃક્ષો કાપવામાં આવશે અને ૩૮૬ વૃક્ષોની પુનઃ રોપણી કરવામાં આવશે એવો નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે સ્થાનિક રહેવાસીઓ અને પર્યાવરણવાદીઓએ વૃક્ષો કાપવાનો તેમજ તેના ફરીથી વાવેતરનો વિરોધ કર્યો છે. મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) એ ઇસ્ટર્ન ફ્રી-વે પર વૃક્ષો કાપવાનો નિર્ણય પાછો ખેંચવો જોઈએ એવી માગણી સ્થાનિક લોકોએ કરી છે. એડવોકેટ સાગર દેવરેએ મુંબઈ મહાનગરપાલિકાના કમિશનરને કાનૂની નોટિસ ફટકારી વૃક્ષો કાપવાનો નિર્ણય રદ કરવાની માગણી કરી છે.

એમએમઆરડીએએ ઘાટકોપરથી થાણા સુધીની મુસાફરી ઝડપી બનાવવા માટે ઇસ્ટર્ન ફ્રીવે એક્સ્ટેંશન હેઠળ ૧૩ કિમી લાંબો અને ૪૦ મીટર પહોળો રસ્તો બનાવવાનો નિર્ણય લીધો છે. એમએમઆરડીએ ટૂંક સમયમાં વિસ્તરણનું કામ શરૂ કરશે. આ દરમિયાન ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર ૩૨૦ વૃક્ષો કાપવા પડશે અને ૩૮૬ વૃક્ષોની પુનઃ રોપણી કરવી પડશે.

એમએમઆરડીએએ કાપવા અને ફરીથી વાવેતર માટે મહાનગરપાલિકાના બગીચા વિભાગ પાસેથી જરૂરી પરવાનગી મેળવી છે. ટૂંક સમયમાં ઇસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે પરથી ૭૦૬ વૃક્ષો હટાવી દેવામાં આવશે. જોકે મુલુંડ અને વિક્રોલીના સ્થાનિક રહેવાસીઓએ તેનો વિરોધ કરવાનું શરૂ કરી દીધું છે. જો એમએમઆરડીએ આગામી થોડા દિવસોમાં નોટિસનો જવાબ નહીં આપે તો ગ્રીન ટ્રિબ્યુનલમાં ફરિયાદ દાખલ કરવામાં આવશે.■

# સત્તાધારી પક્ષના ૨૧ વિધાનસભ્યને કોન્ટ્રાક્ટરે આપી ડિફેન્ડર કાર? કોંગ્રેસે કર્યો ધડાકો

મુંબઈઃ કોંગ્રેસ પ્રદેશાધ્યક્ષ હર્ષવર્ધન સપકાળે બહુ ગંભીર આક્ષેપ કર્યો છે. તેમણે કહ્યું છે કે મહારાષ્ટ્રના એક કોન્ટ્રાક્ટરે સત્તાધારી પક્ષના ૨૧ વિધાનસભ્યને ડિફેન્ડર કારની દિવાળી ભેટ આપી છે.

અચાનક દિવાળીના દિવસોમાં જ સપકાળે મોટો ધડાકો કર્યો છે. તેમણે દાવો કર્યો છે કે એક કોન્ટ્રાક્ટરે ૨૧ વિધાનસભ્યને દિવાળી ભેટ તરીકે ડિફેન્ડર કાર આપી છે. જોકે આ ૨૧ વિધાનસભ્યના નામ અને તે કોન્ટ્રાક્ટર કોણ છે તે અંગે થોડા દિવસોમાં માહિતી આપશે, તેમ કહી તેમણે સસ્પેન્સ ઊભું કર્યું છે. બુલઢાણામાં એક કાર્યક્રમ દરમિયાન મીડિયા સાથે વાત કરતા તેમણે આ ઘટસ્ફોટ કર્યો છે.

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ બિહારની ચૂંટણી જાહેર થઈ તે પહેલા મતચોરીનો મુદ્દો ગજવ્યો હતો. આ દરમિયાન તેમણે મહારાષ્ટ્રની વિધાનસભાની ચૂંટણીનો વારંવાર ઉલ્લેખ કર્યો હતો. હવે મહારાષ્ટ્રમાં મુંબઈ નગરપાલિકા સહિત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ આવવાની છે ત્યારે આ મુદ્દાને વધારે હવા મળી રહી છે. મહારાષ્ટ્ર કોંગ્રેસે આ મામલે એક ડોક્યુમેન્ટરી બનાવી છે. ફિલ્મ બતાવ્યા બાદ ચર્ચા કરવામાં આવશે અને આ મામલે પહેલી નવેમ્બરના રોજ મહાવિકાસ આઘાડી રેલી પણ યોજશે.

જોકે મુંબઈ પાલિકાની ચૂંટણી સાથે લડવા અંગે હજુ કોઈ સ્પષ્ટતા થઈ નથી. ■

## મુંબઈ કસ્ટોડિયલ ડેથ કેસ

# સીસીટીવી ફૂટેજ, તબીબી દસ્તાવેજો સાચવવા સુપ્રીમ કોર્ટનો આદેશ

મુંબઈઃ મુંબઈની સેન્ટ્રલ જેલમાં ન્યાયિક કસ્ટડીમાં મૃત્યું પામેલા ૧૯ વર્ષના છોકરા પર થયેલા કથિત ત્રાસના કેસમાં સુપ્રીમ કોર્ટે તાજેતરમાં રાજ્ય સરકારને નોટિસ ફટકારી છે. ઉપરાંત આ કથિત કસ્ટોડિયલ ડેથ સંબંધિત સીસીટીવી ફૂટેજ અને તબીબી દસ્તાવેજો સાચવવા માટે વચગાળાનો આદેશ જારી કર્યો છે. મૃતકની માતા, ઝૈતુનબી મોહમ્મદ સલીમ શેખે, એડવોકેટ પાયોશી રોય દ્વારા બોમ્બે હાઈ કોર્ટના ૨૪ સપ્ટેમ્બરના આદેશને એક ખાસ અરજી દ્વારા સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. તેમાં આર્થર રોડ જેલ અને કાલાચોકી પોલીસ સ્ટેશનના ૧૬ થી ૨૪ સપ્ટેમ્બર સુધીના સીસીટીવી ફૂટેજ અને મૃતકના મેડિકલ રેકોર્ડ સહિત અન્ય સંબંધિત દસ્તાવેજો સાચવવાનો વચગાળાનો આદેશ માગવામાં આવ્યો હતો. સુનાવણી દરમિયાન ન્યાયાધીશ એમ. એમ. સુંદરેશ અને વિપુલ એમ. પંચોલીની બેન્ચે રાજ્ય સરકારને નોટિસ જારી કરી હતી.

અરજી મુજબ અરજદારના પુત્રની ૧૬ સપ્ટેમ્બરના રોજ ધરપકડ કરવામાં આવી હતી અને ધરપકડ સમયે તે ઘાયલ થયો નહોતો. જોકે ૨૪ સપ્ટેમ્બરના રોજ તે કસ્ટડીમાં મૃતાવસ્થામાં મળી આવ્યો હતો. અરજીમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે જેલ અધિકારીઓએ તેને હોસ્પિટલમાં દાખલ કર્યો નહોતો, પરંતુ હોસ્પિટલમાં દાખલ કર્યો હોવાનો ખોટો દાવો કર્યો હતો. આ કેસમાં અરજદારે હાઇ કોર્ટનો સંપર્ક કર્યો હતો અને આ મામલાની સ્વતંત્ર તપાસ, કેસ નોંધવા અને પુરાવા જાળવવા માટે વચગાળાનો આદેશ માગ્યો હતો. હાઈ કોર્ટે પ્રતિવાદીઓને નોટિસ જારી કરી હતી, પરંતુ સીસીટીવી ફૂટેજ અને તબીબી દસ્તાવેજો સાચવવાનો આદેશ આપવાનો ઇનકાર કર્યો હતો, એમ અરજીમાં કહેવામાં આવ્યું છે.

કસ્ટોડિયલ ડેથ સંબંધિત એક અખબારના લેખની નોંધ લીધા બાદ સુપ્રીમ કોર્ટે સુઓમોટો દ્વારા અરજી દાખલ કરી હતી. ઉપરાંત કસ્ટોડિયલ ડેથના કેસોમાં સીસીટીવી ફૂટેજ, સ્ટેશન ડાયરીની એન્ટ્રીઓ અને તબીબી દસ્તાવેજો મહત્ત્વપૂર્ણ પુરાવા હોવાનું કહ્યું હતું. ■

# લવ મેરેજ કરવા ઈચ્છતી ગર્ભવતી મહિલાને સંરક્ષણ પૂરું પાડવા હાઈ કોર્ટનો આદેશ

મુંબઈઃ લવ મેરેજ કરવા માટે ઘર છોડી ભાગી ગયેલી લઘુમતી સમુદાયની ૩૧ વર્ષની ગર્ભવતી મહિલાને રક્ષણ આપવાનો આદેશ હાઈ કોર્ટે મુંબઈ પોલીસને આપ્યો છે. પરિવાર તરફથી મળેલી ધમકીઓને પગલે આ મહિલાએ અદાલતમાં અરજી કરી પોલીસ સુરક્ષાની માગણી કરી હતી.

ન્યાયમૂર્તિ સારંગ કોટવાલ અને ન્યાયમૂર્તિ શ્યામ ચંડકની ખંડપીઠે જણાવ્યું હતું કે મહિલા પુખ્ત વયની છે. પરિવારને તેનો લગ્ન સંબંધ મંજૂર ન હોય તો પણ તેને નિર્ણય લેવાની સ્વતંત્રતા છે. મહિલાના પિતાએ હેબિયસ કોર્પસ અરજી (સંબંધિત વ્યક્તિને હોય એ સ્થિતિમાં જ હાજર કરવાની અરજી) દાખલ કરી હતી. સાથે એવો દાવો પણ કર્યો હતો કે યુવતી એપ્રિલથી ગુમ છે અને તેને રજૂ કરવાનો આદેશ આપવાની માગણી કરી હતી. જોકે ખંડપીઠે મહિલાને પોલીસ સુરક્ષાનો આદેશ આપતા આ અરજી કાઢી નાખી હતી.

આ પહેલા અરજદારની અરજીના પગલે મહારાષ્ટ્રની બહાર રહેતી મહિલાને તેના જીવનસાથી સાથે અદાલતમાં રજૂ કરવામાં આવી ત્યારે મહિલાએ જણાવ્યું હતું કે પરિવાર અવરોધ ઊભો કરી રહ્યો હોવાથી અને તેના સંબંધને માન્ય ન કરી રહ્યો હોવાથી તે પોતાની મરજીથી ઘર છોડી નીકળી ગઈ હતી. પોતે ત્રણ મહિનાની ગર્ભવતી છે અને તેના જીવનસાથી સાથે લગ્ન કરીને સ્થાયી થવા માગે છે એમ તેણે અદાલતને જણાવ્યું હતું. ■

## સુવાવડ દરમિયાન બાળકનું મૃત્યુ

# હોસ્પિટલ પાસે ડોકટરો નહીં હોવાનો પરિવારનો આરોપ, દાવાને અધિકારીઓએ નકાર્યો

પાલઘરઃ ઘણા કલાકો સુધી સરકારી હોસ્પિટલમાં એક પણ ડોક્ટર હાજર ન હોવાને કારણે પ્રસૂતિ દરમિયાન બાળકનું અવસાન થયું હોવાનો આરોપ મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના માતાના પરિવાર દ્વારા કરવામાં આવ્યો છે. અલબત્ત હોસ્પિટલ દ્વારા આ આરોપો ફગાવી દેવામાં આવ્યા છે.

૨૫ વર્ષની વૈશાલી અશોક બત્રેના પતિના જણાવ્યા અનુસાર ૨૨ ઓક્ટોબરે સવારે વૈશાલીને સુવાવડ માટે મોખડા ગ્રામીણ હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. જોકે તેમણે દાવો કર્યો હતો કે લગભગ ૧૨ કલાક સુધી કોઈ ડોક્ટર ઉપલબ્ધ ન હતો અને એ સમય દરમિયાન માત્ર એક નર્સ જ ફરજ પર હતી. સમયસર તબીબી સારવાર અને નિષ્ણાતોની સંભાળના અભાવને પરિણામે પ્રસૂતિ દરમિયાન નવજાત શિશુનું મૃત્યુ થયું હતું. વધુમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે પછી હોસ્પિટલે આદિવાસી મહિલા અને તેના મૃતક બાળકને ખોડાલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મોકલી દીધા હતા.

તાલુકાના મેડિકલ ઓફિસર ડો. ભાઉ સાહેબ છત્તરે બેદરકારીના આક્ષેપોને નકારી કાઢ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે હોસ્પિટલમાં એક ડોક્ટર હાજર હતો પરંતુ પ્રસૂતિ સમયે સાપ કરડવાથી સંબંધિત ઇમરજન્સી કેસમાં વ્યસ્ત હતો. બાળક જન્મ પછી તરત જ રડતું ન હોવાની જાણ થતા ડોક્ટર તરત વોર્ડમાં ગયા હતા, પરંતુ શિશુ નિર્જીવ હોવાનું જાણવા મળ્યું હતું.

પ્રારંભિક તારણોને ટાંકીને તેમણે કહ્યું કે બાળકને કદાચ જન્મજાત વિસંગતતા હતી. મેડિકલ ટીમની કોઈ બેદરકારી નહોતી. અમારી પાસે હોસ્પિટલમાં બેકઅપ સ્ટાફ પણ હોય છે. (પીટીઆઈ)■


## શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ

શ્રી ડુંગરસિંહજી મહારાજ ચોક, હિંગવાલા લેન, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૭૭.

**વાર્ષિક સામાન્ય સભાની નોટિસ**

ઉપરોકત શ્રી સંઘની વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૦૯-૧૧-૨૫ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે આનંદ મંગલ હોલ, આયંબિલ શાળા, બીજે માળે નીચે મુજબ કામકાજ માટે મળશે. દરેક સભ્યે હાજરી આપવા વિનંતિ છે.

**કાર્યક્રમ- એજન્ડા**

૧) કાર્યવાહક સમિતિએ મંજુર કરેલ સને ૨૦૧૬-૧૭ થી ૨૦૨૪-૨૫ વર્ષના ઓડિટ થયેલા હિસાબને બહાલી આપવા વિનંતિ.
૨) સને ૨૦૨૫-૨૬ અને ૨૦૨૬-૨૭ના વર્ષ માટે ઓડિટરની નિમણૂંક કરવા તથા તેમનું વાર્ષિક મહેનતાણું નક્કી કરવા બાબત.
૩) આગામી ચાતુર્માસ જે નક્કી થયેલ છે તેને બહાલી આપવા બાબત.
૪) કાયમી યોજના હેઠળ નવી કાયમી યોજનાની મુદત નક્કી કરવા બાબત.
૫) પ્રમુખ સ્થાનેથી જે રજુઆત થાય તે બાબત.

**નોંધ:**
૧) કોરમના અભાવે મુલતવી રહેલ મીટીંગ તેજ સ્થળે ૩૦ મિનિટ બાદ હાજર રહેલા સભ્યોથી ચલાવવામાં આવશે.
૨) આ સભાની જાણ સરકર્યુલર દ્વારા કરવામાં આવશે નહીં. વર્તમાન પત્ર તથા શ્રી સંઘના નોટિસ બોર્ડ દ્વારા કરવામાં આવશે.
૩) શ્રી સંઘના હિસાબ તથા બુકસ એકાઉન્ટસ જોવાનો સમય તા. ૨-૧૧-૨૫ થી તા. ૫-૧૧-૨૫ સુધીમાં શ્રી સંઘની ઓફિસમાં સવારે ૧૦.૩૦ થી ૧૨ સુધી રાખેલ છે.
૪) આ હિસાબો અને અન્ય બાબત અંગે સભ્યોને જે કંઈ પૂછપરછ કરવી હોય તેઓએ મંત્રીશ્રીને લેખિત જણાવવાનું રહેશે, જેથી જવાબ કે ખુલાસા તૈયાર કરી શકાય.

**શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ**
**શ્રી હીંગવાલા ઉપાશ્રય, ઘાટકોપર (પૂર્વ)**
(માનદ્ મંત્રીઓ)


# દિવાળીમાં વાહનોનું વેચાણ વધ્યું, પણ ઈ-વાહનોની ખરીદી ઘટી

થાણેઃ થાણે શહેરમાં દિવાળી દરમિયાન ઇલેક્ટ્રિક વાહનોની ખરીદીમાં ઉછાળો જોવા મળ્યો છે. આ વર્ષે દિવાળીના સપ્તાહમાં થાણે શહેરમાં પાંચ હજાર ૬૮૩ વાહન રજિસ્ટર કરવામાં આવ્યા છે. ૨૦૨૪માં દિવાળીના તહેવાર દરમિયાન ખરીદવામાં આવેલા વાહનોની સંખ્યા ૩ હજાર ૭૯૫ હતી.

વાહનોની ખરીદીમાં વધારા માટે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)માં ઘટાડો અને નાગરિકોમાં વાહનો ખરીદવાના વધતા વલણને જવાબદાર ગણવામાં આવે છે. જોકે, ગયા વર્ષની તુલનામાં ઇલેક્ટ્રિક વાહનોની ખરીદીની સંખ્યામાં ઘટાડો થયો છે.

દર વર્ષે દિવાળીના અવસર પર વાહનો ખરીદવામાં આવે છે. કેન્દ્ર સરકારના ટૂ-વ્હીલર અને ફોર વ્હીલર કેટેગરીમાં ઓછી ક્ષમતાવાળા વાહનો પર ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) ઘટાડવાના નિર્ણયની દરેક જગ્યાએ તેની જાહેરાત કરવામાં આવી હતી.

દિવાળીના તહેવારના અવસર પર ૧૩ થી ૨૧ ઓક્ટોબર દરમિયાન થાણે સબ-રિજનલ ટ્રાન્સપોર્ટ ડિપાર્ટમેન્ટમાં પાંચ હજાર ૬૮૩ વાહનોની નોંધણી કરવામાં આવી હતી. લક્ષ્મી પૂજાના દિવસે ૧૬૧ વાહનો ખરીદવામાં આવ્યા હતા. ગયા વર્ષે લક્ષ્મી પૂજનના દિવસે માત્ર ૩૭ વાહનની ખરીદી થઈ હતી.

ઇલેક્ટ્રિક વાહનોના રજિસ્ટ્રેશનમાં મોટો ઘટાડો થયો છે. આ વર્ષે માત્ર પાંચ ઇલેક્ટ્રિક વાહનોની નોંધણી કરવામાં આવી છે. જેમાં ત્રણ ટૂ-વ્હીલર અને બે કારનો સમાવેશ થાય છે. ગયા વર્ષે આ સંખ્યા ૩૫ હતી. ■

# સંસ્કૃતિની રંગોળી



આયુષી પરમાર દોડીયા, ગ્રાન્ટ રોડ



અદિતી શાહ, વિલેપાર્લા




પૂજા-નીકિતા-હરિપ્રિયા, બોરીવલી



કાશ્મીરા પુરોહિત, બોરીવલી



વૈશાલી પટેલ, ફોર્ટ



મૃણાલ અને રિયા, થાણે




વૃતિકા અને પૂજા, બોરીવલી



યોગીતા અતુલ વૈદ, ભીવંડી




# સંસ્થા સમાચાર

## કપોળ પરિવારનો મેળાવડો



અંધેરી અને જોગેશ્વરીમાં રહેતાં હોય એવા કપોળ પરિવારો માટે એક ખાસ મેળાવડાનું આયોજન કરવામાં આવ્યું હતું. અંધેરી ઈસ્ટમાં આવેલા શ્રી જયસુખલાલ નાગરદાસ ભૂતા એ.સી હૉલ ખાતે આ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત અંબા માની આરતી સાથે થઈ હતી. સાથે જ સૌએ ગરબા રમીને કાર્યક્રમને ખૂબ માણ્યો હતો. એમાં પણ ઉત્કૃષ્ટ ગરબા રમનારને ઈનામ આપીને બિરદાવવામાં આવ્યા હતા. ■

## મા સરસ્વતીનો પ્રતિષ્ઠા મહોત્સવ

રાષ્ટ્રસંત, ૧૫૪ જૈન મંદિરોના પ્રતિષ્ઠાકારક પૂ. આચાર્ય શ્રી ચન્દ્રાનનસાગરસૂરીશ્વરજી મ.સા. પૂ. પન્યાસ પ્રવર્તક મુનિરાજ શ્રી હરીશચન્દ્રસાગરજી મ.સા. પૂ. કાર્યદક્ષ મુનિવર શ્રી મનનચન્દ્રસાગરજી મ.સા. આદિ ઠાણા. પૂ. વિદુષી સાધ્વીજી શ્રી કલ્પિતાશ્રીજી મ. અને શ્રી ચારુતાશ્રીજી મ. (બેન મ.) આદિ ઠાણાનો આત્મોત્થાનકારી વર્ષા વાસ કરીરોડના અવિઘ્ન એસ્ટેટ પાર્કના શ્રી મુનિસુવ્રત સ્વામી શ્વે. મૂર્તિ જૈન સંઘમાં સુખશાતામાં ચાલી રહ્યો છે. પૂ.આ. શ્રી ચન્દ્રાનનસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં શ્રી મુનિસુવ્રતસ્વામી જૈન મંદિરમાં વિદ્યાદેવી મા સરસ્વતી દેવીના ત્રિદિવસીય પ્રતિષ્ઠા મહોત્સવ ૩૦ ઓક્ટોબરે યોજવામાં આવ્યો છે. સવારે ૭ કલાકે શ્રીકુંભ-દીપક સ્થાપના, જવારા રોપણ, શ્રી નવગ્રહ પાટલા, દશ દિગપાલ, અષ્ટમંગલ પૂજન થશે. ૩૧ ઓક્ટોબરે સવારે ૮ કલાકે શ્રી દેવી પૂજન, દેવી અભિષેક (દેવી અંજનવિધિ) અને ૧ નવેમ્બરે સવારે પ્રતિષ્ઠા અને શ્રી લઘુ શાંતી સ્નાત્ર પૂજન થશે. સૌને આ ઉત્સવમાં હાજર રહેવાનું આમંત્રણ છે. ■

# દિવાળીમાં થયેલા વધારાના ત્રણ હજાર ટન કચરાનો નિકાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દિવાળીના તહેવાર દરમ્યાન મુંબઈગરાએ ૩,૦૦૦ ટન જેટલો વધારાનો કચરો કર્યો હતો. મુંબઈ મહાનગરપાલિકાના ઘનકચરા વિભાગે તહેવાર દરમ્યાન રાત-દિવસ વિશેષ સ્વચ્છતા ઝુંબેશ અમલમાં મૂકીને શહેરના સ્વચ્છ રાખવાની કામગીરી સફળતાપૂર્વક પાર પાડી હતી.

પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીના નિર્દેશ મુજબ પાલિકાના ઘનકચરા વિભાગે સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરી હતી. નિયમિત સ્વરૂપે દરરોજ ૬,૯૦૦ મેટ્રિક ટન કચરો ભેગો કરવામાં આવે છે પણ દિવાળીમાં

૧૮થી ૨૧ ઑક્ટોબર દરમ્યાન પ્રતિદિન ૭,૩૦૦ મેટ્રિક ટનથી વધુ કચરો જમા કરવામાં આવ્યો હતો.

દિવાળી દરમ્યાન દરરોજ લગભગ ૬૦૦થી ૭૦૦ મેટ્રિક ટન વધારાનો કચરો નીકળ્યો હતો. આ સમયગાળામાં કુલ ૩,૦૭૫ મેટ્રિક ટન વધારાના કચરાની સફાઈ કરવામાં આવી હતી, તેમાંથી ૨,૦૭૫ મેટ્રિક ટન કચરાને કાંજુરમાર્ગ અને દેવનાર ડમ્પિંગ ગ્રાઉન્ડમાં નિકાલ કરવામાં આવ્યો હતો. તો લગભગ એક હજાર મેટ્રિક ટન કચરો અન્ય ગાર્બેજ કલેક્શન સેન્ટરમાંથી ભેગો કરવામાં આવી રહ્યો છે.

રાત દિવસ પાલિકાના સફાઈ કર્મચારીઓએ રસ્તા અને ગલીઓની સફાઈ કરીને ત્રણ હજાર મેટ્રિક ટનથી વધુ કચરો જમા કર્યો હતો. ■

# ગોરેગામ-અંધેરીને જોડશે નવો કેબલ સ્ટેડ બ્રિજ: ૪૧૮ કરોડના ખર્ચે બનનારા બ્રિજનું કામ નવેમ્બરથી શરૂ થશે

મુંબઈ: પશ્ચિમ ઉપનગરમાં અંધેરીથી ગોરેગામ ઝડપથી પહોંચી શકાય તે માટે મુંબઈ મહાનગરપાલિકા ૪૧૮ કરોડ રૂપિયાના ખર્ચે ગોરેગામ ખાડી પર નવો કેબલ સ્ટેડ બ્રિજ બાંધવાની છે, જેનું કામ આવતા મહિનાથી શરૂ થવાનો અંદાજ છે. આ બ્રિજનું કામ ઑક્ટોબર, ૨૦૨૮ સુધીમાં પૂરું કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે.

પશ્ચિમ ઉપનગરમાં વર્ષોથી એસવી રોડ પર ટ્રાફિકની સમસ્યા રહી છે. લિંક રોડ પણ પીક અવર્સમાં પણ દિવસેને દિવસે ટ્રાફિકની સમસ્યા વકરી રહી છે. તેથી સુધરાઈએ ગોરેગામથી ઓશિવરા વચ્ચે કેબલ સ્ટેડ બ્રિજ બાંધવાની છે. આ બ્રિજને કારણે એસવી રોડ અને લિંક રોડ પણ ભીડ ઓછી થશે અને વાહનચાલકો માટે ઉત્તર-દક્ષિણને જોડનારી નવી લિંક બની રહેશે.

પ્રસ્તાવિક બ્રિજ ગોરેગામ ખાડી પર ૫૪૨ મીટર લાંબો અને ૩૬.૬ મીટર પહોળો હશે અને આગળ લિંક રોડને બે ગીચ વિસ્તાર ગોરેગામના ભગત સિંહ નગર અને અંધેરીના ઓશિવરા વિસ્તારને જોડશે. પ્રસ્તાવિત બ્રિજ ભગતસિંહ નગર બ્લોક માટે એક નવો એપ્રોચ રોડ તરીકે કામ કરશે. એક વખત આ બ્રિજ બની જશે પછી તે અંધેરી, ઓશિવરા, લોખંડવાલા અને ગોરેગામના સ્થાનિકો માટે એક નવી લિંક સાબિત થશે.આ પ્રોજેક્ટ માટે સૌ પહેલા ૨૦૨૨ની સાલમાં યોજના બનાવવામાં આવી હતી. ■

છેલ્લા પાનાનું ચાલુ

## એડ ગુરુ

કર્યો છે. તેમણે કહ્યું, પીયૂષ પાંડેજી તેમની સર્જનાત્મકતા માટે ખૂબ પ્રશંસનીય હતા. તેમણે જાહેરાત અને સંચારની દુનિયામાં અદ્ભુત યોગદાન આપ્યું છે. વર્ષોથી તેમની સાથેની આપણી વાર્તાલાપને હું હંમેશા વહાલથી યાદ કરીશ. તેમના નિધનથી દુઃખી છું. આવા સમયે મારી સહાનુભૂતિ તેમના પરિવાર અને પ્રશંસકોની સાથે છે. ઓમ શાંતિ.

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે ભારતીય જાહેરાત જગતના દિગ્ગજ અને લેખક પીયૂષ પાંડેને હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ આપતાં તેમને ‘શબ્દોના માસ્ટર’ અને ‘સમજદાર વ્યક્તિત્વ’ ગણાવ્યા હતા. ભાજપનું ૨૦૧૪નું ચૂંટણી સૂત્ર ‘અબ કી બાર, મોદી સરકાર’ સહિત અનેક પ્રતિષ્ઠિત વન લાઈનર માટે જાણીતા પાંડેનું શુક્રવારે વહેલી સવારે મુંબઈની એક ખાનગી હોસ્પિટલમાં અવસાન થયું. તેઓ ૭૦ વર્ષના હતા. ‘માત્ર ચાર શબ્દોમાં ‘અબ કી બાર, મોદી સરકાર’ દ્વારા પાંડેએ વિશ્વની સૌથી મોટી લોકશાહી ચૂંટણીઓમાંની એકમાં ઇતિહાસ રચ્યો હતો,’ એમ ફડણવીસના મુખ્ય પ્રધાન કાર્યાલય (સીએમઓ) દ્વારા જારી કરાયેલા શોક સંદેશમાં જણાવવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે જાહેરાત ગુરુની સર્જનાત્મક રેખાઓએ અનેક બ્રાન્ડ્સને તેમની અલગ ઓળખ આપી અને ભારતીય જાહેરાતમાં પરિવર્તન લાવ્યું હતું. ■

## મલાડમાં

ભયંકર ગરમી પણ વર્તાઈ રહી હતી. તેથી પાંચમા માળા પરનો ધુમાડો બહાર નીકળે તે માટે બિલ્ડિંગના બહારના કાચને તોડીને વેન્ટિલેશન બનાવવામાં આવ્યું હતું. સવારના લગભગ નવ વાગે આગ બુઝાવવામાં સફળતા મળી હતી. જોકે કુલિંગ ઓપરેશન મોડે સુધી ચાલ્યું હતું. સદ્નસીબે રાતના આગ લાગી હોવાથી એ સમયે ઓફિસમાં કોઈ ન હોવાથી કોઈ જખમી થયું નહોતું. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું પણ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે. ■

## પનવેલમાં

જાણ કરી હતી. માહિતી મળતાં જ પોલીસ અને ફાયર બ્રિગેડના જવાનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ઘરનો દરવાજો તોડવામાં આવતાં પાંચ જણ બેભાન અવસ્થામાં મળી આવ્યા હતા. તાત્કાલિક તેમને પનવેલની નાનાસાહેબ ધર્માધિકારી ઉપજિલ્લા હૉસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં તબીબે સંતોષને મૃત જાહેર કર્યો હતો. બેભાન રમેશ બીરા લોહાર (૨૩), તેની પત્ની બસંતી, પાંચ અને બે વર્ષના પુત્રો આયુષ અને આર્યન જીવિત હોવાથી તેમનો ઉપચાર શરૂ કરાયો હતો. જોકે આઈસીયુની જરૂર હોવાથી વધુ સારવાર માટે તેમને બાદમાં નવી મુંબઈની એમજીએમ હૉસ્પિટલમાં ખસેડાયા હતા. સારવાર બાદ બન્ને બાળકોનાં સ્વાસ્થ્ય સુધારા પર છે, જ્યારે દંપતીની હાલત નાજુક હોવાનું કહેવાય છે. આ સામૂહિક આત્મહત્યાનો પ્રયાસ હોવાનું પોલીસનું માનવું છે. ઘટનાસ્થળેથી ચાના કપ મળ્યા હતા. ચામાં ઝેરી દ્રવ્ય ભેળવીને આત્મહત્યાનો પ્રયાસ કરાયો હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું હતું. જોકે ઘટના પાછળનું કારણ તાત્કાલિક જાણી શકાયું નહોતું. ■

## સચિન-જિગર

હતી. ફરિયાદીએ દાવો કર્યો હતો કે ફેબ્રુઆરી, ૨૦૨૪માં તે સંઘવીના સંપર્કમાં આવી હતી. સંઘવીએ યુવતીને ઈન્સ્ટાગ્રામ પર એક મેસેજ મોકલાવ્યો હતો, એવું ફરિયાદમાં જણાવાયું હતું.

સંઘવીએ તેના મ્યુઝિક આલબમમાં ચાન્સ આપવાની કથિત ખાતરી આપી હતી. બાદમાં બન્નેએ એકબીજાના મોબાઈલ નંબરની આપ-લે કરી હતી.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે સંઘવીએ યુવતીને પોતાના સ્ટુડિયોમાં બોલાવી હતી, જ્યાં તેણે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો હતો. બાદમાં લગ્નની ખાતરી આપી આરોપીએ અનેક વાર યુવતીનું જાતીય શોષણ કર્યું હતું.

દરમિયાન સિંગરના વકીલ આદિત્ય મિઠેએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે એફઆઈઆરમાં કરાયેલા આક્ષેપો વાહિયાત અને પાયાવિહોણા છે.

આ કેસ ટકી શકે એવો નથી. પોલીસ દ્વારા મારા અસીલની ગેરકાયદે અટકાયત કરાઈ હતી અને એ જ કારણસર તેને તાત્કાલિક જામીન પર છોડવામાં આવ્યો હતો. અમે બધા આક્ષેપો સામે અસીલનો બચાવ કરીશું, એવું નિવેદનમાં નોંધવામાં આવ્યું હતું. ■

## ચાકુના ઘા ઝીંકી

મનીષાને હોસ્પિટલ લઇ ગયો હતો, જ્યાં મનીષાનું પણ મૃત્યુ થયું હતું.

મનીષા અને સોનુના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા બાદ તેમને પરિવારજનોને સોંપવામાં આવ્યા હતા. આ ઘટનાના અનેક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા, જેમાં લોકો યુવતીને હુમલાખોરથી બચાવવાનો પ્રયાસ કરતા, જ્યાર અન્ય કેટલાક લોકો આરોપીને લાકડીથી મારતા અને તેના પર પથ્થર ફેંકતા નજરે પડે છે. ■

## મહિલા ડૉક્ટરની

મહિલાને સુરક્ષિત વાતાવરણ મળવું જોઈએ.

રાજ્ય મહિલા આયોગે આ બાબતની ગંભીર નોંધ લીધી છે અને કાર્યવાહીના આદેશ આપ્યા છે. આ અંગે પ્રતિક્રિયા આપતા રાજ્ય મહિલા આયોગના અધ્યક્ષ રૂપાલી ચાકણકરે કહ્યું કે આ ઘટના અત્યંત આઘાતજનક છે. આરોપીઓને શોધવા માટે પોલીસ ટીમ રવાના થઈ ગઈ છે. બીડ અને પુણે વિસ્તારોમાં તપાસ ચાલી રહી છે. બંને આરોપીઓ સામે કેસ નોંધવામાં આવ્યો છે. હું સતારા જિલ્લાના પોલીસ અધિક્ષકના સંપર્કમાં પણ છું. ■

# જૈન મરણ

**જામનગર હાલાર વીસા શ્રીમાળી જૈન**

જામનગર નિવાસી, હાલ મલાડ વેસ્ટ સુશીલાબેન છોટાલાલ વોરા (ઉં.વ.૯૧) તા. ૨૩-૧૦-૨૦૨૫ ના અરિહંતશરણ પામ્યા છે. તે નર્મદાબેન છોટાલાલ વોરાના પુત્રી. તે નીતિનભાઈ, કુસુમબેન દિલીપભાઈ ગાંધી, ઇન્દિરાબેન અશ્વિનભાઈ દોશી અને જ્યોતિબેનના બેન. તે ભારતીબેનના નણંદ. તે કુનાલ, પ્રિયેશ અને ભૂમિના ફઈબા. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝા. સ્થાનકવાસી જૈન**

હાલ અંધેરી નિવાસી સ્વ. જયંતીલાલ શાહના ધર્મપત્ની ઇંદિરાબેન (ઉં.વ. ૮૬) બુધવાર, તા. ૨૨-૧૦-૨૫ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે તૃપ્તી તથા ઉદયના માતુશ્રી. સનતકુમારના સાસુ. સ્વ. ભગવાનદાસભાઇ, સ્વ. રમણિકભાઇ, સ્વ. હિરાભાઇ, સ્વ. કાંતિભાઇ તથા ગં. સ્વ. જશુબેન નિતિનકુમાર દોશીના ભાભી. ચુનીલાલ ઠાકરસીના દીકરી. સ્વ. વીરબાળાબેન રમેશચંદ્ર તુરખીયા, અનિલભાઇ, રજનીભાઇના બેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સ્થાનકવાસી જૈન**

અમરેલી નિવાસી હાલ મુંબઇ હસમુખભાઇ મોહનલાલ ખારાના પત્ની ઇલાબેન ખારા, (ઉં. વ. ૮૪) તા. ૨૦-૧૦-૨૫ના સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે ભાવના, પરાગ, સ્વપ્નિલના માતા અને દીપકભાઇ, પૂર્વીબેનના સાસુ. અને શાંતિભાઇ ડુંગરશી અદાણીના પુત્રી. સાદડી અને લૌકિક વ્યવહાર બંધ છે.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ ખારોઈ સ્વ. દિનેશ પ્રેમજી નિસર (ઉં.વ. ૬૨) તા. ૨૨-૧૦-૨૫ના અરિહંત શરણ પામ્યા છે. સ્વ. ભચીબેન કરમણના સુપૌત્ર. સ્વ. લક્ષ્મીબેન પ્રેમજીના સુપુત્ર. ભાનુબેનના પતિ. દર્શન, મમતાના પિતાશ્રી. કેયુરી, રાજેશના સસરા. મનફરાના સ્વ. રમાબેન ભચુ સત્રાના જમાઈ. પ્રાર્થના શનિવાર, તા. ૨૫-૧૦-૨૫ શનિવાર સમય ૧૦ થી ૧૧.૩૦. સ્થળ: શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એલ.ટી. રોડ, બોરીવલી-વેસ્ટ.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ આધોઈના ધનજી વિસનજી ડાઘા (ઉં.વ. ૬૬) તા. ૨૨-૧૦-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. ગંગાબેન વિસનજીના સુપુત્ર. સ્વ. કસ્તુરબેનના પતિ. હિરેન, કાજલના પિતાશ્રી. સ્વ. મણશઈ, ગુણીના ભાઈ. આધોઈ. સ્વ. ખીમઈબેન હિરજી ચરલાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ૩૩ ૨૦, ૨જે માળે, સર્વોદય બિલ્ડીંગ રોડ નં.૪, જવાહર નગર, ગોરેગામ-વેસ્ટ.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ વણોઈના સ્વ. પ્રભાબેન રાયશી બૌવા (ઉં.વ. ૭૪) અવસાન પામેલ છે. સ્વ. કરમાબેન નરશીના પુત્રવધૂ. સ્વ. રાયશીના ધર્મપત્ની. રમેશ, કાંતિ, ગીતા, સ્વ. બેબીના માતુશ્રી. હેમંત, રીટા, મીનાના સાસુ. યશ, આર્ય, રેયાંશ, પ્રિયાના દાદી. રૂચિતા, હેત્વીના નાની. ત્રંબૌના અનસન વ્રતધારી હીમાબેન પેથા આસધીર સતરાના દીકરી. પ્રાર્થના તા. ૨૫-૧૦-૨૫ શનિવાર, સમય ૧૦.૩૦ થી ૧૨.૦૦ કલાકે, શ્રી થાણા વર્ધમાન સ્થાનક જૈન શ્રાવક સંઘ, નૌકા વિહારની સામે, થાણા-વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મનફરાના માતુશ્રી લક્ષ્મીબેન પોપટલાલ ગાલા (ઉં.વ. ૯૫) ૨૧-૧૦-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. સોનાબેન ડોસાભાઈ લખમણ ગાલાના પુત્રવધૂ. સ્વ. પોપટલાલના ધર્મપત્ની. મણી, કાંતી, દીપક, પુષ્પા, વર્ષાના માતુશ્રી. સ્વ. રત્નાબેન ભુરાભાઈ રામા ગડાના દીકરી. મોંઘીબેન ખીમજી મણશી ગાલા, કામલબેન કરસન લખમશી બુરીચાના બેન. પ્રા.સભા : તા. ૨૫/૧૦/૨૫, શનિવાર. સમય : બપોરે ૪ થી ૫.૩૦. બરવિધી : ૫.૩૦ થી ૬.૩૦. પ્રા.સ્થળ : માનવ સેવા સંઘ, સાયન-કિંગ સર્કલ.

લાયજાના માતુશ્રી કસ્તુરબેન નાગજી છેડા (ઉં.વ.૮૩) ૧૯-૧૦-૨૫ના અરિહંત શરણ પામેલ છે. લાછબાઇ ભાણજીના પુત્રવધૂ. સ્વ. નાગજીના પત્ની. હરેશ, હેમંત, સુનીતાના માતુશ્રી. ગોધરાના ગંગાબેન ગણપત વોરાના દીકરી. નાનજી, નરશી, મુલચંદ, પ્રવિણ, ઉપેન્દ્ર, નરેન્દ્ર, લક્ષ્મીબેન, સરલાબેન, કેસરબેન, નિર્મળાબેન, નયનાના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. નાગજી છેડા, ૨૩૦, લાયજાવાલા હાઉસ, પટેલ બિ., જી.ટી.બી.નગર, સાયન (ઈ), મું. ૨૨.

ડેપાના વિમળાબેન સાવલા (ઉં.વ.૯૧)૨૩-૧૦-૨૫ના અવસાન પામેલ છે. શામજીના ધર્મપત્ની. કુંવરબેન ગાંગજી નરશીના પુત્રવધૂ. મીના, ચંદ્રિકા, ભારતી, વર્ષા, રાજેશના માતુશ્રી. ના. તુંબડી મઠાબેન રતનશી કેશવજી બૌવાના પુત્રી. લક્ષ્મીચંદ, શાંતિલાલ, કાંતાના બેન. પ્રાર્થના રાખેલ નથી. ત્વચાદાન કરેલ છે. નિ. રાજેશ સાવલા, અવિનાશ ભુવન, દીક્ષિત રોડ, પાર્લા (ઈ) ૫૭.

દેઢિયાના દમયંતી નવીન પાસડ (ઉં.વ.૭૫) ૨૨-૧૦-૨૫ના સંથારો સિઝાયો છે. તેજભાઈ મુરજી ખેતશીના પુત્રવધૂ. નવીનના પત્ની. જતીન, બિનીતાના માતુશ્રી. મોટા આસંબિયા રાણબાઈ કાનજી મુરજીના સુપુત્રી. મોટી ખાખર સાકર મુલચંદ, તલવાણા ... રાખેલ નથી. ૧૨ નવકાર ગણવા. ફોન આવકાર્ય. નિ. નવીન શાહ, ૬૦૨, તુલસી બાગ, રામદાસ સુતાલે માર્ગ, બોરીવલી (પ).

દેશલપુર (કંઠી)ના લીલાવંતી પ્રેમજી સોની (ઉં.વ.૮૦) ૧૯-૧૦ના દેહ પરિવર્તન કરેલ છે. જેઠીબાઈ કુંવરજી સોનીના પુત્રવધૂ. મોટી ખાખર લક્ષ્મીબેન ભવાનજી ગંગર, ભુજપુર કુંવરબાઈ રણશી દેઢિયાના પુત્રી. પ્રેમજીભાઈના પત્ની. નલિની, કિશોર, મુકેશ, જયશ્રી, સંજય, ભરતના માતુશ્રી. અશ્વિન, અનિલ, પોપટભાઈ, કરમશીભાઈ, બાબુભાઈ, દેવશીભાઈ, બાબાલાલ, દેશલપર પ્રભાબેન રમણીક, ઘાનેરા જયાબેન ચીમનલાલ, બિદડા કેસરબેન ચાંપશીના બહેન. ચક્ષુદાન કરેલ છે. પ્રા. શ્રી વ. સ્થા.જૈ.શ્રા.સં.સં.

# પારસી મરણ

ખુર્શીદ જહાંગીર સુરાલીવાલા (ઉં. વ. ૬૯) તા. ૨૨-૧૦-૨૫ના રોજ ગુજરી ગયા છે. તે મરહુમ જહાંગીર ફિરોઝશા સુરાલીવાલા અને મરહુમ ટેહમી સુરાલીવાલાનાં દીકરી. તે મરહુમ સાયરસ, મરહુમ થ્રીટીનાં બહેન. તે હવોવી પર્સી મહેતાનાં આન્ટી. ઠે. ફલેટ ૮, બિલ્ડિંગ-૧એ, ટાટા કો-ઓ હાઉસિંગ સોસાયટી, પરેલ-મુંબઇ-૧૨.

હુતોકશી મેહરનોશ પોરબંદરવાલા તે મેહેરનોશના ધન્યાની. તે મરહુમો રોશન મીનું શ્રોફના દીકરી. તે નુશાઝરના માતાજી. તે મરહુમો ડોલી તથા હોમી પોરબંદરવાલાના વહુ. તે મહેરૂ ને સરોશના ભત્રીજી. તે ઝીનોબ્યા, નીના ને મરહુમ પરસીના કઝીન. (ઉં. વ. ૬૬) રે. ઠે. એફ-૧૬, શાપુર બાગ, ત્રીજે માળે, વી.પી. રોડ, સાઇધામ મંદિર સામે, ગ્રાન્ટ રોડ, મુંબઇ-૪૦૦૦૦૪. ઉઠમણાંની ક્રિયા તા. ૨૫-૧૦-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે, અસલાજી અગિયારીમાં છેજી.

હીલ્લા એરચશા દેબું તે મરહુમો પીરોજા એરચશા દેબુંના દીકરી. તે જરુ પસ્તાકીયા તથા મરહુમો કેતી, ધન, પરવેઝના બહેન. તે ઝરીન પસ્તાકીયા, જેસમીન ઇરાની, હાવોવી, દારાયસ ને મરહુમ હોરમઝના માસી. (ઉં. વ.૭૮) રે.ઠે. સર રતન તાતા બિલ્ડિંગ, નં.૬, ફલેટ નં-૧૦, ધરમજીત હોટેલે સામે, સી. જે. કોલોની, તુલસીવાડી, મુંબઇ-૪૦૦૦૩૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૫-૧૦-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે, કપાવાલા અગિયારીમાં છેજી.

થ્રીતી બેહરામ ઇરાની તે મરહુમ બેહરામના ધન્યાની. તે મરહુમો ખોરશેદ જમશેદ ઇરાનીના દીકરી. તે શાપુરના માતાજી. તે મરજોનના સાસુજી. તે રુસ્તમ, રોહીન્ટન, દૌલત, મેહેરાબૉનના બહેન. તે નોરાના મમઇજી. તે શાહરુખ ને વીસ્પીના માસી. (ઉં. વ. ૭૬) રે. ઠે. એમ-૧/૫૪, મેહરવાનજી કામા પાર્ક, કામા રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૫-૧૦-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે, અંધેરી પટેલ અગિયારીમાં છેજી.

બમશૉ દાદાભોય મોતીવાલા તે દીનાના ધની. તે મરહુમો આવાબઇ દાદાભોય મોતીવાલાના દીકરા. તે દારયુસ ને લઇલાના પપા. તે સીમોન ને અંજુમનના સસરા. તે મરહુમો ભીખાજી, ભીખુ, જાલ, રુસી, મહી મજીતા, નોશીર , ડો. ફિરોઝ, કાવસ રોહીન્ટનના ભાઇ. તે ઇનદીયા ને લુઇસના મમાવા. (ઉં.વ. ૯૩) રે. ઠે. રુશીલા ફલેટ નં-૨, ૧લે માળે, ૧૭, એમ. એલ. ધાનુકર માર્ગ, ખંબાલા હીલ, મુંબઇ-૪૦૦૦૨૬.

કરશન લઘુ નિસર હોલ. દાદર. સમય ૨ થી ૩.૩૦.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થા. જૈન**

સાયલા નિવાસી હાલ ભાયંદર, સ્વ. વિનયચંદ લક્ષ્મીચંદ ગોપાણીના ધર્મપત્ની ઇન્દિરાબેન ગોપાણી (ઉં.વ.૮૪) ૨૨/૧૦/૨૫ના બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે રાજેશ, હસમુખ, પ્રફુલના માતુશ્રી. અલ્પા, જ્યોતિ, હર્ષિતાના સાસુ. સ્વ.અરવિંદભાઈ, કિશોરભાઈ, સુરેશભાઈના ભાભી. પિયરપક્ષે નાગનેશ નિવાસી હાલ બોરીવલી, સ્વ.ફુલચંદ માનસંગ શેઠના દીકરી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા.જૈન**

વડીયા નિવાસી હાલ મુંબઈ. સ્વ. ઇચ્છાબેન વલ્લભદાસ પારેખના સુપુત્ર ભરતભાઈ પારેખ (ઉં.વ.૭૮) તા. ૨૧/૧૦/૨૫ના મંગળવાર અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. શારદાબેનના પતિ. ભારતીબેન કીર્તિભાઇ દોમડીયા, સ્વ.મીનાબેન રોહિતભાઈ શાહ તથા ઇલાબેન રોહિતભાઈ દોશીના ભાઈ. સ્વ. પ્રેમચંદ ન્યાલચંદ શેઠના જમાઈ. સ્વ. અરવિંદભાઈ, ભીખાભાઇ તથા સ્વ. બિપીનભાઈના બનેવી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

સેજલીયા નિવાસી હાલ બેંગલોર, સ્વ. રંભાબેન ચુનીલાલ શાહના સુપુત્ર સુરેશભાઈ શાહના ધર્મપત્ની ચંદ્રાબેન (ઉં.વ.૭૮) તે સ્વ.પ્રતાપભાઈના નાના ભાઈના વહુ. સ્વ. જશીબેન બાલચંદ શાહ, સ્વ નિર્મળાબેન ચીમનલાલ શાહ, સ્વ શર્મિષ્ઠાબેન મૂળચંદ પટણી, શોભાબેન રમેશભાઈ ધ્રુવ, નીલમબેન ભરતભાઈ શાહના ભાભી. કોમલ, મયુર, મેહુલના માતુશ્રી. ચિરાગ વોરા, મેઘા, ડિમ્પલના સાસુ. પિયરપક્ષે શિવેન્દ્રનગર નિવાસી હાલ મુલુંડ અમેરિકા સ્વ. શામજીભાઈ જેઠાલાલ લખાણીના દીકરી. ૨૩/૧૦/૨૫ના બેંગ્લોર મુકામે અરિહંતશરણ થયેલ છે. ૪૦૪ રીનેઇસન્સ ક્રેગ, ૧૫૦ ફર્સ્ટ મેનરોડ , ચૈતન્ય સ્કૂલ ની સામે, શેષાદ્રી પુરમ બેંગ્લોર- ૨૦. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ભોકરવા (સાવરકુંડલા) નિવાસી હાલ બદલાપુર સ્વ. ગુણવંતીબેન ગોકળદાસ લાખાણીના પુત્ર અશોકભાઇ (ઉં. વ. ૬૩) ગુરુવાર તા. ૨૩-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે અલકાબેનના પતિ. ધવલ, જીગર, સાહિલના પિતાશ્રી. ભારતીબેન નવીનકુમાર મહેતા, ભાવિકાબેન ધર્મેન્દ્રકુમાર ડગલી, દીપકભાઇ, રાજુભાઇના ભાઇ. પુનમબેનના સસરા. સસુર પક્ષે ભુતડી નિવાસી હાલ વસઇ રોડ, મગનલાલ જગજીવન દામાણીના જમાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. ધવલ લાખાણી, ૭૦૩, આનંદ એવન્યુ, ૭મા માળે, માંજલી રોડ, બદલાપુર (વેસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ચલાળા નિવાસી હાલ કાંદિવલી સ્વ. હિંમતલાલ કાનજીભાઇ દોશીના ધર્મપત્ની ઉષાબેન (ઉં. વ. ૮૫) હાલ મુલુંડ તા. ૨૩-૧૦-૨૫ ગુરુવારના અવસાન પામેલ છે. તે સંજયભાઇ તથા યોગેશભાઇના માતુશ્રી. મીનાબેનના સાસુ. વૃષ્ટિનાં દાદી તથા ધીરજભાઇ અને રસિકભાઇના ભાભી. પિયર પક્ષે સાવરકુંડલા નિવાસી સ્વ. હરજીવનદાસ ગિરધરલાલ સંઘવી ... નિવાસી ... ની દીકરી. લૌકિક વ્યવહાર રાખેલ નથી. ઠે. ૫૦૧, યાસ્મીન રેસીડેન્સી, સેવારામ લાલવાણી રોડ, વિઠ્ઠલ નગર, રામનગર દેરાસર સામે, મુલુંડ (વેસ્ટ).

# હિન્દુ મરણ

**કપોળ**

ફોર્ટ સોનગઢવાળા હાલ મલાડ સ્વ. મંગળદાસ દ્વારકાદાસ મહેતાના ધર્મપત્ની મંજુલાબેન (ઉં. વ. ૯૦) બુધવાર, તા. ૨૨-૧૦-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે તરલાબેન, મનુબેન, સ્વ. ભરત, રીટાબેન, પૂજાબેન, દીપા (દીપુ)બેન, ભાવિતાના માતુશ્રી. અનીતા, સ્વ. જીતેન્દ્ર મહેતા, રમેશ વોરા, પ્રકાશ મહેતા, દીનેશ (દિનકર) ગાંધી, નીલેશ વોરાના સાસુ. સ્વ. ધનસુખલાલ, સ્વ. નટવરલાલ, સ્વ. ભૂપતરાય, હસમુખરાય અને સ્વ. અનસુયાના ભાભી. સ્વ. હિરાલક્ષ્મી અને સ્વ. વ્રજલાલ ભગવાનજી ભુવાના દીકરી. સ્વ. અમૃતલાલ રામજીભાઇ મહેતાની ભાણેજ. સર્વ લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**નાઘેર દશા મોઢ માંડલિયા વણિક**

હાલ ગોરેગાંવ નિવાસી સ્વ. કાંતિલાલ ગભરુભાઇ ગાંધીના ધર્મપત્ની ગં. સ્વ. અરુણાબેન (ઉં. વ. ૯૨) તે કમલેશ, સ્વ. યોગેશ તથા બીનાના માતુશ્રી. અ. સૌ. ગીતા, ગં. સ્વ. દિપ્તી તથા રોહિત મુછાળાના સાસુ. સ્વ. કસુમ્બાબેન તથા સ્વ. વાલજી પદમશી કલ્યાણીના સુપુત્રી. અરવિંદ કલ્યાણી તથા શરદ કલ્યાણીના બેન. વિનીતના દાદી તા. ૨૩-૧૦-૨૫ના ગુરુવારના દિને શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

ભેરાઇવાળા હાલ કાંદિવલી સ્વ. માધવદાસ રતીલાલ ગાંધીના ધર્મપત્ની ગં. સ્વ. જયોતિબેન (ઉં. વ. ૯૦) ગુરુવાર, તા. ૨૩-૧૦-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે દક્ષા - સ્વ. અશ્વિન, અલકા-કમલેશ, કિરણ-સ્વ. દિપક તથા સંજય-દિપીકાના માતુશ્રી. તે મેઘના ધ્રુપલ ગોથી તથા વિરાજના દાદી. તે પિયરપક્ષે સ્વ. રંભાબેન ગોરધનદાસના પુત્રી. તે સ્વ. જગમોહનદાસ, સ્વ. વિઠ્ઠલદાસ, સ્વ. વનરાવનદાસ, સ્વ. લલિતાબેન તથા ઇન્દુમતિ બહેનના ભાભી. પ્રાર્થનાસભા ઠે. લોહાણા બાલાશ્રમ, મથુરાદાસ એક્ષટેન્શન રોડ, મંગુભાઇ દતાણી માર્ગ, અતુલ ટાવરની બાજુમાં, કાંદિવલી વેસ્ટ, તા. ૨૫-૧૦-૨૫ના સાંજે ૫થી ૭.

**કચ્છી મોઢ વણિક**

ભુજવાસી હાલ સુરત, સ્વ. સૂર્યકાન્ત પ્રબોધન મહેતાના ધર્મપત્ની નિર્યતિકાબેન (ઉં. વ. ૮૭) તા. ૨૩-૧૦-૨૫ના ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. દર્પણ અને રૂપલના માતુશ્રી. દક્ષા અને નયનના સાસુ. મૃદુલા કિશોર મહેતા, સરલા રમેશ પટેલ, અશ્વિન પ્રબોધન મહેતાના ભાભી. ગુલાબરાય ગોવિંદજી દામાણીના સુપુત્રી. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**કચ્છી લોહાણા**

સ્વ. આસરબેન હિરજી વેલજી રાચ્છ (ખારાવાલા) ગામ ખારોઇ (કચ્છ) હાલ મુલુંડ સુપુત્ર રમેશભાઇ (ઉં. વ. ૮૨) તા. ૧૬-૧૦-૨૫ના રામશરણ પામેલ છે. સ્વ. મુલબાઇ પ્રાગજી કોઠારીના જમાઇ. રશ્મિબેન (દમંયતિબેન) ના પતિ. કલ્પેશ અને લીના પંકજ, વનવારીના પિતા. શીલા અને પંકજ વનવારીના સસરા. સ્વ. રતનશી, સ્વ. ચત્રભુજ, વિજયા વિજય ઠક્કરના નાનાભાઇ. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

સિહોરવાળા હાલ પાર્લા (ઇસ્ટ), સ્વ. રૂક્ષમણીબેન તથા સ્વ. તુલસીદાસ હરિલાલ મહેતાના પુત્ર નરેન્દ્રભાઇ (ઉં. વ. ૭૯) તે ભદ્રાબેનના પતિ. કેતનભાઇ, રૂપલબેન તથા સોનલબેનના પિતાશ્રી. કાજલબેન વિપુલકુમાર તથા રવિન્દ્રકુમારના સસરા. સ્વ. રમાબેન, ગં. સ્વ. પ્રવિણાબેન, મૃદુલાબેન, દિલીપભાઇના ભાઇ. સ્વ. ઇશ્વરભાઇ મગનલાલ ગાંધીના જમાઇ ગુરવાર, તા, ૨૩-૧૦-૨૫ શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છ વાગડ લોહાણા**

સ્વ. લક્ષ્મીબેન નાથાણી (ઉં.વ. ૮૫) ગામ જૂના કટારીયા હાલ ભાંડુપ તા. ૨૧-૧૦-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે દામજી જીવરાજ સોનેતાના સુપુત્રી. અને સ્વ. ભગવાનજી રામજી નાથાણીના પત્ની. સ્વ. ચંદ્રકાન્ત. સાધનાબેન, સ્વ. દક્ષા, રજની, હર્ષદના માતા. ગં. સ્વ. હર્ષા ઠક્કર, ખીમજીભાઇ દક્ષિણી, સ્વ. પુષ્પકાંત દાવડા, તારાચંદ દિવાસી, આરતી ઠક્કરના સાસુ. તે સ્વ. ભવાનીબેન, સ્વ. અરજણભાઇ, સ્વ. નરસીદાસભાઇ, સ્વ. તુલસીદાસભાઇ, પુષ્પાબેનના ભાભી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૫-૧૦-૨૫ના સાંજે ૪થી ૬. ઠે. ગીતા હોલ, સ્ટેશનની બાજુમાં, ભાંડુપ-પશ્ચિમ.

**વિસનગરા નાગર**

મૂળ વેડાના નિવાસી હાલ કાંદિવલી, હેમાબેન જીતેન્દ્રકુમાર જહા (ઉં.વ.૭૩)૧૭/૧૦/૨૫ના હાટકેશશરણ પામ્યા છે. તે સ્વ. તારાબેન અને સ્વ. અંબાલાલ મણિલાલ જહાના પુત્રવધૂ. પિયરપક્ષે સ્વ. મણિલાલ ખુશાલદાસ જોશી તથા સ્વ.કમળાબેન જોશીની સુપુત્રી. જીતેન્દ્રકુમાર જહાના ધર્મપત્ની. પ્રતીક, વિપ્રેશ, પ્રણવના માતુશ્રી. તેમની સર્વપક્ષની પ્રાર્થનાસભા ૨૫/૧૦/૨૫ના શનિવાર ૪ થી ૬. સ્થળ: પાવનધામ, પહેલા માળે, એમ.સી.એ. કલબની પાસે, મહાવીરનગર, કાંદિવલી વેસ્ટ.

**અનાવિલ બ્રાહ્મણ**

વિજલપોર નવસારી નિવાસી હાલ બોરીવલી, મનિષ મનુભાઈ નાયક (ઉં.વ.૪૮) તા. ૧૯-૧૦-૨૫ રવિવારના સ્વર્ગવાસ થયેલ છે. તે સ્વ. નયનાબેન અને મનુભાઈ નરેન્દ્રભાઈ નાયકના સુપુત્ર. મનિષા ડેની શાહના ભાઈ. રવિન્દ્રભાઈ, સ્વ. રશ્મિબેન રમેશભાઈ નાયક, સ્વ. જગદીશભાઈના ભત્રીજા. નરેન્દ્રભાઈ, સ્વ. જીતેન્દ્રભાઈ, શૈલેષભાઇ, વિકેશભાઈ નાનુભાઈ દેસાઈના ભાણેજ. તેમનું સંયુક્ત બેસણું શનિવાર તા. ૨૫/૧૦/૨૫ના ૩.૦૦ થી ૫.૦૦. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એલ. ટી. રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી વેસ્ટ. લૌકિક પ્રથાઓ બંધ રાખેલ છે.

**કપોળ**

દેલવાડા નિવાસી હાલ મલાડ, સ્વ. નલીનભાઇ મોહનલાલ વોરાના ધર્મપત્ની ગં. સ્વ આશાબેન વોરા (ઉં.વ.૭૩) ૨૨/૧૦/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે હિમાંશુ તથા મેહુલના માતુશ્રી. પૂજા તથા આરતીના સાસુ. સ્વ. રોહિત, સ્વ. જીતેન્દ્ર, સ્વ. હસુબેન પરમાનંદદાસ ભુતા તથા વર્ષા ચંદ્રકાન્ત કાણકિયાના ભાભી. પિયરપક્ષે મુંબઈવાળા સ્વ. ગંગાબેન ગોવર્ધનદાસ શર્માના દીકરી. તેમની પ્રાર્થનાસભા તથા સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

દયાળ નિવાસી હાલ મઝગાંવ, સ્વ. કાંતિલાલ ઓધવજી મહેતાના પત્ની પરસનબેન (ઉ.વ ૯૫) ૨૨/૧૦/૨૦૨૫ ના દેવલોક પામ્યા છે. તે સ્વ. અમૃતલાલભાઈ, સ્વ. રમણીકભાઇ, સ્વ. ધીરજભાઈ ના ભાભી. નવનીતભાઈ, ઉષાબેન ભટ્ટ, નીલાબેન જોષી, હેમાબેન વ્યાસ, સ્વ. વિજયભાઈના માતૃશ્રી. સ્વ. દિનેશભાઇ, સ્વ. જયેશભાઇ, સ્વ. લલીતભાઇ, શૈલાબેન, યોગીતાબેનના સાસુ. સ્વ. પ્રતાપભાઈ, રવિભાઈ, કુંદનબેન સ્વ. વામનભાઈના બેન. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૫/૧૦/૨૫, ૪ થી ૬. શનિવારે શ્રી લુહાણા નિવાસ (ગીતા હોલ), ૬૭-એ , શીવકર ચાંપસી માર્ગ, નં... સ્ટોરની પાછળ, મઝગાંવ.

**ગુર્જર સુતાર**

મૂળ ગામ સરા હાલ ગોરેગાવ, સ્વ. કિશોરભાઈ ઓધવજીભાઈ વડગામાના ધર્મપત્ની શારદાબેન કિશોરભાઈ વડગામા (ઉ.વ.૭૮) તા. ૨૧/૧૦/૨૫ મંગળવારના શ્રીચરણ પામ્યા છે. તે પંકજ, સુમિતા, સ્વ. રીટાના માતુશ્રી. ભાવનાબેન, અમૃતલાલ પંચાસરા, દિલીપભાઈ વિસરોલીયા, શીતલબેનના સાસુમા. સ્વ. પ્રભાબેન નારાયણભાઈ ગોરધનભાઈ જોલાપરા શ્રીરામપુરના દીકરી. તેમની પ્રાર્થનાસભા તા. ૨૫/૧૦/૨૫ના શનિવારે ૫ થી ૬. સ્થળ - શ્રી ગુર્જર સુથાર વિશ્વકર્મા બાગ, બજાજ રોડ, વિલેપાર્લે વેસ્ટ.

**ઘોઘારી મોઢ વણિક**

બોટાદ નિવાસી હાલ કાંદિવલી, અ. નિ. અરવિંદભાઈ શાંતિલાલ વડેદરાવાલાના ધર્મપત્ની સ્વ. રંજનબેન (ઉ.વ.૮૩) ૨૦/૧૦/૨૫ સોમવારના અક્ષરધામ પામેલ છે. તે ક્રાંતિભાઈ વડેદરાવાલા, પ્રેરણા વદન શાહ અને પુષ્પકીર્તિ સ્વામી (જયેશભાઈ) ના માતુશ્રી. અક્ષર, ધરલ, સુષ્ટિ અને સ્મરિતના નાનીમા. સ્વ. જસવંતભાઈ હરિલાલ મહેતાના બેન. સ્વ. જગદીશભાઈ, સ્વ. અજીતભાઈ, સ્વ. મહેન્દ્રભાઈ, દિલીપભાઈ અને રમેશભાઈના ભાભી. લૌકિક વ્યવહાર બંધ છે.

**સુરતી લાડ વણિક સમાજ**

ગામ સુરત, ગં.સ્વ. જયશ્રીબેન સુધીરભાઈ ખાંડવાલા (ઉ.વ.૬૮) તે શુક્રવાર તા. ૧૭-૧૦-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. સ્વ. સુધીરભાઈ મદનલાલ ખાંડવાલાની ધર્મપત્ની. જંખનાબેનની માતૃશ્રી. મીશ્રીની નાનીમા. સ્વ. સુરેશભાઈ, સ્વ. કિરીટભાઈ, સ્વ. પ્રફુલભાઈ, અનિલભાઈ, સ્વ. નરેન્દ્રભાઈ તથા સ્વ. નલીનભાઈની ભાભી. નિર્મળાબેન કનૈયાલાલ શાહની પુત્રી. લૌકિક વ્યવહાર બંધ છે.

**સિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

હાલ દહિસર પૂર્વ, અ. સો. નિર્મળાબેન નરહરિ વ્યાસના પુત્ર ચેતન નરહરિ વ્યાસ (ઉં.વ.૭૨) તે પ્રતિમાબેન વ્યાસના પતિ. અમિત, દીપ્તિના પિતા. અનિલભાઈ, નીતિનભાઈ અને રાકેશભાઈના ભાઈ. તન્વી અમિત વ્યાસના સસરા, બાલકૃષ્ણ પંડ્યા, પનવેલના જમાઈ. ૨૨/૧૦/૨૫ના કૈલાસવાશી થયેલ છે. તેમની પ્રાર્થનાસભા ૨૫/૧૦/૨૫ના ૫ થી ૭. શ્રી લુહાર સુથાર વાડી, કાર્ટર રોડ નં ૩, અંબાજી મંદિરની બાજુમાં, બોરીવલી ઇસ્ટ.

**વડનગરા નાગર**

વિનીત બક્ષી ( ઉં.વ.૬૯) તે સ્વ. પ્રવિણરાય અને ગં. સ્વ હર્ષદા બક્ષીના સુપુત્ર, જયશ્રીના પતિ. તા. ૧૯-૧૦-૨૫ના દેવગતિ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા તા. ૨૫-૧૦-૨૫ના ૫ થી ૬. મલાડ મેડિકલ એસોસિએશન હોલ, સમૃદ્ધિ કોમ્પલેક્ષ, કાર્ટર્સ બ્લૂ રેસ્ટોરન્ટ ઉપર, માઈન્ડ સ્પેસ, ચિંચોલી બંદર રોડ, મલાડ વેસ્ટ.

**કચ્છી દશા ઓસવાલ**

કચ્છ ગામ બારોઈ હાલ ડોંબિવલી (ઈસ્ટ) વિનોદ પ્રેમજી ગોસર (ઉં.વ.૬૩) તા. ૧૯.૧૦.૨૫ના અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ.દીમુબાઈ પ્રેમજી શિવજી ગોસરના પુત્ર. ગીતા વિનોદ ગોસરના પતિ. સૌ દીપીકા ચિરાગ દેઢિયા તથા અભિષેક વિનોદ ગોસરના પિતા. સ્વ.લતાબેન ખુશાલચંદ ધરમશી, સોમચંદભાઈ, સ્વ.બકુલ, સ્વ. કિશોરના ભાઈ, સ્વ. જયાબાઈ દામજી ધરમશી ગામ જખૌ (અમલનેર) ના જમાઈ. તેમની પ્રાર્થનાસભા તા.૨૬.૧૦.૨૫ને રવિવારના ૧૦.૩૦ થી ૧૨. શુભ મંગળ કાર્યાલય, એવરેસ્ટ શોપિગ સેન્ટર, લોકમાન્ય ચૌક, ડોમ્બિવલી પૂ.

**કચ્છી રાજગોર**

ગામ ભુજ હાલે મુલુંડ, તરુલતાબેન હરિરામ ગોર (ઉં.વ.૮૭) તા. ૨૩.૧૦.૨૫ને ગુરૂવારના રામશરણ પામેલ છે. તે સ્વ. હરિરામ ચત્રભુજ ગોરના પત્ની. સ્વ.લક્ષ્મીબેન ભાઈલાલ ગોરના પુત્રી. રજનીબેન, ભાવનાબેન તથા શરદભાઈના માતુશ્રી. શ્રદ્ધાબેનના સાસુ. ઉત્કર્ષ તથા દેવાંશીના દાદીમા. અજીતભાઈ નાકર તથા હિમાંશુ નાકરના સાસુ. તેમની પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

રાજુલાવાળા, સ્વ.કિરીટભાઈ (ઉં.વ.૭૨) હાલ વિલેપાર્લા, તે સ્વ.નિર્મળાબેન તથા સ્વ. હરિલાલ નંદલાલ પારેખના પુત્ર ૨૨-૧૦-૨૫ને બુધવારે શ્રીજીચરણ પામ્યા છે, ગં. સ્વ. કલ્પનાબેનના પતિ. સૌ. ચેતના દિપકકુમાર મહેતા, સૌ.લીના નિકુલકુમાર ગોરડિયા તથા સૌ. દુલારી હાર્દિકકુમાર પારેખના પિતાશ્રી. મહેશભાઈ, ગં. સ્વ. ભારતીબેન ભુપેન્દ્રકુમાર મહેતા, સ્વ. હર્ષાબેન જગદીશકુમાર મહેતા,ગં. સ્વ. હિનાબેન અતુલકુમાર સંઘવીના ભાઈ. કોટડીવાળા સ્વ.ભુપતરાય લક્ષ્મીદાસ મહેતાના જમાઈ. સૌ. ઉર્મિલાબેનના જેઠ. પ્રાર્થના સભા રાખેલ નથી. લૌકિક પ્રથા બંધ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ**

ડુંગરનિવાસી હાલ વસઈના ધર્મિષ્ઠાબેન (ઉં.વ. ૪૭) શુક્રવાર તા. ૧૭-૧૦-૨૦૨૫ના વૈકુંઠધામ પામ્યા છે. તે રાકેશ સુભાષભાઈ શેઠનાં પત્ની. વિદીતનાં માતા. મનીષાબેન સુભાષભાઈ શેઠનાં પુત્રવધૂ. નીશા દેવાંગ મહેતાના બેન. મીનાક્ષીબેન, સ્વ. કિરીટભાઈ મહેતા (મણારવાળા)નાં દીકરી. તેમની પ્રાર્થનાસભા ૨૫-૧૦-૨૫ શનિવારનાં રોજ સાંજે ૪ થી ૬. ઠે. જૂનું સ્વામિનારાયણ મંદિર, ૬૦ ફૂટ રોડ, અંબાડી રોડ, વસઈ વેસ્ટ.

**સિમ્બર સમવાય ઔદિચ્ય બ્રાહ્મણ**

મહુવાવાળા હાલ મુંબઇ (જુહુ) ગં. સ્વ. જયશ્રીબેન મહેતા (ઉં. વ. ૮૫) તે અનંતરાય ભાનુશંકર મહેતાના ધર્મપત્ની. કલ્પના ત્રિલોક પુરોહિત, અજય, કિરીટ, હેમાંશુના માતુશ્રી. મહાશંકરભાઇ (માભાઇ) કાશીબેન જોષીના સુપુત્રી તા. ૨૩-૧૦-૨૫ના કૈલાસવાસી થયા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

જાફરાબાદવાળા હાલ બોરીવલી ચંપકલાલ રતિલાલ મહેતાના પત્ની અ. સૌ. હંસાબેન (ઉં. વ.૮૮) તે ડો. કમલેશ-ડો. સોનલ, અલકા-સ્વ. હેમંતભાઇ ગાંધી, ભાવના-દીપકભાઇ વોરા, હીરેન -અસ્મિનાં માતા. સ્વ. મણિલાલ લક્ષ્મીદાસ મુનિનાં પુત્રી. સ્વ. ડો. અરવિંદ-સરોજ તથા સ્વ. ભરત-શીલા, મુનિનાં બહેન. સ્વ. નિર્મળાબેન વૃજલાલ વળિયા, સ્વ. મંજુલાબેન ભોગીલાલ પારેખ, વિલાસબહેન પ્રવીણભાઇ વોરા, હંસાબેન જયંત વોરા તથા રમેશ-રેખાનાં ભાભી. કેયુર-ખુશ્બુ, નિશિત ગાંધી, રાધિકા દ્વીપ મહેતા, દેવ-માનોષી વોરા, નિયતિ સિદ્ધાંત મહેતા, અદિતિ કાર્તિક પૂરી, શિવાની તથા શિખાનાં નાની-દાદી. ગુરુવાર, તા. ૨૩-૧૦-૨૫ ઓક્ટોબરના રોજ શ્રીજીચરણ પામ્યાં છે. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૬-૧૦-૨૫ ઓક્ટોબરના ૫થી ૭. ઠે. બાલાશ્રમ અતુલ ટાવર નજીક, મથુરાદાસ રોડ, કાંદિવલી (વેસ્ટ).

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

ભુંભલી નિવાસી હાલ કાંદિવલી હસમુખભાઇ મથુરદાસ મોદી (ઉં. વ. ૮૫) તે સુધાબેનના પતિ. સૌ. કૃપા સચીનકુમાર ગાંધીના પિતા. તે સ્વ.તારાબેન મથુરદાસ દુર્લભદાસ મોદીના સુપુત્ર. તે સ્વ. પ્રતાપરાય ચંદુભાઇ મહેતાના જમાઇ. સ્વ. બાબુભાઇ, સ્વ. ઠાકોરભાઇ, સ્વ. નાનાભાઇ, સ્વ. ધનસુખભાઇ, સ્વ. નગીનભાઇ, સ્વ. ઉર્મિલાબેન વિનોદરાય ભાયાણી, સ્વ. રમેશભાઇના ભાઇ તા. ૨૪-૧૦-૨૫ના શુક્રવારે શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે. સાદડી રાખેલ નથી.

## અમિતાભ બચ્ચન

તેમણે આપણને શીખવ્યું છે. તેમના શબ્દોએ બ્રાન્ડ્સને સ્વીકાર્ય અને વિચારોને અમર બનાવ્યા.’ અભિનેતા વિવેક ઓબેરોયે ટ્વિટ કર્યું હતું કે, ‘દાગ અચ્છે હૈ’ થી લઈને ‘હર ઘર કુછ કહેતા હૈ’ જેવા અનેક સ્લોગન માત્ર સૂત્રો ન હતા, એક દૃષ્ટિકોણ હતા, નિખાલસતાથી જીવવાની રીત હતી. ટીવીને મનોરંજક અને સમૃદ્ધ બનાવવા બદલ તમારો આભાર. ૨૦૧૬ માં પદ્મશ્રી અને ૨૦૨૪ માં લંડન ઇન્ટરનેશનલ એવોર્ડ્સમાં લેજન્ડ એવોર્ડથી સન્માનિત પાંડેએ ૨૦૦૪માં કાન લાયન્સ જ્યુરીની અધ્યક્ષતા કરનાર પ્રથમ એશિયન તરીકે માન મેળવી ઇતિહાસ રચ્યો હતો. તેમણે ફિલ્મ નિર્માતા શૂજિત સરકારની ૨૦૧૩ની ફિલ્મ ‘મદ્રાસ કેફે’ થી અભિનયની શરૂઆત કરી હતી. આ ફિલ્મમાં પાંડેએ ભારતના કેબિનેટ સેક્રેટરીનો નાનો રોલ કર્યો હતો. (પીટીઆઈ) ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|





# એન્જિયોપ્લાસ્ટી હાર્ટ એટેકથી(હૃદયરોગના હુમલાથી) કેવી રીતે બચાવે છે

છાતીમાં દુખાવો, શ્વાસ લેવામાં તકલીફ અને અચાનક થાક લાગવો. આ સંકેતોને ઘણીવાર અવગણવામાં આવે છે - પરંતુ તે અવરોધિત હૃદયની ધમનીઓની ચેતવણી હોઈ શકે છે. સદનસીબે, ત્યાં એક સરળ તબીબી પ્રક્રિયા છે જે તમારા જીવનને બચાવી શકે છેઃ એન્જિયોપ્લાસ્ટી. તે ઝડપી, ન્યૂનતમ ઈન્વેસીવ અને હૃદયમાં રક્ત પ્રવાહને પુનઃસ્થાપિત કરવામાં ખૂબ જ અસરકારક છે.

મુંબઈના અગ્રણી ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ્સમાંના એક, **ડો. તનય પાડગાંવકર**, આ જીવન બચાવનાર પ્રક્રિયાના નિષ્ણાત છે. તેમના વ્યાપક અનુભવ અને યુએસએ, દક્ષિણ કોરિયા અને યુરોપની ફેલોશિપ સાથે, તેઓ **બ્રીચ કેન્ડી, સૈફી અને ભાટિયા હોસ્પિટલોમાં** એન્જિયોગ્રાફી અને એન્જિયોપ્લાસ્ટી કરે છે. ડો. પાડગાંવકરે અસંખ્ય દર્દીઓને મોટી સર્જરી ટાળવા અને સ્વસ્થ જીવન પાછું મેળવવામાં મદદ કરી છે.

**''એન્જિઓપ્લાસ્ટી એક અવ્યવસ્થિત જીવન અને સુખી જીવન વચ્ચેનો તફાવત હોઈ શકે છે.''**








## એન્જિયોપ્લાસ્ટી ખરેખર શું છે?

એન્જિયોપ્લાસ્ટી, અથવા **પર્ક્યુટેનીયસ કોરોનરી ઇન્ટરવેન્શન (PCI)**, એક પ્રક્રિયા છે જેનો ઉપયોગ **અવરોધિત અથવા સાંકડી કોરોનરી ધમનીઓ ખોલવા માટે થાય છે** - રક્ત વાહિનીઓ જે હૃદયને ઓક્સિજનથી ભરપૂર રક્ત પૂરું પાડે છે. આ અવરોધો ચરબી અને કોલેસ્ટ્રોલ જમા થવાને કારણે થાય છે જેને પ્લેક કહેવાય છે.

પ્રક્રિયા દરમિયાન, કેથેટર નામની પાતળી, લવચીક નળી દાખલ કરવામાં આવે છે - સામાન્ય રીતે કાંડા અથવા ગ્રોઈન જંઘામૂળ દ્વારા - અને જીવંત એક્સ-રે ઇમેજિંગનો ઉપયોગ કરીને હૃદય તરફ દોરી જાય છે. એકવાર અવરોધ ક્યાં છે તે ખબર પડે ત્યારે કેથેટરની ટોચ પર એક નાનો બલૂન ફૂલી જાય છે. આ અવરોધ તોડે છે અને રક્ત વાહિનીને પહોળી કરે છે. મોટાભાગના કિસ્સાઓમાં, ધમનીને કાયમ માટે ખુલ્લી રાખવા માટે **દવાયુક્ત સ્ટેન્ટ** (એક નાની વાયર મેશ ટ્યુબ) મૂકવામાં આવે છે. સમગ્ર પ્રક્રિયામાં સામાન્ય રીતે એક કલાક કરતા ઓછો સમય લાગે છે અને તે સ્થાનિક એનેસ્થેસિયા હેઠળ કરવામાં આવે છે. મોટાભાગના દર્દીઓ કલાકોમાં ચાલતા થઈ જાય છે અને બીજા જ દિવસે ઘરે જઈ શકે છે.



## સરળ. સલામત. જીવન બચાવનાર.

''હૃદય પ્રક્રિયા'' ગમે તેટલી ગંભીર લાગે, આજે એન્જિયોપ્લાસ્ટી **ખૂબ સલામત** છે - ખાસ કરીને જ્યારે અનુભવી હાથ દ્વારા કરવામાં આવે છે.

ડો. તનય પાડગાંવકરે હજારો કેસ સફળતાપૂર્વક સંભાળ્યા છે, જેમાં **જટિલ બ્લોકેજ**, ડાયાબિટીસના દર્દીઓ અને હૃદયની નબળી કામગીરી ધરાવતા દર્દીઓનો પણ સમાવેશ થાય છે. તેમને ફક્ત તેમની કુશળતા જ નહીં, પરંતુ લેસર એન્જિયોપ્લાસ્ટી જેવા **અદ્યતન સાધનો અને ટેક્નોલોજી** પણ અલગ પાડે છે જેનો ઉપયોગ તેઓ **ચોક્કસ, સ્થાયી પરિણામો** સુનિશ્ચિત કરવા માટે કરે છે.

**''તે ફક્ત ધમની ખોલવા વિશે નથી - તે ખાતરી કરવા વિશે છે કે તે લાંબા ગાળા માટે સુરક્ષિત રીતે ખુલ્લી રહે છે.''**

## શ્રેષ્ઠ પરિણામ માટે અદ્યતન ટેકનોલોજી

હાર્ટ સ્ટેન્ટ એક-કદ-બંધબેસતા-બધા અભિગમ નથી. આધુનિક તકનીકો, યોગ્ય હાથમાં, સંભવિત ઉચ્ચ-જોખમવાળી સ્થિતિને વ્યવસ્થિત સ્થિતિમાં ફેરવી શકે છે. ડો. પાડગાંવકર IVUS (ઇન્ટ્રાવાસ્ક્યુલર અલ્ટ્રાસાઉન્ડ) અને OCT (ઓપ્ટિકલ કોહેરેન્સ ટોમોગ્રાફી) જેવા **હાઈ-રિઝોલ્યુશન ઇમેજિંગ ટૂલ્સનો** ઉપયોગ કરે છે, જે તેમને ધમનીઓની અંદર માઇક્રોસ્કોપિક વિગતવાર જોવાની મંજૂરી આપે છે. આ સ્ટેન્ટ મૂકતી વખતે પીનપોઈન્ટ ચોકસાઈ સુનિશ્ચિત કરે છે અને ગૂંચવણો ઘટાડવામાં મદદ કરે છે.

તેઓ સખત, કેલ્સિફાઇડ બ્લોકેજીસના કિસ્સામાં **લેસર એન્જિયોપ્લાસ્ટી અથવા રોટેબ્લેશન** પણ કરે છે - જે મુંબઈના મોટાભાગનાં કેન્દ્રો હજુ પણ ઉલ્લેખ કરે છે. ડ્રગ-એલ્યુટિંગ સ્ટેન્ટની તેમની પસંદગી, રેસ્ટેનોસિસ (ફરીથી અવરોધ) ના જોખમને ઘટાડવા માટે દરેક દર્દી માટે કાળજીપૂર્વક પસંદ કરવામાં આવે છે. આ સાધનો ફક્ત અદ્યતન નથી - તે દર્દીઓને શ્રેષ્ઠ લાંબા ગાળાનાં પરિણામો આપવા માટે જરૂરી છે.

**''યોગ્ય સાધનો અને અનુભવ સાથે, એન્જિયોપ્લાસ્ટી એક ચોક્કસ કલા બની જાય છે- માત્ર એક પ્રક્રિયા નહીં.''**

## દક્ષિણ મુંબઈમાં ટેકનોલોજી-સમર્થિત સંભાળ

દક્ષિણ મુંબઈના **ઓપેરા હાઉસ ખાતેના તેમના ક્લિનિકમાં**, ડો. પાડગાંવકરે એક વ્યાપક સેટઅપ બનાવ્યું છે જ્યાં કોઈપણ એન્જિયોપ્લાસ્ટી પહેલાં દર્દીઓનું સંપૂર્ણ મૂલ્યાંકન કરી શકાય છે, ખાતરી કરે છે કે કોઈ પણ બિનજરૂરી એન્જિયોપ્લાસ્ટી ના થાય. જરૂરી લાગે તો જ એન્જિયોપ્લાસ્ટી કરે છે. ક્લિનિકમાં **12-ચેનલ ECG, 2D ઇકોકાર્ડિયોગ્રાફી અને ટ્રેડમિલ સ્ટ્રેસ ટેસ્ટ** (TMT) સુવિધા છે - હૃદયના સ્વાસ્થ્યનું ઝડપથી અને સચોટ મૂલ્યાંકન કરવા માટે જરૂરી બધું.

ભલે કોઈને નિયમિત તપાસની જરૂર હોય અથવા કોરોનરી ધમની રોગ માટે તપાસ કરવામાં આવી રહી હોય, ક્લિનિક **વહેલા નિદાન અને સમયસર કાર્યવાહી** માટે સજ્જ છે. અને જ્યારે ઈન્ટરવેન્શનની જરૂર હોય, ત્યારે ડો. પાડગાંવકર મુંબઈની કેટલીક સૌથી વિશ્વસનીય હોસ્પિટલોમાં એન્જિયોપ્લાસ્ટી પોતે કરે છે.

## બાયપાસ સર્જરી અટકાવવી એક સમયે એક દર્દી

આજે એન્જિયોપ્લાસ્ટીનો એક સૌથી મોટો ફાયદો એ છે કે તે **ઓપન હાર્ટ બાયપાસ સર્જરીની જરૂરિયાતને ટાળવાની** ક્ષમતા ધરાવે છે. જ્યારે બાયપાસ ચોક્કસ જટિલ કેસો માટે જરૂરી રહે છે, ઘણા દર્દીઓ જેમને એક સમયે કહેવામાં આવતું હતું કે તેમને તેની જરૂર પડશે તેઓની હવે એન્જિયોપ્લાસ્ટી દ્વારા સારવાર કરી શકાય છે - જો તેઓ સમયસર સંભાળ લે.

**''અમે હવે એન્જિયોપ્લાસ્ટી દ્વારા એકથી વધુ બ્લોકેજીસ અને ઉચ્ચ જોખમવાળા બ્લોકેજીસની સુરક્ષિત રીતે સારવાર કરી શકીએ છીએ,''** ડો. પાડગાંવકર કહે છે. ''તે દર્દીઓને ઓપન-હાર્ટ સર્જરી સાથે સંકળાયેલા તણાવ, જોખમો અને લાંબા ગાળાની રીકવરીને ટાળવા માટે મંજૂરી આપે છે.''

એન્જિયોપ્લાસ્ટી દર્દી માટે શારીરિક રીતે નોંધપાત્ર રીતે ઓછો બોજ છે, તેને હોસ્પિટલમાં ખૂબ ટૂંકા રોકાણની જરૂર પડે છે, અને દર્દીઓને કામ અને જીવનમાં વહેલા પાછા ફરવા સક્ષમ બનાવે છે.

## છેલ્લો સંદેશ

હૃદય બ્લોકેજીસ ખતરનાક છે, પરંતુ તે જીવલેણ હોવું જરૂરી નથી. સમયસર નિદાન અને આધુનિક ઈન્ટરવેન્શનલ તકનીકો સાથે, તે **જીવન બચાવનાર** છે. એન્જિયોપ્લાસ્ટી સલામત, ઝડપી અને વર્ષોના સંસ્કારિતા દ્વારા સમર્થિત છે અને તે લડવાની સૌથી અસરકારક રીતોમાંની એક છે.

દક્ષિણ મુંબઈ અને તેનાથી આગળના દર્દીઓ માટે, **ડો. તનય પાડગાંવકર** હૃદય સંભાળના નવા ચહેરાનું પ્રતિનિધિત્વ કરે છેઃ આધુનિક, સાવચેત અને ઊંડાણપૂર્વક કરુણાપૂર્ણ. તેમના વિશાળ અનુભવ, અદ્યતન સાધનો અને દર્દી-પ્રથમ અભિગમ સાથે, તેઓ **સૌથી પડકારજનક કેસોમાં પણ અસાધારણ પરિણામો** આપવાનું ચાલુ રાખે છે. તેથી જો તમને-અથવા તમારા કોઈ પ્રિયજનને-હાર્ટ બ્લોકેજ વિશે કહેવામાં આવ્યું હોય, તો ગભરાશો નહીં. સલામત, સરળ ઉકેલ ફક્ત એક જ હોઈ શકે છે- **ફક્ત એક એન્જિયોપ્લાસ્ટી.**

ડો. તનય પાડગાંવકર બ્રીચ કેન્ડી, સૈફી અને ભાટિયા હોસ્પિટલો અને ગિરગાંવના ઓપેરા હાઉસ ખાતેના તેમના ક્લિનિકમાં સલાહ આપે છે. જટિલ એન્જિયોપ્લાસ્ટીમાં તેમની કુશળતા અને મજબૂત સલામતી રેકોર્ડ તેમને મુંબઈના સૌથી વિશ્વસનીય ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટમાંના એક બનાવે છે.

**Know yr Dr.**

નામઃ ડૉ. તનય પાડગાંવકર
માનદ્ પદવીઃ ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ M.D., D.M., FSCAI (USA), FESC (EUROPE)
એડ્રેસઃ ૧૨૦૭/૧૨૦૭એ, પંચરત્ન, ઓપેરા હાઉસની સામે, ગિરગાંવ, મુંબઈ ૪૦૦ ૦૦૪.
કોન્ટેક્ટ નંબરઃ 98208 22666
વેબસાઈટઃ www.drtanayp.com

# જગતના સૌથી ઝડપી સુપર કમ્પ્યુટરથી ૧૩,૦૦૦ ગણી ઝડપી ગણતરી કરતા ગૂગલ ક્વૉન્ટમનો અવિષ્કાર ક્રાંતિ લાવશે

સૅન ફ્રાન્સિસ્કોઃ ટેકનોલોજી ક્ષેત્રે ક્રાંતિ લાવી શકે એવી ભવ્ય સફળતા ગૂગલે હાંસલ કરી છે. ગૂગલના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર સુંદર પિચાઈએ તાજેતરમાં જાહેરાત કરી કે ગૂગલે ક્વોન્ટમ અલ્ગોરિધમ્સનું સફળ પરીક્ષણ કર્યું છે, ક્વૉન્ટમ કમ્પ્યુટિંગ આ એક મોટું પગલું છે.

સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પરની એક પોસ્ટમાં સુંદર પિચાઈએ લખ્યું, અમારી વિલો ચિપે સૌપ્રથમવાર વૅરિફાયેબલ ક્વૉન્ટમમાં સફળતા મળેવી છે. વિશ્વનું સૌથી ઝડપી સુપર કમ્પ્યુટર્સ પરના શ્રેષ્ઠ ક્લાસિકલ અલ્ગોરિધમ કરતાં ૧૩,૦૦૦ ગણું ઝડપી કેલ્ક્યુલેશન કરવામાં આવ્યું છે.

ગૂગલની આ સફળતાને ક્રાંતિકારી ગણવામાં આવી રહી છે. ટેસ્લાના સીઇઓ ઇલોન મસ્કે સુંદર પિચાઈની પોસ્ટ પર કમેન્ટ કરતા લખ્યું, અભિનંદન. લાગે છે કે ક્વૉન્ટમ કમ્પ્યુટિંગ ઝડપથી હકીકત બની રહ્યું છે. કંપનીએ મેળવેલી મોટી સફળતાની જાહેરાત કરતા, સુંદર પિચાઈએ લખ્યું, ''અમારી વિલો ચિપે પ્રથમ વખત વૅરિફાયેબલ ક્વૉન્ટમ એડવાન્ટેજ લાવ્યું છે. વિલો પર એક અલ્ગોરિધમ ચલાવવામાં આવ્યું, જેને અમે ક્વૉન્ટમ ઇકોઝ નામ આપ્યું છે. વિલોએ વિશ્વના સૌથી ઝડપી સુપર કમ્પ્યુટર પરના શ્રેષ્ઠ ક્લાસિકલ અલ્ગોરિધમ કરતાં ૧૩,૦૦૦ ગણું ઝડપી કામ કરી બતાવ્યું.

સુંદર પિચાઈએ લખ્યું, આ નવું અલ્ગોરિધમ ન્યુક્લીયર મેગ્નેટિક રેઝોનન્સનો ઉપયોગ કરીને પરમાણુઓ વચ્ચેની ક્રિયા-પ્રતિક્રિયાઓને સમજાવી શકે છે, જેનો ઉપયોગ કરીને ભવિષ્યમાં દવાઓના રીસર્ચ અને મટીરીયલ સાયન્સમાં નવી દિશા મળી શકે છે. સુંદર પિચાઈના જણાવ્યા મુજબ આ રિઝલ્ટ વેરીફાયેબલ છે, એટલે કે તેના રિઝલ્ટ અન્ય ક્વોન્ટમ કમ્પ્યુટર્સ દ્વારા રિપીટ કરી શકાય છે અથવા પ્રયોગો દ્વારા પુષ્ટિ કરી શકાય છે. ■

# ભારતીય રિફાઇનરો હવે મધ્ય-પૂર્વમાંથી ઑઇલ ખરીદશે

નવી દિલ્હી : વોશિંગ્ટન દ્વારા બે મુખ્ય રશિયન તેલ ઉત્પાદક પર પ્રતિબંધો લાદવામાં આવ્યા બાદ, ભારતીય રિફાઇનર્સ મધ્ય-પૂર્વ, લેટિન અમેરિકા અને અમેરિકામાંથી ક્રૂડ ઓઇલ ખરીદીમાં વધારો કરે તેવી શક્યતા છે.

અમેરિકાની સરકારે બાવીસ ઓક્ટોબરના રોજ રશિયાના બે સૌથી મોટા ક્રૂડ ઓઇલ ઉત્પાદકો, રોઝનેફ્ટ અને લુકોઇલ પર પ્રતિબંધો લાદ્યા હતા, જેમાં તમામ અમેરિકન સંસ્થાઓ અને વ્યક્તિઓને તેમની સાથે વ્યવસાય કરવાથી રોકી દેવામાં આવ્યા હતા. જો પ્રતિબંધિત કંપનીઓ અથવા તેમની પેટાકંપનીઓ સાથે વ્યવહાર કરતા જોવા મળે તો બિન-અમેરિકી કંપનીઓને પણ દંડનો સામનો કરવો પડી શકે છે.

અમેરિકાના નાણાં ખાતાએ જણાવ્યું હતું કે રોઝનેફ્ટ અને લુકોઇલ સાથે સંકળાયેલા તમામ હાલના વ્યવહારો ૨૧ નવેમ્બર સુધીમાં બંધ કરવા પડશે.

રશિયા હાલમાં ભારતની ક્રૂડ આયાતનો લગભગ ત્રીજા ભાગનો માલ સપ્લાય કરે છે, જે ૨૦૨૫માં સરેરાશ ૧.૭ મિલ્યન બેરલ પ્રતિ દિવસ (એમબીડી) છે, જેમાંથી આશરે ૧.૨ એમબીડી સીધા રોઝનેફ્ટ અને લુકોઇલથી આવ્યા હતા. આમાંથી મોટાભાગના વોલ્યુમ ખાનગી રિફાઇનર્સ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને નયારા એનર્જી દ્વારા ખરીદવામાં આવ્યા હતા, જેમાં રાષ્ટ્રીય માલિકીની રિફાઇનરીઓને ઓછી ફાળવણી કરવામાં આવી હતી. ■

# ટ્રમ્પના કહેવાથી ભારતે રશિયા પાસેથી તેલની ખરીદી ઘટાડીઃ વાઇટ હાઉસ

વોશિંગ્ટનઃ ભારતે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના આગ્રહ પર રશિયા પાસેથી તેલની ખરીદીમાં ઘટાડો કરવાનો શરૂ કરી દીધો હોવાનો વાઇટ હાઉસે દાવો કર્યો છે.

વાઇટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે ગુરૂવારે એક પ્રેસ બ્રીફિંગ દરમિયાન જણાવ્યું કે જો તમે રશિયા પર લાદવામાં આવેલા પ્રતિબંધો જુઓ અને વાંચો તો તે ખૂબ જ કઠિન છે. તેઓ બુધવારે રશિયાની બે સૌથી મોટી તેલ કંપનીઓ રોસનેફ્ટ અને લુકોઇલ પર લાદવામાં આવેલા યુએસ પ્રતિબંધોનો ઉલ્લેખ કરી રહ્યા હતા. જે રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે મોસ્કો માટે મુખ્ય આવક સ્ત્રોતોને બંધ કરવાના પ્રયાસોનો ભાગ છે. તેમણે દાવો કર્યો કે મેં કેટલાક આંતરરાષ્ટ્રીય સમાચારો જોયા, જેમાં જણાવાયું છે કે ચીન રશિયા પાસેથી તેલ ખરીદી ઘટાડી રહ્યું છે. અમે જાણીએ છીએ કે ભારતે પણ રાષ્ટ્રપતિના આગ્રહ પર આવું જ કર્યું છે. લેવિટે કહ્યું કે વોશિંગ્ટને તેના યુરોપિયન સહયોગીઓને પણ રશિયન તેલની આયાત ઘટાડવા વિનંતી કરી છે. ■

મેઘા આર્ટસ કિરણ ભટ્ટ સજિત
કાલે ૭.૩૦ નહેરૂ વર્લી, બુ. ૧૦-૬. Ph. 9930652094.
Online Bkg. book my show
ચિત્રક શાહ - કિરણ માલવણકર પ્રસ્તુત
આપણે કરેલું "કર્મ"... ક્યારેય એડ્રેસ ભૂલતું નથી...
આસિફ પટેલ પ્રકાશ પંચાલ નિર્મિત
સહ-નિર્માતાઃ વિનિત સોલંકી
17, કર્મ ESTATE
પ્રથમ ભટ્ટ પ્રમિત બારોટ લિખીત
વ્યાસ હેમાંગ દિગ્દર્શિત - અભિનીત
★ સૌનિલ દરૂ, સઈદ, નિયતી ભટ્ટ, પ્રિયમ જાની
Unbelievably powerful play
શો સંપર્કઃ 9819131990 - 9322123633 - 9920169691
KAAJAL ADS

શ્રી જલારામ જયંતિ ઉત્સવ સમિતિ મલાડ (પૂર્વ) આયોજિત
ડાયરો અને હાસ્ય દરબાર
સાંઈરામ દવે અને સાથી કલાકારો દ્વારા
શનિ,તા.૨૫-૧૦-૨૫, સાંજે ૬.૩૦
રામલીલા મેદાન, ગોશાળા લેન, મલાડ (પૂર્વ)
જાહેર આમંત્રણ - પ્રવેશ નિ:શુલ્ક

# કાશ્મીરમાં રાજ્યસભાની ત્રણ બેઠક એનસીને, એક ભાજપને મળી

શ્રીનગરઃ જમ્મુ-કાશ્મીરમાં શાસક નેશનલ કૉન્ફરન્સ (એનસી)એ શુક્રવારે રાજ્યસભાની ત્રણ તો ભાજપે એક બેઠક પર વિજય મેળવ્યો હતો.

નેશનલ કૉન્ફરન્સના ઉમેદવાર ચૌધરી મોહમ્મદ રમઝાન, સાજદ કિચલુ અને પક્ષના ખજાનચી જી. એસ. ઓબેરોયનો રાજ્યસભાની અનુક્રમે ત્રણ બેઠક પર વિજય થયો હોવાનું પક્ષ દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

ભાજપના પ્રવક્તાના જણાવ્યાનુસાર પક્ષના ઉમેદવાર સત શર્માને ચોથી બેઠક પર ૩૨ તો નેશનલ કૉન્ફરન્સના ઉમેદવાર ઈમરાન નબી ડારને બાવીસ મત મળ્યા હતા. (એજન્સી) ■

# દક્ષિણ કોરિયામાં ટ્રમ્પ અને જિનપિંગમાં 30મીએ બેઠક

બીજિંગઃ પ્રમુખ શી જિનપિંગ ઍપૅક શિખર પરિષદમાં ભાગ લેવા દક્ષિણ કોરિયા જશે એવા વહેતા થયેલા અહેવાલોને ચીને શુક્રવારે સમર્થન આપ્યું હતું.

શિખર પરિષદ દરમિયાન જિનપિંગ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પને મળશે અને બંને દેશ વચ્ચે વધી રહેલા તણાવને ઘટાડવા વાતચીત કરશે.

અગાઉ વાઈટ હાઉસે જાહેરાત કરી હતી કે ટ્રમ્પ અને જિનપિંગ ૩૦ ઑક્ટોબરે દક્ષિણ કોરિયામાં મળશે.

દક્ષિણ કોરિયાના પ્રમુખ લી જૅ-મ્યુન્ગના આમંત્રણને માન આપીને જિનપિંગ ગ્યૅઑન્ગજુમાં યોજાનારી ૩૨મી ઍપૅક ઈકોનોમિક લીડર્સની બેઠકમાં ભાગ લેશે. જિનપિંગ ૩૦ ઑક્ટોબરથી પહેલી નવેમ્બર સુધી દક્ષિણ કોરિયામાં રહેશે, એમ ચીનના વિદેશ ખાતાના પ્રવક્તા ગુઓ જિઆકુને પત્રકારોને આપેલી મુલાકાતમાં કહ્યું હતું.

બંને દેશના વડા વચ્ચેની મહત્ત્વની બેઠકને મામલે ચીન અને અમેરિકા સઘન ચર્ચાવિચારણા કરી રહ્યા છે.

વાઈટ હાઉસના પ્રેસ સચિવ કૅરોલિન લૅવિટે પ્રસારમાધ્યમને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે ૩૦ ઑક્ટોબરે દક્ષિણ કોરિયામાં જિનપિંગ સાથે યોજાનારી દ્વિપક્ષી બેઠકમાં ટ્રમ્પ ભાગ લેશે.

૩૧ ઑક્ટોબરથી પહેલી નવેમ્બર દરમિયાન યોજાનારી ઍપૅક શિખર પરિષદ અગાઉ

દક્ષિણ કોરિયાના બુસાન શહેરમાં આ બેઠક યોજાશે. રૅર અર્થની નિકાસ પર ચીને કડક નિયંત્રણો લાદતાં તેમ જ અમેરિકાએ વધારાના ટૅરિફ અને ચાવીરૂપ નવી ટૅક્નોલૉજી પર નવા અંકુશ લાદતાં વધેલા તણાવ વચ્ચે વિશ્વના ટોચના બે અર્થતંત્રના નેતાઓ વચ્ચે આ બેઠક યોજાશે. (એજન્સી) ■

દુઃખદ નિધન



શ્રી નિરંજન શાહ
મારફતીયા મહેતાના પાડાના
શ્રી નિરંજન શાહ ઉ.વ. ૮૫
તારાબેન ચંપકલાલ શાહના સુપુત્ર
તે પંકજભાઈ, કુમારભાઈ, જયંતભાઈ, બિંદુબેન
રશ્મિકાંત મેસવાની ના ભાઈ
તે સોનલ, અષ્મા, શીતલ ના પિતા
તે મિલન, અપુર્વ અને સુનીલના સસરા
તે દિશા-સિદ્ધાર્થ, રિયા, માનવ કેવલના નાના
તા. ૨૩.૧૦.૨૦૨૫ ગુરુવારના અરિહંત શરણ પામેલ છે
લૌકિક વ્યવહાર બંધ છે



(૧૦ સપ્ટેમ્બર ૧૯૪૦-૨૦ ઑક્ટોબર ૨૦૨૫)
અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે
કિશોરી મન્સુખલાલ દલાલ
મુંબઈમાં શ્રીજી ચરણ પામ્યા છે.
સ્વ. મન્સુખલાલ અને
સ્વ. સુલોચનાબેન દલાલના સુપુત્રી,
બહેનોઃ ઈંદિરા ઠાકોર,
સ્વ. ડૉ. ગીતા દલાલ,
પૌલોમી અગાશીવાળા,
નયના બંગાળી, લોમા અગાશીવાળા,
નિલિમા દલાલ અને તેમના પરિવાર,
તથા લલ્લુભાઈ નાગરદાસ પરિવાર

TEJRAJ તેજસ ગોહિલ પ્રસ્તુત
નિરવ શાહ-મયુર સોલંકી
ભાવિશા ગોહિલ નિર્મિત
ઋષિકેશ ઠક્કર લિખિત
નિશિથ બ્રહ્મભટ્ટ દિગ્દર્શિત
નવા વર્ષની ઉજવણીનો પ્રારંભ બમ્પર હાસ્યથી
ફનટૂડૅસ ફેમિલી
રીયલ ફેમિલીની રીલ કોમેડી
શુભારંભઃ કાલે સાંજે ૭.૩૦ તેજપાલ
બુ./ટેલી બુ. ૯-૧૨,૪-૭ Ph. 23802679, 9892629810
Online: book my show
Project Head: રાહુલ અંતાણી
Executive producer: ચિંતન મહેતા METRO
Show Cont: 9867675779
★ ભાવિશા ગોહિલ, મનન ખરસાણી, તન્મય ખરસાણી, માનસી પંચાલ, પ્રિયલ પારેખ, જય મહેતા અને નાદિયા હિમાની તથા ગૌરાંગ જેડી
Deepak Somaiya

# જાહેરખબરથી ભડકયા ટ્રમ્પ, કૅનેડા સાથે ટૅરિફ મંત્રણા રદ

વોશિંગ્ટનઃ અમેરિકા અને કૅનેડા વચ્ચે ટૅરિફને લઈને ફરી એકવાર તણાવ વધી રહ્યો છે. અમેરિકાના પ્રમુખ ડોનૉલ્ડ ટ્રમ્પે કૅનેડા સાથેના વેપારને લઈને તમામ વાટાઘાટો સમાપ્ત કરવાની જાહેરાત કરી હતી.

ટ્રમ્પ સરકાર કેનેડામાં ટૅરિફના વિરોધમાં ટીવી પર ચલાવવામાં આવતી જાહેરાતોથી નારાજ થઈ હતી. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ગુરુવારે મોડી રાત્રે સોશ્યલ મીડિયા પર જાહેરાત કરી હતી કે તેઓ કૅનેડા સાથે તમામ વેપાર વાટાઘાટો સમાપ્ત કરી રહ્યા છે કારણ કે તાજેતરમાં અમેરિકાના ટૅરિફનો વિરોધ કરતી ટેલિવિઝન જાહેરાતો પ્રસારિત થઈ હતી. ટ્રમ્પે કૅનેડા પર નિશાન સાધતા કહ્યું હતું કે કૅનેડાએ અમેરિકાના ટૅરિફના વિરોધમાં જાહેરાત ચલાવીને અમેરિકાના નિર્ણયોને પ્રભાવિત કરવાનો પ્રયાસ કર્યો છે જે ભ્રામક અને અપમાનજનક વર્તન છે. ■

તૃતીય પુણ્યતિથીએ ભાવભરી શ્રદ્ધાંજલી
જન્મઃ ૧૨/૧૦/૧૯૩૮
શ્રીજી શરણ ૨૫/૧૦/૨૦૨૨



અશોક જયંતીલાલ ખાંડવાલા (ઉ. વર્ષ ૮૪)
શ્રી અશોકભાઈ ખાંડવાલાની સુંદર અને અવિસ્મરણ્ય જીવન યાત્રાના માનમાં મૌન પાળીને એમની પ્રેમળ અને સુમધુર યાદોને આપણા હૃદયમાં જીવંત રાખીએ. પ્રભુ એમહા દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે.
ખાંડવાલા પરિવાર

## ૪. ધાર્મીક સંબંધી


**જૈન દેરાસર માટે**
કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂ. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૮)

## ૬. પરચુરણ

**પટવા**
મોતી પિરોવાવાળા જૂના દાગીના સુધારવાવાળા. ઘરે બોલાવો: સંપર્ક- 9821369617 / 9324805010. (બી-૨૯૨૦)

## ૮. શુભ પ્રસંગો માટે


આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત મુંબઈના નામાંકિત
છેલ્લા ૯૦ વર્ષથી આપની સેવામાં
Mohanlal S Mithaiwala®
સ્થાપના 1936
MUMBAI • AHMEDABAD
HALWA • MITHAI • NAMKEEN ©



મોહનલાલ એસ મીઠાઈવાલાની અધિકૃત મીઠાઈઓ માત્ર નીચેની શાખાઓમાં જ મળે છે.
આ શાખાઓ સિવાય અમારી કોઈ દુકાનો નથી. નકલખોરોથી સાવધાન.
® ટ્રેડમાર્ક, © કોપીરાઈટ જોઈને જ માલ ખરીદવો.
H.O.: 271/273, Zaveri Bazar, Mumbai- 2.
Tel.: 23439944, 23410374 • E-mail: msmzaveribazar@gmail.com
BRANCHES
- 45, Bhuleshwar Road, Mumbai - 2. Tel.: 22410955, 22411268
- 399, Grant Road, Mumbai - 7. Tel.: 23824031, 23871167
- 95, Bhuleshwar Road, Mumbai - 2. Tel.: 22412526
- 23, Goyal Shopping Arcade, L. T. Road, Borivali (West), Mumbai - 92. Tel.: 28936012
- Dharam Pram Co-Op. Society Ltd., Shop No. 12/12A, Nehru Road, Vile Parle (East), Mumbai- 57. Tel.: 26189776, 8767331123
- G-1, Golden Triangle, Near Sardar Patel Stadium, Navrangpura, Ahmedabad - 14. Tel.: 26421133
- 4. Mahalaxmi Corner, Opp. Sardar Patel Hospital, Rambaug, Maninagar, Ahmedabad- 8. Tel.: 25463300

Available On zomato & SWIGGY Also.
અમારી ઘાટકોપર, વિલે પાર્લે પશ્ચિમ અને ભાયંદરમાં કોઈ શાખા નથી.
અમારી બોરીવલી, વિલે પાર્લે પૂર્વ અને અમદાવાદની બન્ને શાખાઓ દર રવિવારે ખુલ્લી રહેશે.
(૩૮૩-ડી)


## ૯. લગ્ન સંબંધી

■ દુબઈની 1980 કન્યાને NRI જોઈએ રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં.) (બી-૧૬૬૫૯)

■ ઘાટકોપરનાં યુવક 1981 (30 LAKH) રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં.) (બી-૧૬૬૫૬)

■ કાંદિવલીની MPT કન્યા 1991 NRI આવકાર્ય રાજેશ રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં.) (બી-૧૬૬૫૭)

■ મુંબઈના યુવક - 1999, કન્યા 1997 રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં.) (બી-૧૬૬૫૮)


રવિ ૨ ડિસે : મુંબઈ
સર્વ જ્ઞાતિય મેળાવડો
ફક્ત ઉમેદવારોને પ્રવેશ!
રવિ ૧૬ નવે : અમદાવાદ
વાલીઓ માટે સ્નેહ સંમેલન (સર્વ જ્ઞાતિ)
રવિ ૭ ડિસે : અમદાવાદ
સર્વ જ્ઞાતિય મેળાવડો
ફક્ત ઉમેદવારોને પ્રવેશ!
રવિ ૭ ડિસે : અમદાવાદ
જૈન સર્વ જ્ઞાતિય મેળાવડો ફક્ત ઉમેદવારોને પ્રવેશ!
ફક્ત કુંવારા ઉમેદવારો માટે.
વધુ ૨૫ થી ૩૨ વર્ષ, વર ૨૬ થી ૩૬ વર્ષ
ઓનલાઈન નોંધણી ઉપલબ્ધ
ગુજરાતી અને મરાઠી ભાવિ વર-કન્યાઓ માટે
॥અનુરૂપ॥
www.anuroopwiwaha.com
સંપર્ક : 1800 267 7991
(દહેજ નહીં) (બી-૧૬૬૪૫)


**SAPTPADI**
**Highly Qualified Jain, Vaishnav Gujarati, Candidates. "Neela Sheth" - 9833676409 / 7045657510. (No Dowry) (384-A)**

## ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**
દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૬૬૦૭)

## ૧૨. યાત્રા સહેલગાહ

**કુદરતના ખોળે ડુંગરની ટોચે પધારો શ્રી મલ્લીનાથ જૈન તીર્થ કોસબાડ (દહાણુ). કુદરતના સાનિધ્યમાં મૂળનાયક શ્રી મલ્લીનાથ દાદાની સેવા-પૂજા કરવા માટે પધારો. ઉત્તમ ભોજનશાળા, ધર્મશાળા વગેરેની વ્યવસ્થા છે. બુકિંગ માટે સંપર્ક: પુનમબેન 9226297975, 8308676398. (એસડીબી-૨૯૦૮)**

## ૧૨. યાત્રા સહેલગાહ

**દિવ્ય ટુર**
જગન્નાથપુરી સાથે ગંગાસાગર, દુબઈ, ચારધામ, આસામ મેઘાલય અરૂણાચલ પ્રદેશ અને યુપી ટુર, ગોકુળ મથુરા અને સફેદ રણ: 9819304112. (૩૭૩-એ)

## ૧૪. નોકરી ખાલી છે

**મહારાજ મળશે**
ગુજરાતી, કાઠિયાવાડી મિષ્ઠાન - ફરસાણ રસોઈ માટે મહારાજ મળશે. 9737816294. (૩૮૯-એ)

MEGA CARRIER OPPORtunity for Retires, Professional, Housewife. on Tuesday 28/10/2025 (11:15 am). Free Entry Age 45+, Registration Compulsory - 9653662882. (B-16655)

## ૧૭. જગ્યા આપવી છે

**મલાડ વેસ્ટમાં**
ભાડા પર શુભ પ્રસંગ માટે લિબર્ટી ગાર્ડન, 2 Bed (દિવસ દીઠ 6,000/-) અને 3 Bed (દિવસ દીઠ 9000/-) ઉપલબ્ધ (AC) 7021469923. (બી-૧૬૬૩૨)

**ઘાટકોપરમાં ગેરેંટી**
**1% દલાલીમાં 100% શાંતિ, ફ્લેટ ઘણા મળશે, ફસાયા વગર ગોઠવાઈ જાવ. ફ્લેટ, ઓફિસ ભાડેથી/ લે-વેંચ બજાર ભાવે 30 દિવસમાં સોદાની ગેરંટી. BHIMANI - 9820814333, CHABHADIA - 9820204041. (૨૮૯-એ)**

**REDEVELOPMENT ગયેલા બિલ્ડિંગોમાં ફ્લેટ/ શોપ અમારા ઈન્વેસ્ટર્સ માટે જોઈએ છે. (પેમેન્ટ રેડી છે.) 76666 44727. (૩૮૧-બી)**

**ઘાટકોપર**
**ફ્લેટ/ ઓફિસ/ દુકાન/ ગોડાઉન, રેડી પઝેશન/ અંડરકન્સ્ટ્રક્શન, લેવા-વેચવા-ભાડેથી. ૧૦૦% સોદાની ગેરંટી. HOMEALONE PROPERTY ભૂપેશ શાહ/ જુગ્નું શાહ - 9833352224. (૩૮૬-એ)**

**અંધેરી (વેસ્ટ)**
ભાડેથી ભરડાવાડી, સ્ટેશન પાસે, નવું બિલ્ડિંગ, 2 બેડરૂમ, 650' કારપેટ, અનફર્નિશ્ડ, 1 પાર્કિંગ, ફક્ત વેજીટેરીયન ફેમિલી માટે, 2,50,000/ 75000, બંકિમ - 9322246219 અથવા હેમંત - 9833720382. (૩૭૮-સી)

**વિલેપાર્લે (વેસ્ટ)**
2 બેડ હોલ કિચન, પહેલા માળે, લિફ્ટ નથી, સ્ટેશન, દેરાસર, સંન્યાસ આશ્રમ નજીક. (55,000/2,00,000/-) ભાડેથી. Call- 9372035575. (૩૭૭-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**અંધેરી (વેસ્ટ)**
સ્ટેશન દેરાસર પાસે, ''ભાડેથી'' ૨ બેડરૂમ, (660') 3/75000, તદ્દન નવું બિલ્ડીંગ, સ્વીમીંગ પુલ, હેલ્થ કલ્બ, થિયેટર, લાયબ્રેરી અને ઘણી સુવિધાઓ, રેડી પઝેશન, (ફક્ત શાકાહારીઓ ''નિરજ એસ્ટેટ'' 9821277077. (૩૬૮-એ)

**દેવલાલી**
વેચાણથી. શ્રી શાંતિનાથજી દેરાસરની બાજુમાં, ૨ બેડરૂમના ફ્લેટો, રેડી પઝેશન, મહારેરા રજિસ્ટર્ડ પ્રોજેક્ટ. પરેશ - 9930803959/ 9930106054. (૩૭૮-એ)

**લોનાવાલા - ખંડાલા**
ફ્લેટો - રોહાઉસ - બંગલાઓ - નાના - મોટા - પ્લોટ લેવા - વેચવા. શ્રીજી - ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૬૬૨૭)

**શાંતાક્રુઝ (વેસ્ટ)**
રામ કૃષ્ણ મિશન પાસે- નવું બિલ્ડીંગ-૪ બેડરૂમ એરિયા ૧૮૨૫' કારપેટ+ સર્વન્ટ ટોઈલેટ, ૩ પાર્કિંગ, જીમ અને ઓ.સી. સાથે, તુરંત વેચવાનો. ફોન:- ''ઓનર'' 9820156133. (બી-૧૬૩૯૦)

**વિલે-પાર્લે ઈસ્ટના**
પ્રાઈમ લોકેશનમાં સ્ટેશનથી પાંચ મિનિટ ફુલ્લી ફર્નિશ્ડ 3 માસ્ટર બેડરૂમ હોલ કિચન બે પાર્કિંગ સાથે રજિસ્ટર સોસાયટી 1180' કારપેટ 4,25,00,000/- સંપર્ક: 9819201737/ 9820550033. (૩૮૮-એ)

**જુહુ - 3 બેડ**
**1000' 1100' 1240' 1400' નવા બિલ્ડીંગમાં એમેનિટીસ સાથે વેચાણથી. (6.25 - 7.50 cr) અનિલભાઈ- 9004900290. (૩૮૭/એ)**

**પાર્લા - 3 બેડ**
**1000' 1150' 1240' નવા બિલ્ડીંગમાં જીમ, સ્વિમિંગ પુલ સાથે વેચાણથી. (4.25 - 6 cr) અનિલભાઈ- 9004900290. (૩૮૭/બી)**

**ખાર (વેસ્ટ)**
ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦' કારપેટ અને ૬ બેડરૂમની જોડી એરિયા ૨૩૦૦' કારપેટ, ૬ બાથરૂમ, ૨ કીચન, સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ. તદ્દન નવું બિલ્ડીંગ, વેચાણથી. ''ઓનર''- 9820156133. (બી-૧૬૪૪૭)

**કાંદિવલી (વેસ્ટ)**
લકઝરીયસ 2 - 3 BHK@1.85 Cr onwards, પઝેશન ટૂંક સમયમાં, સ્ટેશન મંદિર કોલેજ બેંક માર્કેટ 1 મિનિટ, Site: namo ananta, મથુરાદાસ રોડ, કાંદિવલી વેસ્ટ સંપર્ક 7353026969. (જેપી-૪૫૨૩-એ)

**મલાડ વેસ્ટ**
વેચવાનું છે એસ વી રોડ નજીક, દેરાસરની સામે, ૨ બેડરૂમ ફુલી ફર્નિશ રેરા કાર્પેટ ૬૭૮ વિથ પાર્કિંગ ૨.૧૧ cr. નિગોસિએબલ ઓનર ૯૮૧૯૯૭૩૩૪૧. (એસડીબી-૨૯૨૧)

**ઘાટકોપર ઈસ્ટ**
**વેચાણથી ત્રણ બેડરૂમ - 1050 - 980 - 930, બે બેડરૂમ 620 - 675, 1-2-3 બેડરૂમ વેચાણથી ભાડેથી લેવા/આપવા, ''જ્યોતિ એસ્ટેટ'' 9029335133. (૩૯૪-એ)**

**ગામદેવી**
૨ બેડરૂમ ૪,૫૦,૦૦,૦૦૦/- ૫,૫૦,૦૦,૦૦૦/- વોર્ડન રોડ ૩ શકય ૮,૬૦,૦૦,૦૦૦/- નીતિન: 9867222020. (૩૯૫-એ)

**''લોઅર પરેલ''**
વર્લ્ડ ટાવર 4 બેડરૂમ 2700' સીલિંક વ્યુ 3 પાર્કિંગ 16,00,00,000/- નીતિન: 98672 22020. (૩૯૫-બી)

■ અંધેરી પશ્ચિમમાં 500 વારનું જુનું મકાન 15 કરોડમાં વેચવાનું છે. 9821286914. (બી-૧૬૬૬૨)

■ માટુંગા (વેસ્ટ) માટુંગા (ઈસ્ટ), પ્રભાદેવી, દાદર, 1,2,3 BHK ફ્લેટ વેચાણથી, ભાડેથી મળશે. મોબાઈલ નં. 9594966701. (બી-૧૬૬૬૧)

**ઘાટકોપર (વેસ્ટ)**
**જીવદયા લેન, જુનું માણેકલાલ એસ્ટેટ- ૧, ૨, ૩ બેડરૂમ, હોલ, કિચનના ફ્લેટો બુકીંગમાં લેવા મનીશ વોરા. 9324339343. (૩૯૭-સી)**

## ૧૭. જગ્યા આપવી છે

**અંધેરી (વેસ્ટ)**
ભાડેથી. ભરડા વાડી, નવું બિલ્ડીંગ, 2 બેડરૂમ, 770' કારપેટ, ફર્નીશ્ડ, 2 AC સાથે હાયર ફ્લોર 3,00,000/- ડીપોઝીટ, ભાડું - 90,000/- બંકીમ- 9322246219. હેમંત- 9833720382. (૩૯૬-ડી)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**ભાડેથી. પ્રાઈમ લોકેશન- ૧ રૂમ કિચન- 380'-30 K, ૧ બેડરૂમ, હોલ, કિચન. 550' કારપેટ-38 K, ૨ બેડરૂમ, હોલ, કિચન- 700' કારપેટ-65 K, 3 બેડરૂમ, હોલ, કિચન- 1300' કારપેટ- 95 K, 4 બેડરૂમ, હોલ, કિચન- 1250', 1.25 LAC. HOMEALONE PROPERTY- રૂપેશ ઝોરે 7021933404. (૩૯૬-સી)**


**સાંતાક્રુઝ (વેસ્ટ)**
**1 થી 4 બેડરૂમ ના ફ્લેટો**
1)૩ બેડરૂમ ૧૨૦૦', ૧૫૦૦' કારપેટ ૫.૬૦ કરોડ
2)૪ બેડરૂમ ૧૯૦૦' કારપેટ ૯ કરોડ
3)૨ બેડરૂમ ૮૨૦' કાર્પેટ ૩.૫૦ કરોડ
4)૧ બેડરૂમ ૫૨૦' કારપેટ, ૨.૫૦ કરોડ.
બીજા ઘણા પ્રપોઝલો રેડી / બંધાતામા લેવા / વેચવા / લીવલાયસંસથી
સંપર્ક:- "ચેતન નાગર"
9820141544 / 9920141544
(બી-૧૬૫૭૪)


**ઘાટકોપર (ઈસ્ટ)**
**પ્રાઈમ લોકેશન, ઓડીયન સીનેમા પાસે, ૧ બેડરૂમ, હોલ, કિચન, 460' કારપેટ, ફુલ્લી ફર્નીશ્ડ, ભાડેથી/ વેચાણથી લેવા- ઓનર- 7666446688. (૩૯૬-એ)**

**શ્રી વિમલ એસ્ટેટ**
**મુલુંડ વેસ્ટ સ્ટેશન નજીક, નવું બિલ્ડીંગ, 3 BHK ૧ પાર્કિંગ સાથે, કિંમત: ૧.૯૫ કરોડ, સંપર્ક: ૮૧૦૪૦૦૯૬૯૪, ૯૮૧૯૮૬૪૪૫૬. (૩૯૦-એ)**

**MALAD (WEST)**
**3 Bedroom, 1150' Rera Carpet Adarsh Dugdhaly Road, Higher Floor Dilip 8108307900 (Broker Excuse). (348-A)**

**GHATKOPAR (EAST)**
Luxurious Residential & Commercial Underconstruction Projects also Resale Buy, Sell, Rent Flats and Offices. SJ Real Estate 9022279684. (368-F)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**ભિવંડીમાં વેરહાઉસ**
**પ્રાઈમ લોકેશનમાં, RCC/JUMBO વેરહાઉસ, યુઝર/ ઈન્વેસ્ટરો માટે, ભાડેથી/ વેચાણથી લેવા- નીલેશ- 9717198987. (૩૯૬-બી)**

**ભિવંડીમાં ઈન્વેસ્ટરોને**
**હાયવે ટચ, પ્રાઈમ લોકેશનમાં, જમ્બો વેરહાઉસ, 7.25%, ROI, ભાડે લાગેલા, વેચાણથી. ઓનર- 9321690977. (૩૯૭-એ)**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવધર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**ઘાટકોપર (ઈસ્ટ)**
દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200'- 2000', ભાડેથી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578, 9987254333. (૩૬૮-સી)

**કાલબાદેવી હનુમાન ગલીમાં**
ભાડે લાગેલી દુકાન વેચાણથી, 160' કાર્પેટ + 160' મેઝનાઈન, માત્ર દોઢ કરોડમાં. મુકેશભાઈ 9082825482. (૧૫૩૯૬/એ)


PREM GROUP LIFE BEYOND SQ FT
PREM अरुण
RERA No. PR1180002500431
www.maharera.maharashtra.gov.in



જે ઘર આવે પ્રેમ ના અરુણ નો પ્રકાશ,
સદા રહે ત્યાં દિવાળી ના દીપક જેવો ઉજાસ
ડેક સાથે પ્રીમિયમ ૨ અને ૩ BHK ના ઘરોં આરામદાયક સુવિધાઓ સાથે ૩-સ્તરીય પોડિયમ કાર પાર્કિંગ
૩૫૦૦ ચો.ફુટ પોડિયમ સુવિધાઓ
વાસ્તુશાસ્ત્ર અનુસાર તૈયાર ઘરો
હનુમાન ચોક, એલ ટી રોડ,
બેંક ઓફ ઇન્ડિયા ની બાજુ માં, મુલુન્ડ પૂર્વ
અશ્વિન એન્ટરપ્રાઇઝેસ નો પ્રકલ્પ
Corporate Office: 1st Floor, Out House, Dinmani Sadan, R.R.T. Road, Mulund (W), Mumbai - 80
Contact: 9892257774 / 9892226818 / 9769762989 / 9769762525
9769762525
*The images shown are for representational purposes only.
(બી-૧૬૬૬૦)


## ૨૦. ધંધાદારી જગ્યા

**PRELEASED OFFICE**
**મહિને 60,000/= ભાડેથી લાગેલી ઓફિસ વેચવાની (1.44 CR) (2 પાર્કિંગ સાથે) (300' + 300' LOFT) યુઝેબલ - 600' મહાવીર નગર, CROMA/ D'MART પાસે, કાંદિવલી (વેસ્ટ). OWNER - 76666 44727. (૩૮૧-ડી)**

■ **દવા બજાર ઈલેક્ટ્રિક બજારને અનુરૂપ કાલબાદેવી - પ્રિન્સેસ સ્ટ્રીટ જંક્શન પાસે અંદાજે ૨૪૦૦ સ્કવેર ફુટ વેરહાઉસ ભાડે આપવાનું છે. રસ ધરાવનાર કંપની સંપર્ક સાધે: 8355946966. ટાઈમ સવારે ૧૦ સાંજે ૫. સોમથી શુક. (બી-૧૬૬૪૪)**

**જ્વેલરી શોરૂમ**
**લાયક 4400 કારપેટ ગ્રાઉન્ડ + ફર્સ્ટ, 14 ફુટ હાઈટ, રેડી વિથ ઓસી, વ્યાજબી ભાવે, બોરીવલી- વેસ્ટ, એજન્ટ- 9820076455- 8369122078. (૩૯૧-એ)**

**કોમર્શિયલ બંગલો**
કાંદીવલીમાં- અપના બજારની પાસે: ૪૦૦૦ કાર્પેટનો વેંચાણથી- 3,95,25,000/- નીગોશીએબલ, (નર્સિંગ હોમ- શોરૂમ- વૃધ્ધાશ્રમ)- 9892839639. (બી-૧૬૬૬૩)

**INDEPENDENT WAREHOUSE / FACTORY**
Approved Plans, 2.8 acre Land, 79000 sf Warehouse in Kosmabi 400m inside Nashik Mumbai Highway 2.5 kms Padga Toll, 9820633257. (JP/ 4523-E)

**KURLA (WEST)**
**Station Road, Outright Sale / Lease, Ownership Shop 370' Carpet. Contact: "9322998138". (393-A)**

## ૨૩. મનોરંજન

**SHREENATH - બજેટથી**
પ્રાર્થનાસભા + લગ્નગીત + મામેરું + મહેંદી + એનિવર્સરી + ડાયરો. કિરણભાઈ - 9821795355. (બી-૧૬૬૩૪)

**હાસ્ય ધમાકા**
**હાસ્ય દરબાર + ડાયરો + સંગીત સંધ્યા + લગ્ન ગીત + ગેમ્સ. 9820464530. (૩૬૫-એ)**

**'વિનોદ શાહ...'**
ભક્તિસભર ગીતોથી દિવંગત સ્વજનને શાંતિ પહોંચાડો... માતૃપિતૃ વંદના - પ્રાર્થનાસભા, દરેક ભાવયાત્રા (પ્રોજેક્ટ સ્ક્રીન સાથે) કરાવવા - 9821540500. (બી-૧૬૬૫૧)

**બજેટથી પ્રાર્થનાસભા**
લગ્નગીત, સાંજી, સંગીત સંધ્યા, ભજન, ડાયરો ANNIVERSARY. મનસુખભાઈ 9326801860. (૩૯૨-એ)

## ૨૪. વાહન/મોટરકાર સંબંધી

AVAILABLE AUTOMATIC FUlly Hand Controlled Maruti A Star 2012 Model for Handicap in Good Condition. Contact 9594360562. (JP-4526-A)

## ૩૧. નાણાંકીય

**FUNDING**
For NPA, OTS, Real Est. Proj. Difficult Cases, Unsecured, Structured, Order, Import Finance. 25 yrs exp. financenetwork.in / 9819878744. (365-E)

**"UNCLAIMED SHARES"..**
Recover your Unclaimed Physical Shares easily with "Investment House".. IEPE, Trans, Demat of Physical, Duplicate Shares, Claim Dividend from IEPF.. Call - 9619315362, 8291226197. (B-16613)

## ૩૨. જમીન - મિલકત

**PLOT FOR SALE**
**Ghatkopar (West) 5 minutes walking distance from Metro. 10,400 sq. feet. Freehold Plot for Sale or JV. Clear Title. Very good for Ownership Project. Tentative Plan with Parking Prepared. M- 8591977078 / 8108119801. (SDB-2912)**

## ૩૩. ધંધાદારી

**ગાદીવાળા ચપ્પલ**
પગના દુખાવા માટે સોફ્ટ ચપ્પલ/ સ્લીપર જેન્ટ્સ, લેડીસો માટે બોરીવલી વેસ્ટ- 9869669633. (એસડીબી-૨૯૨૨)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

# રો-કો આજે રોકી શકશે વાઇટવૉશ?

## રોહિત-કોહલી પર બધો મદાર: ઑસ્ટ્રેલિયા પહેલી વાર ભારત સામે ક્લીન સ્વીપ કરી શકશે?

સિડની: ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે આજે વન-ડે સિરીઝની છેલ્લી મૅચ (સવારે ૯.૦૦ વાગ્યાથી) રમાશે અને એ જીતીને કાંગારુંઓને વન-ડેના ઇતિહાસમાં પહેલી વખત ભારત સામે સિરીઝની તમામ મૅચો જીતવાની (ક્લીન સ્વીપ કરવાની) તક મળશે, પરંતુ એ રોકવાની જવાબદારી ખાસ કરીને ટીમના બે સિનિયર-મોસ્ટ ખેલાડીઓ રોહિત શર્મા અને વિરાટ કોહલીની છે. રો-કો (રોહિત-કોહલી) તરીકે ઓળખાતી આ જોડી આજે પોતે સારું રમીને ટીમના યુવાન ખેલાડીઓને પણ સારું પર્ફોર્મ કરવામાં પ્રેરણારૂપ બનશે એવી કરોડો ભારતીય ક્રિકેટપ્રેમીઓને અપેક્ષા છે.

મિચલ માર્શના સુકાનમાં ઑસ્ટ્રેલિયાની ટીમ શ્રેણીમાં ૨-૦થી અજેય સરસાઈ ધરાવે છે. આજે પણ જીતીને તેઓ ૩-૦થી ક્લીન સ્વીપ કરીને ભારત સામે નવો ઇતિહાસ રચી શકે. પહેલી બન્ને મૅચમાં ખાતું ન ખોલાવી શકનાર કોહલી આજે ૫૪ રન બનાવશે તો વન-ડેમાં સૌથી વધુ રન કરનારાઓમાં સંગકારાના સ્થાને બીજા નંબર પર આવી જશે.

# ભારતના હકની ટ્રોફી હવે અબુ ધાબીમાં

અબુ ધાબી: એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી)ના ડ્રામેબાજ ચેરમેન અને પાકિસ્તાની પ્રધાન મોહસિન નકવીએ નવું નાટક કર્યું છે. એક અહેવાલ મુજબ તેણે એશિયા કપમાં ભારતે મેળવેલા ચૅમ્પિયનપદની ટ્રોફી દુબઈમાં એસીસીની ઑફિસમાંથી લઈ જઈને અબુ ધાબીમાં ક્યાંક સંતાડી દીધી છે. બીસીસીઆઇના એક અધિકારી ગયા અઠવાડિયે એસીસીના વડા મથકે ગયા હતા જ્યાં તેમણે ભારતના હકની ટ્રોફી વિશે જાણકારી માગી તો ત્યાંના સ્ટાફે કહ્યું હતું કે 'આ ટ્રોફી અબુ ધાબીમાં કોઈક અજાણ્યા સ્થળે રાખવામાં આવી છે.' દરમ્યાન આઇસીસીમાં આવતા મહિને ભારત ટ્રોફીના મુદ્દે નકવીને ભરડામાં લેવાનું છે.


# ડરપોક પાકિસ્તાન પાછું ભયભીત થયું, હવે ભારતની હૉકી ટૂર્નામેન્ટમાંથી નીકળી ગયું

નવી દિલ્હી: ૨૦૨૩માં પાકિસ્તાને વન-ડેના વર્લ્ડ કપ માટે પોતાની ટીમને અમદાવાદ મોકલી હતી, પરંતુ ૨૦૨૫ની બાવીસમી એપ્રિલે પાકિસ્તાન-પ્રેરિત આતંકવાદીઓએ પહલગામમાં હિન્દુ સહેલાણીઓની કત્લેઆમનું બર્બરતાભર્યું કૃત્ય કરવાને પગલે હવે પાકિસ્તાન ત્રણ દિવસના ટૂંકા યુદ્ધમાં ભારતના હાથે જોરદાર લપડાકો ખાધા બાદ પોતાના ખેલાડીઓને ભારત મોકલતા ડરી રહ્યું છે જેનો બીજો પુરાવો શુક્રવારે મળ્યો છે. પાકિસ્તાને પોતાના જુનિયર હૉકી ખેલાડીઓને વર્લ્ડ કપ માટે ભારત ન મોકલવાનો નિર્ણય લીધો છે. ઑગસ્ટમાં પાકિસ્તાને મેન્સ હૉકી એશિયા કપ માટે પોતાની ટીમને બિહાર નહોતી મોકલી.

આગામી નવેમ્બર-ડિસેમ્બરમાં ભારતમાં જુનિયર હૉકી વિશ્વ કપ સ્પર્ધા રમાવાની છે અને એમાં પોતે ભાગ નહીં લે એવું પાકિસ્તાન હૉકી ફેડરેશને ઇન્ટરનૅશનલ હૉકી ફેડરેશન (એફઆઇએચ)ને જણાવી દીધું છે. પાકિસ્તાનના સંગઠને એને જણાવ્યું છે કે ' અમારી ટીમ તમિળનાડુના જુનિયર હૉકી વર્લ્ડ કપ માટે ક્વૉલિફાય થઈ છે, પરંતુ અમે એમાં ભાગ નહીં લઈએ.'

# જાડેજા-જાડેજાની જોડી રાજકોટમાં આજથી મચાવશે ધમાલ





રવીન્દ્ર જાડેજા (ઉપર) અને ધર્મેન્દ્રસિંહ જાડેજા

રાજકોટ: ગયા શનિવારે રાજકોટમાં કર્ણાટક સામેની રણજી ટ્રોફી સીઝનની પ્રથમ મૅચ ડ્રૉમાં જતાં સૌરાષ્ટ્રએ (સરસાઈ લેવા બદલ) ત્રણ પૉઇન્ટથી સંતોષ માની લેવો પડ્યો હતો, પરંતુ આજે અહીં શરૂ થનારી ચાર દિવસની બીજી મૅચ (સવારે ૯.૩૦ વાગ્યાથી)માં સૌરાષ્ટ્ર જો મધ્ય પ્રદેશ સામે વિજય મેળવીને પૂરા છ પૉઇન્ટ મેળવશે તો નવાઈ નહીં લાગે અને એનું કારણ એ છે કે આ મૅચમાં એક સાથે બે જાડેજા મેદાન પર ઊતરવાના છે.

ટેસ્ટ ક્રિકેટનો વર્લ્ડ નંબર-વન અને વન-ડે જગતનો ૧૦મા નંબરનો ઑલરાઉન્ડર રવીન્દ્ર જાડેજા આ રણજી મૅચમાં રમવાનો છે. તેની હાજરી સૌરાષ્ટ્રના ખેલાડીઓ માટે પ્રોત્સાહક બનશે જ, તે મધ્ય પ્રદેશના ખેલાડીઓ માટે બૅટિંગ અને બોલિંગ બન્નેમાં ખતરો બની જશે.

૩૬ વર્ષનો રવીન્દ્ર જાડેજા લેફ્ટ-આર્મ સ્પિનર છે અને સૌરાષ્ટ્રની ટીમમાં બીજો લેફ્ટ-આર્મ સ્પિનર છે ૩૫ વર્ષનો ધર્મેન્દ્રસિંહ જાડેજા. રવીન્દ્ર જાડેજાએ ૧૬ વર્ષની આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં કુલ ૩૬૦થી પણ વધુ મૅચમાં ૬૦૦થી વધુ વિકેટ લીધી છે તેમ જ ૭,૦૦૦થી વધુ રન કર્યા છે. ધર્મેન્દ્રસિંહ જાડેજા ૯૫ ફર્સ્ટ ક્લાસ મૅચમાં કુલ ૪૦૮ વિકેટ લઈ ચૂક્યો છે. તેણે ગયા અઠવાડિયે કર્ણાટક સામેની મૅચમાં પ્રથમ દાવમાં ૧૨૪ રનમાં સાત વિકેટ અને બીજા દાવમાં ૭૯ રનમાં ત્રણ વિકેટ લીધી હતી.

### આજથી અન્ય મુકાબલા કોની વચ્ચે

આજે શરૂ થનારી રણજીના બીજા રાઉન્ડમાં અન્ય મૅચો આ મુજબની છે: મુંબઈ વિરુદ્ધ છતીસગઢ, બરોડા વિરુદ્ધ આંધ્ર, ગુજરાત વિરુદ્ધ બેંગાલ, વિદર્ભ વિરુદ્ધ ઝારખંડ અને મહારાષ્ટ્ર વિરુદ્ધ ચંડીગઢ.

# મહિલા વર્લ્ડ કપની ફાઇનલ ડીવાયમાં: પાકિસ્તાની ટીમ ખાલી હાથે સ્વદેશમાં

## કોલંબોમાં મેઘરાજાનો ૫-૦થી વિજય!

નવી મુંબઈ: મહિલા વન-ડે વર્લ્ડ કપમાં ભારત સેમિ ફાઇનલમાં પહોંચી ગયું છે. અન્ય ત્રણ સેમિ ફાઇનલિસ્ટોમાં ઑસ્ટ્રેલિયા, ઇંગ્લૅન્ડ, સાઉથ આફ્રિકાનો સમાવેશ છે. ૨૯મી ઑક્ટોબરની પ્રથમ સેમિ ગુવાહાટીમાં, ૩૦મી ઑક્ટોબરની બીજી સેમિ નવી મુંબઈના ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં અને બીજી નવેમ્બરની ફાઇનલ પણ ડી. વાય.માં રમાશે. શુક્રવારે કોલંબોમાં શ્રીલંકા સામેની પાકિસ્તાનની મૅચ વરસાદને લીધે ધોવાઈ જતાં પાકિસ્તાનની ટીમ ટૂર્નામેન્ટની એકમાત્ર ટીમ બની છે જે સાતમાંથી એકેય મૅચ જીત્યા વગર સ્વદેશ પાછી જશે. કોલંબોમાં પાંચમી મૅચ ધોવાઈ જતાં મેઘરાજાનો ૫-૦થી વિજય થયો કહી શકાય. શનિવારે ઑસ્ટ્રેલિયા-સાઉથ આફ્રિકા વચ્ચે મૅચ છે, જ્યારે રવિવારે બે ઔપચારિક મુકાબલામાં ઇંગ્લૅન્ડ-ન્યૂ ઝીલૅન્ડ તથા ભારત-બાંગ્લાદેશ વચ્ચે મૅચ રમાશે.

ગુરુવારે ડી. વાય. પાટીલમાં ભારતે ન્યૂ ઝીલૅન્ડને હાઈ-સ્કોરિંગ મૅચમાં વરસાદના વિઘ્નો વચ્ચે ૫૩ રનથી હરાવીને સેમિ ફાઇનલમાં એન્ટ્રી કરી હતી.

વીક એન્ડ

# હરમનની હરફનમૌલા ટીમ હવે બે ડગલાં આગળ વધશે એટલે ઐતિહાસિક ટ્રોફી કબજામાં!

### પહેલી વાર વર્લ્ડ કપ જીતવાનો ભારતને સુવર્ણ મોકો મળ્યો છે અને એ પણ ઘરઆંગણે... આવનારા નવ દિવસ મહિલા ક્રિકેટને નવી દિશા મળી શકે

સ્પોર્ટ્સવુમન
અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

ભારતીય મહિલા ક્રિકેટરો વન-ડે વર્લ્ડ કપના ઇતિહાસમાં બે વખત ફાઇનલમાં પહોંચી છે, પરંતુ ક્યારેય ચૅમ્પિયન નથી થઈ શકી. ખરું કહીએ તો ભારતીય મહિલાઓ ક્રિકેટમાં ક્યારેય વર્લ્ડ કપ નથી જીતી. ૨૦૦૫માં વિશ્વ કપની ફાઇનલમાં ભારતનો ઑસ્ટ્રેલિયા સામે ૯૮ રનથી અને ૨૦૧૭ની ફાઇનલમાં ઇંગ્લૅન્ડ સામે માત્ર નવ રનથી પરાજય થયો હતો. છેલ્લાં ૨૦ વર્ષમાં બબ્બે વખત ભારતીય વિમેન્સ ટીમ ખૂબ નજીક આવી ગયેલી ટ્રોફીથી વંચિત રહી હતી, પણ આ વખતે ફરી એક વાર મોકો મળી રહ્યો છે. હરમનપ્રીત કૌર અને તેની ખેલાડીઓ ગુરુવારે મોડી રાત્રે નવી મુંબઈના ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં ન્યૂ ઝીલૅન્ડને હરાવીને સેમિ ફાઇનલમાં પહોંચી ગઈ છે.





રિચા ઘોષ અને રેણુકા

સવાલ એ છે કે શું આ વખતે ભારતીય મહિલા ટીમ પહેલી વાર વર્લ્ડ ચૅમ્પિયન બનશે? ગયા મહિને સ્પર્ધાની શરૂઆત થઈ ત્યારે આપણી ટીમ વિશે ઘણી આશા હતી અને ભારે સંઘર્ષ કર્યા પછી હરમન ઍન્ડ કંપની લાસ્ટ ફોરમાં પહોંચી ગઈ છે. જોકે નવાઈની વાત એ છે કે ઑસ્ટ્રેલિયા, ઇંગ્લૅન્ડ અને સાઉથ આફ્રિકા સામે ભારતનો લીગ મૅચમાં પરાજય થયો અને એ જ ત્રણ ટીમ સેમિ ફાઇનલમાં ભારત સામે આવી છે.

લીગ સ્ટેજમાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન અને વર્લ્ડ નંબર-વન ઑસ્ટ્રેલિયા સામે ભારતે ૩૩૦ રન કર્યા પછી છેક ૪૯મી ઓવરમાં પરાજય જોવો પડ્યો હતો, જ્યારે સાઉથ આફ્રિકા સામે પણ લગભગ એવું જ થયું હતું. ભારતે ૨૫૧ રન કર્યા બાદ ૪૯મી ઓવરમાં હાર જોવી પડી હતી અને ભૂતપૂર્વ ચૅમ્પિયન ઇંગ્લૅન્ડે આપેલા ૨૮૯ રનના લક્ષ્યાંકનો પીછો કરતી વખતે ભારતીય ટીમ ૪૮મી ઓવર સુધી જીતવાની દિશામાં હતી, પરંતુ છેલ્લે ફક્ત ચાર રનથી ભારતે પરાજિત થવું પડ્યું હતું.



રેણુકા ઠાકુર

વિમેન્સ વન-ડેના આઇસીસી રૅન્કિંગમાં ભારત ત્રીજા સ્થાને છે. ઑસ્ટ્રેલિયા પ્રથમ ક્રમે, ઇંગ્લૅન્ડ બીજા ક્રમે અને સાઉથ આફ્રિકા ચોથા ક્રમે છે. હવે સેમિ ફાઇનલમાં ભારત સામે ટૉપ-ફોરની ત્રણેય ટીમ આવી છે અને એમની સામે ભારતે ઝીંક ઝીલવાની છે. લીગ સ્તરે ભારતે ત્રણેય ટીમને જોરદાર ટક્કર આપી એ જોતાં સેમિ ફાઇનલમાં (જો ભારત જીતશે તો) ફાઇનલમાં ભલભલી મજબૂત ટીમને હરાવીને પ્રથમ વાર વર્લ્ડ કપ જીતવાની કૅપ્ટન હરમનપ્રીત અને વાઇસ-કૅપ્ટન સ્મૃતિ મંધાનાની ટીમમાં ક્ષમતા છે.

આપણે, ગર્વથી કહી શકીએ છીએ કે આ વખતે તો ભારત પહેલી વાર ચૅમ્પિયન બનવા શક્તિમાન છે જ.

રવિવારે (૨૬મી ઑક્ટોબરે) ભારતે બાંગ્લાદેશ સામે રમવાનું છે અને એ મુકાબલો અનૌપચારિક બની રહેશે, કારણકે ભારતીય ટીમ સેમિ ફાઇનલમાં પહોંચી ગઈ છે.

૧૨મી ઑક્ટોબરે વિશાખાપટનમમાં ઑસ્ટ્રેલિયા સામે પ્રતીકા રાવલ (૯૬ બૉલમાં ૭૫ રન) અને સ્મૃતિ મંધાના (૬૬ બૉલમાં ૮૦ રન)ની જોડીએ ૧૫૫ રનની ઓપનિંગ પાર્ટનરશિપ કરી હતી, પણ સ્મૃતિ આઉટ થયા બાદ ટીમની સ્થિતિ બગડતી ગઈ અને બાકીની બૅટર્સમાંથી એક પણ બૅટર ૪૦ રન સુધી પણ નહોતી પહોંચી શકી. એ તો ઠીક, પણ ભારતે છેલ્લી છ વિકેટ માત્ર ૩૬ રનમાં ગુમાવી હતી.

સૌથી મહત્ત્વની વાત એ છે કે ઑસ્ટ્રેલિયા, ઇંગ્લૅન્ડ અને સાઉથ આફ્રિકા જેવી સ્ટ્રૉન્ગ ટીમો સામે હાર્યા પછી પણ ભારતીય ટીમ સેમિ ફાઇનલમાં પહોંચી એ જ બતાવે છે કે આ વખતે ઘરઆંગણે આવેલી ટ્રોફી જીતીને નવો ઇતિહાસ સર્જવાની વિમેન ઇન બ્લુમાં તાકાત છે જ.

અહીં મુદ્દાની વાત એ છે કે જો પ્રતીકા રાવલ અને સ્મૃતિ મંધાનાની જોડી ક્લિક થશે તો સેમિમાં કોઈ પણ ટીમ સામે જીતવું અસંભવ નથી. ગુરુવારની જ વાત કરીએ. ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં ન્યૂ ઝીલૅન્ડ સામેની ડુ ઑર ડાય જેવી મૅચમાં પ્રતીકા-સ્મૃતિની જોડીએ કમાલ જ કરી નાખી હતી. બન્નેએ સેન્ચુરી ફટકારી હતી. પ્રતીકાએ ૧૨૨ રન અને સ્મૃતિએ ૧૦૯ રન કર્યા હતા. એટલું જ નહીં, બન્ને ઓપનરે ૨૧૨ રનની વિક્રમજનક ભાગીદારી કરી હતી અને ભારતને ૩/૩૪૦નો વિક્રમી સ્કોર અપાવ્યો હતો. જોકે એમાં જેમાઇમા રૉડ્રિગ્સ (૭૬ અણનમ)નું પણ મહત્ત્વનું યોગદાન હતું. જેમાઇમા થોડો સમય ફૉર્મમાં નહોતી, પણ ગુરુવારે વનડાઉનમાં આ મુંબઈ-ગર્લને મોકલવામાં આવી અને તેણે ફરી પોતાની કાબેલિયત બતાડી દીધી હતી.



સ્નેહ રાણા અને સ્મૃતિ મંધાના

ભારતની બૅટિંગ લાઇન-અપ ખૂબ ઊંડે સુધી પ્રબળ છે. જેમાઇમાના ત્રીજા નંબરથી આગળ વધીએ તો હર્લીન દેઓલ, ખુદ કૅપ્ટન હરમનપ્રીત કૌર પણ ટીમને ખૂબ ઉપયોગી યોગદાન આપી શકે. મિડલ-ઑર્ડરમાં વિકેટકીપર રિચા ઘોષ પણ ભરોસાપાત્ર છે. નવમી ઑક્ટોબરે સાઉથ આફ્રિકા સામે તેણે છેક આઠમા નંબર પર બૅટિંગ કરવા આવીને ૯૪ રન કર્યા હતા. કમનસીબે ભારતનો એમાં પરાજય થયો હતો, પણ સેમિ ફાઇનલમાં હરીફ ખેલાડીઓ રિચાને કાબૂમાં રાખવા કોઈ કસર બાકી નહીં રાખે. ઑલરાઉન્ડર દીપ્તિ શર્માને જો હરીફો નબળી માનશે તો જરૂર પસ્તાશે. બોલર્સની વાત કરીએ તો ખુદ દીપ્તિ ઉપરાંત ક્રાંતિ ગૌડ, રેણુકા સિંહ ઠાકુર, શ્રી ચરની, સ્નેહ રાણા બાજી ભારતની તરફેણમાં લાવી શકે એમ છે.

ડિફેન્ડિંગ ચૅમ્પિયન ઑસ્ટ્રેલિયા આ વખતે ફરી ચૅમ્પિયન બનવા માટે પણ સૌથી વધુ દાવેદાર છે અને માની લઈએ કે ભારતે આ ટૂર્નામેન્ટમાં ફરી એનો સામનો કરવો પડશે તો અમુક બાબતો હરમનપ્રીત અને તેની સાથીઓએ ખાસ ધ્યાનમાં રાખવી પડશે. લીગ સ્તરે ઑસ્ટ્રેલિયા સામે નજીવા માર્જિનથી પરાજિત થયેલી ભારતીય ટીમને એ મૅચમાં હોસ્ટ ટીમ હોવાનો પૂરેપૂરો ફાયદો મળ્યો હતો, સ્થાનિક પરિસ્થિતિઓ તેમ જ પિચની સમજ, હજારો પ્રેક્ષકોનો સપોર્ટ તેમ જ ટીમનો આત્મવિશ્વાસ, બધું જ ભારતની તરફેણમાં હતું. એવું જ હવે સેમિ ફાઇનલમાં અને (એમાં વિજય મળ્યા પછી) ફાઇનલમાં ઉપલબ્ધ થશે. કારણ એ છે કે આખો નૉકઆઉટ રાઉન્ડમાં ભારતમાં યોજાવાનો છે, કારણકે કોલંબોમાં મેઘરાજાને કારણે ઘણી મૅચો અનિર્ણીત રાખવી પડે અને આયોજકો નથી ઇચ્છતા કે નૉકઆઉટ રાઉન્ડમાં એનું પુનરાવર્તન થાય.

લીગ રાઉન્ડના છેવટના દિવસો સુધી મનાતું હતું કે ઑસ્ટ્રેલિયા, ઇંગ્લૅન્ડ અને સાઉથ આફ્રિકાની ત્રણેય મજબૂત ટીમમાંથી કોઈ એક ટીમ ટ્રોફી જીતી શકે એમ છે. જોકે ભારતે સેમિ ફાઇનલમાં ધમાકેદાર એન્ટ્રી કરીને સંકેત આપી દીધો છે કે ટ્રોફી માટે આ હોમ-ટીમ પણ પ્રબળ દાવેદાર છે. ■

# માન્ગા મ્યુઝિયમ - અનોખી ચિત્રવાર્તાઓના સર્જનને સમજવાની મજા...

અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

કોને ખબર હતી કે અમને ક્યોટોમાં ફરવાનું ટોક્યો કરતાં વધુ મુશ્કેલ લાગશે. ખાસ તો એટલા માટે કે ટોક્યો માટે અમે પૂરતી તૈયારી કરી હતી. દરેક સ્થળને ટાઇમ કરેલું. કેટલો સમય જિબલી મ્યુઝિયમ અને કેટલો સમય ટીમ લેબ્સમાં, દરેકની ટિકિટો, ટ્રેઇનો, ખાણીપીણીનાં સ્થળોનું લિસ્ટ તૈયાર હતું. આગળના પ્રવાસમાં અમે થોડી ફ્લેક્સિબિલિટી માણીશું એમ માનીને ખાલી હાઇલાઇટનો જ પ્લાન કરેલો. અને બન્યું એવું કે ક્યોટોનો જાણે દરેક વિસ્તાર એકબીજાથી અલગ હોય તેવું લાગતું હતું. દરેકની પોતાની આગવી ખાસિયતો હતી. એટલું જ નહીં, અહીં ૧૬૦૦ જેટલાં તો માત્ર મંદિરો જ છે. એક વાર ફુશિમી શ્રાઇન જોયા પછી અમે એકસરખી લાગતી દરેક શ્રાઇનને સમય આપી શકવાનાં ન હતાં. છતાંય ત્યાંનો માહોલ અને દરેક મંદિર સાથે સંકળાયેલી વાર્તાઓમાં મજા આવતી હતી.

હવે ઐતિહાસિક શ્રાઇન, આર્કિટેક્ચર, પૌરાણિક સંસ્કૃતિની વાર્તાઓ, આ બધું તો જાપાનીઝ શહેરોનાં ટેમ્પલેટ જેવું જ બની ગયું હતું. ક્યોટોમાં તેમાં શ્રાઇન આસપાસના બગીચા અને બામ્બુ ફોરેસ્ટ ઉમેરાયાં હતાં. અહીં ટોક્યો જેવો હાઇ-ટેક ઓવરલોડ ન હતો, પણ અહીં એક ખાસ મજાની જગ્યા હતી જે ટોક્યો પણ મિસ કરી ગયું હતું અને તે છે, નાકાગ્યો વિસ્તારનું ઇન્ટરનેશનલ માન્ગા મ્યુઝિયમ. માન્ગા એક આર્ટ ફોર્મ તરીકે છેલ્લા એક દશકમાં એટલી વાઇરલ થઈ ગઈ છે કે તે માત્ર ચિત્રવાર્તાઓ મટીને દુનિયાભરનાં ટી-શર્ટ્સ, શોપીસ, એસેસરીઝ, પર્સનલાઇઝ્ડ ટોય્ઝ અને કોસ્ચ્યુમ પાર્ટીઝનાં કેરેક્ટરોમાં નજરે પડવા લાગી છે. માન્ગા વાર્તાઓ પર આધારિત સિરીઝ અને ફિલ્મો પણ હવે મોટી સંખ્યામાં જોવા મળી જાય છે. એવામાં માન્ગાની હિસ્ટ્રી અને તેના સર્જનની પ્રોસેસ વિષે થોડું વધુ જાણવા મળી જાય તો કેવી મજા પડે.

મેં ભૂતકાળમાં માન્ગા વાંચવાની અને તેની વાર્તાઓ પર આધારિત ફિલ્મો જોવાનો ઘણો પ્રયત્ન કર્યો છે. કદાચ સાચી દિશામાં પ્રયત્ન ન થવાના કારણે તેની વાર્તાઓમાં કદી સ્ટોરીલાઈન અને તેની લોકપ્રિયતાની વાતોથી આગળ વધી શકાયું નથી. મારાં ઘણાં મિત્રો એકદમ પાક્કાં 'ઓટાબુ' એટલે કે માન્ગા ફેન્સ છે. આ જાપાનીઝ આર્ટ ફોર્મનાં ચાહકોને ખાસ નામ આપવામાં જાપાન જરાય પાછું પડે તેવું નથી. મલ્ટિપેનલ કાર્ટૂન કે કોમિક્સની દુનિયામાં કોઈ નવાઈ નથી, છતાંય જિબલીની માફક માન્ગા પણ પોતાની આગવી ઓળખ બનાવીને બેઠું છે. ઘણાં અંશે તો માન્ગા જિબલી કરતાં વધુ ઇન્ટેન્સ અને પોપ્યુલર માની શકાય.

માન્ગાની મૂળ પ્રેરણા તો વેસ્ટર્ન કોમિક સ્ટ્રિપ પરથી જ આવેલી. આ પ્રકારની વાર્તાઓ જાપાનમાં ૧૯૨૦ના દશકમાં લોકપ્રિય બનેલી. અમને આ બધું માન્ગા મ્યુઝિયમના અનોખા બિલ્ડિંગમાં જાણવા મળી રહ્યું હતું. આ ઇમારતમાં સ્કૂલ જેવી ફીલિંગ આવતી હતી. અને થોડી જ વારમાં એ પણ જાણવા મળી ગયું કે માન્ગા મ્યુઝિયમ બનતા પહેલાં અહીં પ્રાઇમરી સ્કૂલ જ હતી. મોટા કોરિડોર અને ઓરડાઓનો સેટઅપ એકદમ સ્કૂલની જ યાદ અપાવતો હતો. કલ્ચર ભલે અલગ હોય, દરેક દેશની શાળાઓમાં એકધારી વાઈબ હોય છે. જોકે આજે ત્યાં માન્ગા મ્યુઝિયમ બની ગયા પછી પણ લોકોને શીખવાનો મોકો તો મળ્યા જ કરે છે. ખાસ તો ત્યાં ચાલતા માન્ગા સ્ટુડિયોમાં તો દર થોડા થોડા મહિને ખ્યાતનામ માન્ગા સર્જકો આવીને ત્યાંના રજિસ્ટર્ડ સ્ટુડન્ટ્સને માન્ગા કઈ રીતે બને છે તેની વર્કશોપ પણ આપે છે. એટલું જ નહીં, મુલાકાતીઓ પણ ત્યાં માન્ગાનો બેક-સ્ટેજ અનુભવ લઈ શકે છે.







ધીમે ધીમે જનરેટિવ એઆઈના કારણે ઘણાં કન્ટેન્ટને બનાવવાનું સાવ સરળ બની જશે, એવામાં ઓરિજનલ સર્જનનું મૂલ્ય વધુ મહત્ત્વનું બનીને રહેશે, એવું એક ખાસ વર્ગ માને છે. ખરેખર દુનિયા ઓરિજનલ સર્જકોને કઈ રીતે ટ્રીટ કરશે એ તો સમય સાથે જ જાણવા મળશે. હાલમાં તો ત્યાં માન્ગા મ્યુઝિયમમાં માન્ગા સર્જકોને સુપરસ્ટાર્સ માનવામાં આવે છે. તેમની સાથે થોડો સમય વિતાવવા માટે, તેમને કામની, પાત્રોની, વાર્તાઓની પ્રેરણા ક્યાંથી મળે છે. તેઓ કયાં ટૂલ્સ વાપરીને ચિત્રો બનાવે છે, એ બધું ત્યાં વર્કશોપ વિના પણ જાણવા મળી જાય છે. દર શનિ-રવિમાં તો ત્યાં માન્ગા કાઉન્સેલિંગ પણ થાય છે, એટલે તમે જો માન્ગા નવું નવું બનાવતાં શીખ્યા હોવ તો આ જ એક્સપર્ટ સર્જકો પાસે પોતાનું કામ લઈ જઈને તેમની પાસેથી માર્ગદર્શન પણ મેળવી શકાય. અને કેમ ન હોય, ક્યોટો સાઇકા યુનિવર્સિટીમાં માન્ગાનો આખો ડિપાર્ટમેન્ટ છે. હવે ત્યાંના એક્સપર્ટ અહીં પણ સેવા આપે છે. માન્ગાની દુનિયામાં કારકિર્દી બનાવવા તત્પર લોકોને જાઈને અમારો મ્યુઝિયમ પ્રત્યેનો ઉત્સાહ પણ ઓર વધી ગયેલો.




માન્ગાની લોકપ્રિયતાને એનિમે સાથે સાંકળી શકાય કે નહીં તેવા વધુ એક પ્રશ્નનો જવાબ અમે ત્યાં મેળવ્યો. ખાસ તો એ કે એનિમે એનિમેટેડ કાર્ટૂન છે, જ્યારે માન્ગા કોમિક બુક ફોરમેટની ચિત્રવાર્તાઓ. એટલું જ નહીં, ઓરિજિનલ વિકલી મેગેઝિન ફોરમેટના કારણે મોટા ભાગે માન્ગા આજે પણ બ્લેકએન્ડવ્હાઇટ ફોરમેટમાં જ જોવા મળે છે. જો કે હવે તો કલર માન્ગા પણ હાજર છે જ. ડ્રેગન બોલ, નારુટો, ડિમન સ્લેયર જેવી માન્ગા તો ભારતમાં પણ ઘણી લોકપ્રિય થયેલી. નારુટોના પોપ આર્ટ અને મર્ચન્ડાઇઝ તો ભારતમાં પણ દરેક શહેરમાં ઠેકઠેકાણે જોવા મળી જાય છે. માન્ગા શું છેથી ત્યાંથી માંડીને તેને કઈ રીતે બનાવવામાં આવે છે અને તેની ૩૦૦,૦૦૦થી વધુ અલગ અલગ ફોરમેટની વાર્તાઓ આ મ્યુઝિયમમાં છે તે જાણ્યા પછી માન્ગાને ફરી એકવાર માણવાની શરૂઆત કરવાની ઇચ્છા થઈ આવી હતી. અંતે તો આ મ્યુઝિયમને એક ભવ્ય માન્ગા લાઇબ્રેરી જ કહી શકાય.



નાકાગ્યો વિસ્તારમાં આ ઉપરાંત એક કાસલ અને ખ્યાતનામ ફૂડ માર્કેટ પણ છે. જોકે માન્ગાનાં ફેન્સ ન હોવા છતાં અમે ત્યાં વાર્તાઓ અને તેના સર્જનની પ્રોસેસમાં તલ્લીન થઈ ગયેલાં. જાપાનમાં હજી સુધી દરેક પ્રવૃત્તિ આગવી અને અનોખી નીવડી હતી. નાકાગ્યોને માંડ અડધો દિવસ ફાળવેલો. હવે બે દિવસ પણ ઓછાં પડે તેવું થઈ ગયું હતું. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક નજર ઈધર ભી...

કામિની શ્રોફ
feedback@bombaysamachar.com

# ૨૩મા તીર્થંકર-૨૪ કેરેટનો હીરોઃ એન્ટવર્પ

**બેલ્જિયમનું આ શહેર ડાયમંડ કેપિટલ, દેરાસર અને રેલવે સ્ટેશન માટે પ્રખ્યાત છે.**


સૌથી સુંદર સ્ટેશનનો ખિતાબ મેળવનારું એન્ટવર્પ રેલવે સ્ટેશન


દેરાસરઃ યુરોપનું સૌથી પ્રખ્યાત જૈન તીર્થસ્થાન

એન્ટવર્પ...

બેલ્જિયમના આ શહેરનું નામ ચોક્કસ કારણોસર આજની તારીખમાં ખરડાયું ભલે હોય, પણ એક સમય હતો જ્યારે એનું નામ પડતાં જ વેપારી વર્ગ, વિશેષ કરી પાલનપુર અને સૌરાષ્ટ્રના હીરા વેપારીઓની આંખોમાં ૨૪ કેરેટના હીરાની ચમક દમક જોવા મળતી હતી. અત્તરની નગરી (માટીનાં અત્તર સ્પેશ્યાલિટી), શાયરોની નગરી (શૂન્ય પાલનપુરી, સૈફ પાલનપુરી, ઓજસ પાલનપુરી...) અને હીરા નગરી તરીકે જાણીતા આ શહેરના જૈન વેપારીઓ વિશ્વના હીરા ઉદ્યોગમાં જે દબદબો નિર્માણ કર્યો એમાં એન્ટવર્પનું વિશિષ્ટ સ્થાન છે.

એન્ટવર્પમાં યહૂદીઓના આગમનથી હીરાનો બિઝનેસ ફૂલ્યોફાલ્યો અને ૧૯મી સદીમાં તો એન્ટવર્પ વિશ્વના 'ડાયમંડ કેપિટલ' તરીકે પંકાઈ ગયું. જોકે, ૧૯૬૦થી એમની સંખ્યામાં ઘટાડો થવા લાગ્યો અને એનું કારણ?

કારણમાં મુંબઈ અને સુરતમાં વસતા પાલનપુરી જૈન વેપારીઓ અને સૌરાષ્ટ્રના પટેલોનું એન્ટવર્પમાં આગમન.

'શેરને માથે સવાશેર' કહેવત અનુસાર હીરા વેપારમાં પારંગત યહુદીઓને ટક્કર આપવા ભારતીય વેપારીઓએ એક રણનીતિ અપનાવી. યહૂદી ડાયમંડ ટ્રેડર્સ નાના હીરાને અડતા પણ નહીં અને મોટા કામકાજને જ પ્રાધાન્ય આપતા. એમની લેબર કોસ્ટ પણ ઊંચી. ૧૯૬૦થી એન્ટવર્પમાં નિયમિત આવવા લાગેલા ગુજરાતી વેપારીઓએ કિંમતમાં સસ્તા રફ હીરા પૉલિશ કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું અને એમનો ધંધો વધવા લાગ્યો. સસ્તા હીરા ઉપરાંત સસ્તી મજૂરી એમ બે ઘોડે પલાણ કરવા મળતા ગુજરાતીઓનો બિઝનેસ એવો દોડવા લાગ્યો કે યહૂદીઓ હાંફી ગયા.

એન્ટવર્પની સફળતામાં બીજી એક વાત પણ નોંધવા જેવી છે કે યહૂદીઓનો ધર્મ તેમને શુક્રવારે સૂર્યાસ્ત થયા પછી શનિવારના સૂર્યાસ્ત સુધી બિઝનેસ કરવાની અનુમતિ નહોતો આપતો. ભારતીયો અને ખાસ કરી ગુજરાતી વેપારીઓનું 'ધંધો પહેલા' સૂત્ર અહીં કારગત નીવડ્યું.

એન્ટવર્પના ડાયમંડ ડિસ્ટ્રિક્ટમાં ભારતીય વેપારીઓના ઉદય સાથે યહૂદીઓની ઈજારાશાહીના અંતનો આરંભ થયો એ હકીકત તો એ લોકો સુધ્ધાં સ્વીકારે છે. વીસમી સદીના છેલ્લા દાયકામાં સેંકડો યહૂદી વેપારીઓએ પેઢીઓ સંકેલી હીરા બજારના ધંધાને બાયબાય કરી દીધું. એન્ટવર્પની વસતિ સાડા પાંચ લાખ છે, એમાંથી ગુજરાતીઓની સંખ્યા ત્રણેક હજાર માંડ હશે અને એમાંના ૮૦ ટકા એટલે કે અઢી હજારની આસપાસ જૈન પરિવારના સભ્ય છે.

**દેરાસરઃ**

જૈનોની વસતિ હોય ત્યાં દેરાસર ન બંધાય તો જ નવાઈ. પછી એ એન્ટવર્પ કેમ ન હોય.૧૯૬૦થી ૧૯૯૦ દરમિયાન એન્ટવર્પમાં જૈનોની સંખ્યા વધી જતા 'જૈનમ્ જયતિ શાસનમ્'ની ભાવનાને અનુસરી ૧૯૯૦માં દેરાસર બાંધવાનો નિર્ણય સમુદાયે લીધો. સમાજની દૂરંદેશી જુઓ. ભવિષ્યમાં દેરાસર તો બાંધવાનું જ છે એટલે વર્ષો પહેલાં પૈસાની સગવડ થઈ ત્યારે એક બેલ્જિયમ કંપની પાસેથી ચાર હજાર ચોરસ મીટર પ્લોટ ખરીદી લીધો હતો. ૧૯૯૨માં 'જૈન કલ્ચરલ સેન્ટર' નામની કમિટી રજિસ્ટર કરી અને દેરાસર બાંધકામની વ્યવસ્થાનાં સૂત્રો આ કમિટીને સોંપવામાં આવ્યાં હતાં. એન્ટવર્પના જૈન સમુદાયના લોકોના ડોનેશનથી આ દેરાસર ઊભું કરવાનું નક્કી કરવામાં આવ્યું. દેરાસર એક હજાર ચોરસ મીટરમાં ફેલાયેલું છે અને ૨૦૧૦માં ૨૩મા તીર્થંકર મૂળનાયક પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા સાથે દેરાસરની પ્રતિષ્ઠા થઈ હતી. એના બાંધકામની શરૂઆત ૧૯૯૦ - ૯૧માં ભારતમાં કરી ૨૦૦૦ની સાલમાં એનું બાંધકામ પૂર્ણ થયા પછી એનો દરેક હિસ્સો છૂટો પાડવામાં આવ્યો હતો. છૂટા પાડવામાં આવેલા ભાગ જહાજ વાટે બેલ્જિયમ મોકલવામાં આવ્યા હતા અને અત્યારે જ્યાં ઊભું છે એ જ સ્થળે એની નવેસરથી ઉભારણી કરવામાં આવી હતી. એવી ચીવટ રાખવામાં આવી છે કે એન્ટવર્પમાં દેરાસર જોતી વખતે સહેજ પણ ખ્યાલ નથી આવતો કે પુનઃ બાંધકામ કરવામાં આવ્યું છે. યુરોપના અનેક શહેરોમાંથી લોકો યુરોપના આ એકમાત્ર દેરાસરમાં દર્શન કરવા આવે છે.

**ડાયમંડ મ્યુઝિયમઃ**

મ્યુઝિયમના છ રૂમની સફર આહલાદક છે. પહેલી રૂમમાં હીરાના વ્યવસાયનો ઈતિહાસ અને અલભ્ય ચીજવસ્તુઓનો સંગ્રહ જોવા મળે છે. બીજો રૂમ ડાયમંડ પ્રોસેસિંગ માટે છે અને સાથે હીરાને કઈ રીતે ઘાટ આપી એની વીંટી બનાવાય છે એની શોર્ટ ફિલ્મ દેખાડવામાં આવે છે. ત્રીજી રૂમમાં હીરાના વેપાર પર ફોક્સ કરી વિશ્વભરમાંથી હીરા કઈ રીતે એન્ટવર્પમાં આવે છે એનું ચિત્રણ છે. ચોથી રૂમમાં ચાંદીની વસ્તુઓનો સંગ્રહ જોવા મળે છે. પાંચમો રૂમ વધુ ધ્યાન માગી લે છે, કારણ કે અહીં અસલી - નકલી હીરાના સર્ટિફિકેટ વિશે જાણકારી આપવામાં આવે છે અને હીરાની પ્રખ્યાત લૂંટની કથા સાંભળવા મળે છે. છઠ્ઠા અને અંતિમ રૂમમાં રાણી વિક્ટોરિયા અને મેરિલીન મનરોએ પરિધાન કરેલા મૂલ્યવાન હીરાનું સૌંદર્ય દર્શન થાય છે. વિશિષ્ટ વ્યક્તિઓ દ્વારા પહેરવામાં આવેલા હીરાના મૂલ્યવાન આભૂષણો અહીં જોવા મળે છે. આ અનુભવ એક વિશિષ્ટ સંભારણું બની રહે છે.

**કારની પર્સનલ નંબર પ્લેટઃ**

ગુજરાતી પ્રજા પાસે મબલક નાણું હોવાથી એનો ઉપયોગ વ્યક્તિગત - અંગત શોખ - ઈચ્છા પૂરી કરવા માટે થાય એ સ્વાભાવિક છે. આ શોખ અને ઈચ્છામાં ઘરની સજાવટ અને મોંઘીદાટ મોડર્ન કારનો સમાવેશ થાય છે. દેરાસર નજીક રહેતા કેટલાક પરિવારના આલીશાન બંગલાના નામ 'અરિહંત', 'નવકાર' અને 'જિનેન્દ્ર' ઉપરાંત પારિવારિક અટકના નામ પણ જોવા મળે છે. ધર્મ પ્રત્યેના લગાવનું આ પરિણામ છે એવું વેપારી વર્ગનું કહેવું છે. અલબત્ત, આ શોખ - ઈચ્છાનું વિસ્તરણ કારની નંબર પ્લેટ સુધી થયું હોવાનું જોવા મળે છે. ઊંચી કિંમત ચૂકવી વેપારી વર્ગ વ્યક્તિગત નામ અથવા અટકની નંબર પ્લેટ વટથી કાર પર મુકાવે છે.

**એન્ટવર્પ સેન્ટ્રલ રેલવે સ્ટેશનઃ**

વિશ્વના 'મોસ્ટ બ્યુટીફૂલ સ્ટેશન'નો ખિતાબ એકથી વધુ વાર મેળવનારા આ સ્ટેશનને 'રેલવે કથિડ્રલ' (રેલવેનું મંદિર) તરીકે સંબોધે છે. આ એકમાત્ર વિધાન આ સ્ટેશન રહેવાસીઓમાં કેવું વિશિષ્ટ સ્થાન ધરાવે છે એનો ખ્યાલ આપે છે. સ્ટીલ અને પથ્થરના બનેલા આ બિલ્ડિંગનું બાંધકામ ૧૯૦૫માં થયું હતું. ૧૯૮૬થી સંરક્ષિત ઈમારતનું લેબલ મેળવનારી ઈમારતની ખ્યાતિ એવી છે કે એન્ટવર્પની ટુર દરમિયાન એક રમણીય સ્થળ તરીકે સહેલાણીઓને બતાવવામાં આવે છે. આ સ્ટેશનથી આંતરરાષ્ટ્રીય સફર કરી લંડન ઉપરાંત યુરોપનાં પ્રખ્યાત શહેરો ફ્રાન્સના પેરિસ, નેધરલેન્ડ્સના એમ્સ્ટર્ડમ અને જર્મનીના કોલોન શહેર પણ જઈ શકાય છે. ■



વ્યક્તિગત નામ ધરાવતી કારની નંબર પ્લેટ


ડાયમંડ મ્યુઝિયમઃ
હીરા બજારનું નજરાણું

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# આપણને ગમતું ભવિષ્ય લખે તે જ્યોતિષ ઉત્તમ...



**દિવાળીથી** અત્યાર સુધીમાં લગભગ તમામ ભાષાના રાશિફળ વાંચી ચૂક્યો છું...જ્યાં સુધી મને સારું લાગે તેવું મારું ભવિષ્ય ફળ વાંચવા ન મળ્યું ત્યાં સુધી જે કાગળમાં ભજિયા વીટીને આવ્યા હતા તે કાગળનું પણ લખાણ વાંચી લીધું.

લ્યો, જ્યોતિષાનંદ સ્વનામ જલસાઘરનાં પ્રણેતા મિલનમસ્ત સ્વામીની કલમે મોજ કરો...

વાર્ષિક રાશિ ભવિષ્ય ફળ (આમ તો આપણા સ્વભાવ પર અવલંબે છે. કોઇની સળી ન કરો તો સારું જ છે તો પણ જાણવાની તીવ્ર ઇચ્છા એ અંદરનો કીડો છે )

મેષ થી મીનનું સંયુક્ત કથન.....

બંધબેસતુ ઓઢી લ્યો ચાલો...

શુભાશુભ તારીખો ...

આપની સેલરીની તારીખથી લઈને પંદર દિવસ સુધીની તારીખો શુભ રહેશે....સરકારી કર્મચારીઓને ટેબલ નીચેથી સરકતું કંઇક આવે તો મહિનો આખો મોજ રહેશે. બાકીનાં આશાવાદી રહેવાય તો રહેજો...

પ્રોગ્રામનું પેમેન્ટ ઉઘરાણી કર્યા વગર પાકે ક્રેડિટ કાર્ડનો ઉપયોગ ટાળવો... મહેમાન કરતાં ઉઘરાણીવાળાની અવર-જવર વધવાની શક્યતા છે....

લગ્ન દાંપત્યજીવન વિશે,,,

જેમના લગ્ન ન થયા હોય અને હવે થશે તેવા જાતકોને શરૂઆતના ત્રણ મહિના શુક્ર ઉચ્ચનો રહે, ત્યાર બાદ શન્ની (ડબલ)ની આજીવન પનોતી શરૂ થાય...

જે લોકો પનોતીની અસર હેઠળ છે તેમની જેમ જેમ ઉંમર વધે તેમ પનોતી કોઠે પડી જાય. અને સહનશક્તિ વધતાં પનોતીને નજર અંદાજ કરતા શીખી જવાય...

કઠણાઈ લાગતી હોય તો પત્નીને કટકે કટકે વર્ષમાં બે તોલા સોનું ચડાવવું...

આરોગ્ય - પ્રવાસ...

પત્ની જે રસોઇ બનાવે તેના પર આપનું આરોગ્ય નિર્ભર છે.

ખાવાની ખોટી ખોટી માગણીઓ આરોગ્ય ને અયોગ્ય કરી શકે છે... શરીર પર લીલા ચકામા થવા સુધીની સંભાવના છે.

રસોઇ- શો જોતી પત્નીના પતિએ મન-તન મક્કમ કરી જાતભાતના પ્રયોગ માટે તૈયાર રહેવું...

ના પાડવાથી દંત વિસર્જન કે અસ્થીભંગના યોગ બની શકે છે...

અતિ મોડર્ન વહુને શીરો હલાવવાનું ન કહેવું. મૂડમાં નહીં હોય તો તમારા આખા કુટુંબને હલાવી નાખશે તેવી શક્યતા છે...

પ્રવાસ યોગ...

પ્રવાસમાં માદક વાસ આવે તેવાં પીણાંથી દૂર અને પત્નીની નજીક રહેવું હિતાવહ...

પ્રવાસ દરમિયાન આપની બીજી દ્રષ્ટિ કોઇની પ્રથમ દ્રષ્ટિ પર પડે નહી તેનું ધ્યાન રાખવું... અને છતાંય પડે તો પત્નીની વક્ર દ્રષ્ટિથી બચવું.

મોબાઇલ જિંદગી...

માતા- પિતાએ પોતાનો મોબાઈલ સમજણા સંતાનોથી દૂર રાખવો હિતાવહ છે....

વિના પ્રયત્ને આપનો એફબી અભ્યાસ ચાલુ રહે...

બકવાસ પોસ્ટો પર પણ લાઇક કોમેન્ટ્સ મળવાના યોગ છે.

મોડી રાત્રે ચેટિંગમાં ન પડવું... ચીટિંગ થઈ જવાનાં પ્રબળ યોગ છે.

નોકરી...

જેને હોય ઇ ભાગ્યશાળી...

મોંઘવારી ભથ્થું ટેબલ નીચે પણ વધતું રહેશે..

આ વર્ષે ધંધો થાય તો કરવો....નહીંતો એફબી, વોટસઅપ, ઇન્સ્ટા પર સમાજ , દેશ અને નેતાઓને સલાહો આપવી કે ગાળો લખવી જેથી મન શાંત રહે...

કઈ વસ્તુના ભાવ વધ્યા તેના કરતાં કઈ વસ્તુના ઘટ્યા તેનું ધ્યાન રાખવું. આનાથી સકારાત્મક ઊર્જાનું નિર્માણ થાય.

જમીન - મકાન - સંપત્તિ...

જમીન હોય તો વેચવી...એના આવેલા પૈસાથી આપની સમસ્યાઓનો હાલ પૂરતો અંત આવે....

પિતાએ બનાવેલું મોટું મકાન હોય તો આ વરસે આપ તેનું રંગરોગાન કરાવી શકો તેવા યોગ લોન લઇને ઊભા કરી શકશો....સંપત્તિમાં શેરબજારના સર્ટિફિકેટ પસ્તી થઈ જવાના યોગ છે...

શત્રુ - કોર્ટ - કચેરી......

શત્રુથી ડરવાનું કારણ નથી એ તમારાથી ડરે છે તેમ માનવું. ખોટું કોર્ટે ચડવું નહીં....ધન, ધીરજ ને ધક્કા યાદ રાખો તો સહનશક્તિ વધશે. છતાં પણ કોર્ટમાં જવાનું મન થાય તો ટેનિસ કોર્ટ કે બાસ્કેટબોલ કોર્ટ પર આટો મારી આવવો...

વિદેશ યોગ...

ખૂબ પ્રબળ વિદેશ યોગ છે એટલે કે આપના ફેસબુકમાં વિદેશી માનુનીઓની ફ્રેન્ડ રિક્વેસ્ટ આવવાના યોગ છે...

વિદેશી માનુનીઓ સાથે પણ હિન્દીમાં વાત કરશો તો જવાબ આવશે તે પરથી સમજદારી વિકસવાના યોગ છે. ■

**વિચારવાયુઃ**

***સોનું- ચાંદી લેતા અને જરૂરિયાત મંદને જોઈતી મદદ કરતા છાતી ન થડકે એટલું ઈશ્વર પાસે માગવું.***

## ભાત ભાત કે લોગ

જવલંત નાયક
feedback@bombaysamachar.com

# 'મહાન ક્રાન્તિકારી'ની જેને ઉપમા મળી એ ચે ગુવેરા એવો હતો ખરો?

**એ 'ક્રાન્તિકારી' કરતાં ક્રૂર સરમુખત્યાર જેવો વધુ હતો...!**

*Let me say that the true revolutionary is guided by a great feeling of love. It is impossible to think of a genuine revolutionary lacking this quality.*
*-Che Guevara*

આ બે શબ્દ યુવાનોને બહુ જલ્દી આકર્ષે છે પ્રેમ અને ક્રાંતિ. કમનસીબે મોટા ભાગના કેસમાં બેઉ છેતરામણાં નીવડે છે. છેલ્લા થોડા મહિનાઓ દરમિયાન દુનિયાના અનેક દેશમાં 'જેન ઝી' તરીકે ઓળખાતી યુવા પેઢી પોતાના જ દેશની સરકારો સામે જંગે ચઢી છે. સરકારો બદલવાના આ ઉદ્યમને ક્રાંતિ કહી શકાય? ભોળી જનતાને એવું જ લાગે છે. વાસ્તવિકતા જુદી છે. વીસમી સદી દરમિયાન અને ત્યાર પછી થયેલી મોટા ભાગની ક્રાંતિઓએ જૂના પાપને યથાવત રાખીને અનેક નવી સમસ્યાઓને જન્મ આપ્યો છે. એ ઉપરાંત જે યુવાનો ઉંમર સહજ જોશથી દોરવાઈને ક્રાંતિની આગમાં કૂદી પડે છે એ પોતે જ આગળ જતા રાક્ષસ બની જાય એવી શક્યતા પૂરેપૂરી.

ઉપરોક્ત જેનાં શબ્દો ટાંકયા છે તે ચે ગુવેરા (કે ગ્વેરા) એનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. આ ચે પોતે વીસમી સદીનો સૌથી મહાન ક્રાંતિકારી ગણાય છે. આખી દુનિયાના યુવાનોએ ચે ગુવેરાને બહુ સરળતાથી રોલ મૉડેલ તરીકે અપનાવી લીધો. ગુવેરા કહે છે કે સાચો ક્રાંતિકારી પ્રેમની મહાન લાગણી થકી દોરવાતો હોય છે. જેનામાં આવી લાગણી ન હોય એવો માણસ ખરો ક્રાંતિકારી બની શકે એવી કોઈ શક્યતા જ નથી. વાત સાચી છે, પણ ચે ગુવેરા ખુદ કેવું જીવ્યો?

મૂળે એનો જન્મ આર્જેન્ટિનાના શ્રીમંત પરિવારમાં. સાચું નામ અર્નેસ્ટો ગુવેરા. એના પરદાદા આયર્લેન્ડથી આવેલા. બાળપણમાં અર્નેસ્ટોએ આયર્લેન્ડની અનેક વાતો દાદીમાના ખોળે માથું નાખીને સાંભળેલી. આયરિશ પ્રજાનો લડાયક સ્વભાવ કદાચ ત્યાંથી જ લોહીમાં ભળ્યો હશે. અધૂરામાં પૂરું, ગુવેરા પરિવારનો ઝોક પહેલેથી ડાબેરી વિચારસરણી તરફનો.

યુવાન વયે પહોંચતા સુધીમાં અર્નેસ્ટોએ ઘણું વાંચી લીધું. એણે કાર્લ માર્ક્સથી માંડીને તત્કાલીન સમયગાળામાં રશિયન ક્રાંતિથી પ્રભાવિત એવા જવાહરલાલ નહેરૂ સુધીના ઘણા લેખકોને વાંચ્યા. ૧૯૪૮માં મેડિસીનના વિદ્યાર્થી તરીકે બ્યુએનોસ એરિસની યુનિવર્સિટીમાં એડમિશન લીધું, પણ દુનિયાને જોવા-સમજવાની એની અપ્રતિમ ઘેલછા એને દક્ષિણ અમેરિકી અનેક દેશના હજારો કિલોમીટર લાંબા મોટરસાઈકલ પ્રવાસો સુધી લઇ ગઈ. આવા પ્રવાસ દરમિયાન અર્નેસ્ટોએ ટપકાવેલી નોંધ પાછળથી 'મોટરસાઈકલ ડાયરીઝ' તરીકે પ્રસિદ્ધ થઇ. આ પ્રવાસે અર્નેસ્ટોના વ્યક્તિત્વ ઘડતરમાં એને ક્રાંતિકારી બનાવવામાં મોટો ભાગ ભજવ્યો. લોકોના દુઃખદર્દ અને મૂડીવાદને કારણે નર્કથી બદતર જીવનમાં ફસાયેલા શ્રમિકો માટે એણે લડવાનું શરૂ કર્યું. એન્ડ રેસ્ટ ઇઝ હિસ્ટ્રી...પછી એક ઈતિહાસ જ સર્જાય ગયો.



અર્નેસ્ટો માનતો કે આર્જેન્ટિના, ક્યુબા, બ્રાઝિલ, બોલિવિયા, પેરુ જેવા તમામ લેટિન અમેરિકી દેશ એક જ છે. અને જ્યાં સુધી આ તમામ દેશમાં સામ્યવાદ ન સ્થપાય ત્યાં સુધી સંઘર્ષ ચાલુ રાખવાનો છે. એના ક્રાંતિકારી વિચારો અને આચરણને કારણે લેટિન અમેરિકી પ્રજાએ એને 'ચે'નું ઉપનામ આપ્યું. સ્થાનિક ભાષામાં 'ચે'નો અર્થ થાય મિત્ર અથવા સાથી. ચે ગુવેરાના ક્રાંતિકારી વિચારોની અસર એટલી ઊંડી છે કે આજે ય દુનિયાભરના યુવાનો એને પોતાનો સાથી અને રાહબર માને છે. જોકે, દરેક સિક્કાને બીજી બાજુ પણ હોય છે.

પોતાનો દેશ છોડીને ચે ક્યુબા ગયો અને ફિડેલ કાસ્ટ્રો સાથે ખભેખભા મિલાવીને લડ્યો. ક્યુબામાં અમેરિકાના ટેકાવાળી સરમુખત્યાર બાટિસ્ટોની તત્કાલીન સરકારને હાંકી કાઢીને ફિડેલ કાસ્ટ્રોએ પોતાનું શાસન સ્થાપ્યું. એ પછી ચેને પોતાના વિશ્વાસુ વ્યક્તિ તરીકે નિમણૂક આપી. ચેનું કામ બાટિસ્ટાના બાકી બચેલા સમર્થકોને વીણી વીણીને પૂરા કરવાનું હતું. ચે ગુવેરાએ આ કામ પૂરી ક્રૂરતા સાથે કર્યું અને સેંકડો લોકોને ટોર્ચર કરીને મોતની ઘાટ ઉતાર્યા! જાણકારોને મતે ચે માટે આવી હિંસા કંઈ પહેલીવારની નહોતી. બલકે ક્રાંતિને નામે એણે સંખ્યાબંધ લોકોને પહેલા ય આ રીતે સતાવી- અત્યાચાર કરીને મારી નાખેલા! સજાતીય સંબંધો ધરાવનારા તેમજ કાળી ચામડીના લોકો પ્રત્યે ય ચે નકારાત્મક લાગણીઓ ધરાવતો હોવાનું કહેવાય છે.

એક મોટો વર્ગ એવો ય છે જે ચે ગુવેરાને દંભી, કટ્ટરવાદી અને લોહીપિપાસુ તરીકે ઓળખાવે છે.

હમ્બરટો ફોન્ટોવા નામના ક્યુબન-અમેરિકન લેખકે તો ચે ગુવેરાની નકારાત્મક બાજુઓ રજૂ કરતું આખું પુસ્તક - 'Exposing the Real Che Guevara and the Useful Idiots Who Idolize Him' - લખ્યું છે, જે ૨૦૦૭માં પ્રકાશિત થયેલું. હમ્બરટોનો પરિવાર ક્રાંતિને નામે આચરાતી બર્બરતા વેઠી ચૂક્યો છે. એના પિતાને કેદમાં નાખવામાં આવેલા અને પરિવારે દેશ છોડીને ભાગવું પડેલું. હમ્બરટોના એક કઝિનનું જેલવાસ દરમિયાન શંકાસ્પદ મૃત્યુ થયેલું. હમ્બરટો કહે છે કે ચે ગુવેરાએ પોતાના દંભને પોષવા અનેક નિર્દોષ લોકોને મોતને ઘાટ ઉતાર્યા હતા.

માની લઈએ કે 'પ્રેમ અને યુદ્ધમાં બધું જ માન્ય...' પણ વોર જીતાઈ ગઈ અને ક્યુબાની સત્તા મળી ગઈ એ પછી શું? એક જેન્ટલમેન ક્રાંતિકારીને છાજે એ રીતે ચે ગુવેરાએ ફિડેલ કાસ્ટ્રો સાથે મળીને ક્યુબાની પ્રજાનું ભલું કરવાનું હતું. એના બદલે ચેભાઈ તો ત્રીજા જ દેશ બોલિવિયાનાં ક્રાંતિકારીઓના સમર્થનમાં કૂદી પડ્યા. પચાસેક સમર્થકો સાથે ગોરીલા પદ્ધતિએ હુમલા કરવા માટે એ બોલિવિયાનાં જંગલોમાં જઈને છુપાયો. આ યુદ્ધમાં સ્થાનિક પ્રજાને સાથે રાખવાનું એને જરૂરી ન લાગ્યું. આખરે ચે પકડાયો. એટલું જ નહિં, પણ ૯ ઓક્ટોબર ૧૯૬૭ને દિવસે માત્ર ૩૯ વર્ષની યુવાવયે બૂરી મોત મર્યો. એના આખરી દિવસો વિષે એક અલગ લેખ થઇ શકે, પણ મુદ્દો માત્ર એટલો નથી કે ચે ગુવેરાએ ક્રાંતિ કરી અને છેલ્લે ક્રાંતિકારીની જેમ લડતા લડતા મર્યો. આજે એકવીસમી સદીમાં મુદ્દો એ છે કે હજારો નાગરિકોનો ભોગ લેનારી ક્રાંતિ પછી પણ મળ્યું શું? શું ક્યુબા કે આર્જેન્ટિનાની પ્રજાનાં તમામ દુઃખો-સમસ્યાઓ દૂર થઇ ગયા? ના.

ફિડેલ કાસ્ટ્રોના રાજમાં ક્યુબા તો એક 'વન પાર્ટી કમ્યુનિસ્ટ સ્ટેટ' બનીને રહી ગયું. એ વિષે બીજું ઘણું લખી શકાય એમ છે, પણ આજે જ્યારે ફરી એક વખત વિશ્વભરના યુવાનોમાં ક્રાંતિનો પવન ફૂંકાઈ રહ્યો છે, ત્યારે ચે ગુવેરાનું જીવન અને મૃત્યુ એક મિસાલ બની શકે છે. તમે ક્રોધિત થઈને કે પછી બીજાની ચઢામણીથી ઉશ્કેરાઈને ક્રાંતિ કરી નાખો છો, પણ દેશ માટે એ ઘટના ઉલમાંથી ચૂલમાં પડવા જેવી હોય છે. પ્રજા માટે તો માત્ર શાસક બદલાય છે, અત્યાચારોનું સ્વરૂપ બદલાય છે બાકી શોષણ શાશ્વત રહે છે. બહેતર માર્ગ એ જ છે કે જે કરવું હોય એ લોકશાહી માર્ગે જ કરવું. એનું ઉત્તમ અને સચોટ ઉદાહરણ છે મોહનદાસ કરમચંદ ગાંધી, જેમણે અહિંસક ક્રાન્તિ સરજીને આપણને આઝાદી અપાવી અને દુનિયાના કેટલાય દેશને સત્તાપલટાનો નવો માર્ગ ચિંધ્યો.

સંજોગવશાત આ ઓક્ટોબર મહિનામાં મહાત્મા ગાંધીની જન્મતિથિ અને ચે ગુવેરાની મૃત્યુતિથિ વચ્ચે સાત જ દિવસનો ફેર છે, પણ એ બન્નેની વિચારધારા વચ્ચેનો ફરક આજે આપણા યુવાનોએ સમજવાનો છે. ■

## પ્રકરણ-૪૦

‘ડૉક્ટર પાઠકનું શું થયું? ક્યારે આવશે?’ ગોહિલે ઉતાવળે પૂછ્યું.

‘સર, એ કૉલ રિસીવ નથી કરતા… ક્યારનો ટ્રાય કરું છું!’ એપીઆઈ સુધીર સાવંતે કહ્યું.

‘અને પેલો ટેક્નિશિયન… વિરાજ મોરે?’

‘એને રાજપૂત લાવે છે… રસ્તામાં જ છે. એનો કૉલ આવ્યો હતો!’ ઈન્સ્પેક્ટર રવિ કદમે કહ્યું.

‘એક કામ કરો… ડૉ. પાઠકનો સંપર્ક નથી થતો તો કાળેને કાંદિવલી મોકલો!’

‘ઓકે, પણ કાળેને મોકલવાનો ડૉક્ટરો ખોટો અર્થ ન કાઢે!’

‘તો બીજો કોઈ રસ્તો છે… એને ભરડામાં તો લેવો જ છે!’ ગોહિલે કહ્યું.

ડૉ. આયુષ પાઠકની લૅબ કાંદિવલીમાં હોવાથી ગોહિલે કાળેને ત્યાં મોકલવાનો આદેશ આપ્યો. ડૉ. પાઠકની લૅબમાં જ કામ કરનારા ટેક્નિશિયન મોરેના નામ પર એમ્બ્યુલન્સ રજિસ્ટર્ડ હતી, જે ડ્રગ્સની હેરફેરમાં વપરાઈ હતી. ગોહિલના આદેશથી ડૉ. પાઠકની જાણબહાર રાજપૂતે મોરેને તાબામાં લઈને તેનો મોબાઈલ સ્વિચ ઑફ્ફ કરી નાખ્યો હતો, જેથી મોરે કોઈનો સંપર્ક સાધી ન શકે.

‘સર… મને લાગે છે કે શોએબ હજુ પણ કંઈ છુપાવે છે!’ સબ-ઈન્સ્પેક્ટર દત્તા બંડગરે કહ્યું.

‘કેમ એવું લાગે છે?’

‘જૉનીના મેં છ મહિના પહેલાંના કૉલ રેકોર્ડ તપાસ્યા… છ મહિના પહેલાં તેની ચકાલામાં રેગ્યુલર આવ-જા હતી!’

બંડગરે વધુમાં કહ્યું: ‘જૉની અને સલ્લુ અનેક વાર ચકાલાના એક જ લૉકેશન પર જતા હતા તો શોએબ જૉનીને ન ઓળખતો હોય એવું કેમ બને?’

‘એનું શું કહેવું છે?’ ગોહિલે પૂછ્યું.

‘શોએબ કહે છે કે તે ક્યારેય જૉની-બૉનીને મળ્યો નથી કે તેમની સાથે વાત કરી નથી, પણ હા… બન્નેને ગાંડાની જેમ જંગલમાં ફરતા જોયા છે!’ બંડગરે કહ્યું.

‘મને તો હજુ સમજાતું નથી કે જૉની-બૉની ગાંડા હોવાનો ઢોંગ કરીને જંગલમાં શા માટે રખડતા હતા?’ કદમ બોલ્યો.

‘બન્ને આ સ્કૅન્ડલમાં સંડોવાયેલા હશે… એટલે જ તો વારંવાર યુનિટ સોળ આસપાસ આંટા મારતા દેખાયા હતા!’

ગોહિલે ઉમેર્યું: ‘અત્યારે બન્ને ગુમ છે અને જૉનીનો મોબાઈલ ઑન છે… આ બધું શંકાસ્પદ તો છે જ!’

‘તારી સ્ટાઈલમાં થોડી પૂછપરછ કરી જો!’ ગોહિલે બંડગરને કહ્યું.

‘સાલાને ઘણો ફટકાર્યો, પણ જૉની સાથેના કોઈ કનેક્શનની જાણકારી આપતો નથી!’ બંડગરે મુઠ્ઠી વાળતાં કહ્યું.

‘તારી તાકાત કમ થઈ ગઈ લાગે છે!’ ગોહિલે સ્માઈલ આપતાં કહ્યું.

ચર્ચા આગળ વધે એ પહેલાં આરે પોલીસ સ્ટેશનનો ઈન્સ્પેક્ટર રાજીવ કામત ગોહિલની કૅબિનમાં પ્રવેશ્યો.

‘આવો… કામતસાહેબ!’ ગોહિલે સાહેબ કહેતાં કામત હબક ખાઈ ગયો. તે ગોહિલ અને કદમનાં મોઢાં જોવા લાગ્યો.

‘ટેન્શન ન લે, કામત… અમે મજાક કરીએ છીએ! બોલ, હવે નવું શું જાણવા મળ્યું?’ ગોહિલે પૂછ્યું.


‘સર… ગુજરાત પોલીસનું કહેવું છે કે આપણે જે એમ્બ્યુલન્સને શોધીએ છીએ એ તેમના રાજ્યમાં પ્રવેશી જ નથી!’

‘વ્હૉટ?’

‘હા… સર. ગુજરાત પોલીસે વલસાડ જિલ્લામાં બગવાડા પાસેના ટૉલ નાકા પર લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસ્યાં. આપણે આપેલા રજિસ્ટ્રેશનના નંબરવાળી કે એનાથી મેળ ખાતી કોઈ એમ્બ્યુલન્સ ફૂટેજમાં દેખાતી નથી!’ કામતે માહિતી આપી.

‘પણ શોએબ તો કહેતો હતો કે એમ્બ્યુલન્સ ગુજરાત મોકલી દેવાઈ છે!’ ગોહિલ કંઈ વિચારતો હતો.

અણધાર્યા રહસ્યના આટાપાટા ખેલતી નોખી-અનોખી ક્રાઈમ કથા…




યોગેશ સી પટેલ

‘મહારાષ્ટ્ર પોલીસ સાથે મળીને ગુજરાત પોલીસે ચારોટી ટૉલ નાકા અને ભિલાડ ચેકપોસ્ટ ખાતેના કૅમેરાના પણ તપાસ્યા, પરંતુ એમાંય એમ્બ્યુલન્સ નજરે ન પડી!’

કામતે કહ્યું: ‘એનો મતલબ, સર… એમ્બ્યુલન્સ મહારાષ્ટ્ર બહાર ગઈ જ નથી!’

વિચાર કરીને ગોહિલ બોલ્યો: ‘બંડગર, લાગે છે… આ શોએબ કંઈક નહીં, ઘણું છુપાવે છે. હવે તેનું મોં ખોલાવવું જ પડશે!’

પછી તેણે આદેશ આપ્યો: ‘એ હરામખોરની ચામડી ઊતરડી નાખો અને એને પૂછો… આખરે એમ્બ્યુલન્સ ગઈ ક્યાં?’

* * * * * *

સિનિયર ઈન્સ્પેક્ટર અશોક ગાયકવાડ સાથે ચર્ચા કરવા ગોહિલ પોલીસ સ્ટેશનના ગ્રાઉન્ડ ફ્લોર પર આવ્યો. ગાયકવાડની કૅબિનને દરવાજે હજુ ગોહિલ પહોંચ્યો જ કે ડૉ. મૃત્યુંજય હિરેમઠ આવ્યા. ગોહિલને ડૉ. પાઠકની આવવાની અપેક્ષા હતી, પણ ડૉ. હિરેમઠ અણધાર્યા જ આવી પહોંચ્યા હતા. ઉપરથી તેમના ચહેરા પર ગુસ્સો દેખાતો હતો.

‘આવો, ડૉક્ટરસાહેબ… આમ અચાનક!’ ગોહિલે સભ્યતાથી આવકાર આપ્યો.

‘તમે નક્કી કર્યું છે કે ડૉક્ટરોને ત્રાસ આપીને જેલમાં નાખવા છે?’ ડૉ હિરેમઠનો ગુસ્સો શબ્દોમાં વર્તાતો હતો. વાત કરતાં બન્ને ગાયકવાડની કૅબિનમાં પ્રવેશ્યા.

‘ડૉક્ટરસાહેબ, કેમ લાલચોળ થયા છો?’ ગાયકવાડે ડૉ. હિરેમઠને છંછેડ્યા.

‘અમે યુનિયનમાં ફરિયાદ કરી તો હવે તમે ડૉક્ટર પાઠક પર નિશાન તાક્યું?’

ડૉ. હિરેમઠે કહ્યું: ‘તમે ડૉક્ટર પાઠકને વારંવાર કૉલ કરી રહ્યા છો… એનો મતલબ શું છે?’

‘ડૉક્ટરસાહેબ… અમે વારંવાર ફોન કરી રહ્યા છીએ એની જાણ ડૉક્ટર પાઠકને છે, પણ તે કૉલ રિસીવ કરવાની તસ્દી નથી લેતા એનું શું કારણ છે… એ પણ તો જણાવો?’ ગોહિલે વળતો પ્રહાર કર્યો એટલે ડૉ. હિરેમઠ ગેંગેંફેંફે થઈ ગયા.

‘જુઓ, એ પ્રતિષ્ઠિત ડૉક્ટર છે… કોઈ કામ કે પેશન્ટમાં બિઝી હોઈ શકે!’ ડૉ. હિરેમઠે ઉડાઉ જવાબ આપ્યો.

‘બિઝી હોવા છતાં તમને ફરિયાદ કરવાનો સમય છે?’ ગોહિલે દુખતી રગ દાબી.

‘હું… હું… કહું છું કે તમારી પાસે શું… શું… સબૂત છે કે તમે તેમની પાછળ પડ્યા છો?’ ડૉ. હિરેમઠને શું દલીલ કરવી એ જ સૂઝતું નહોતું.

‘પુરાવા છે એટલે જ તો તેમને લેવા અમારે ખાસ ટીમ મોકલવી પડે છે!’ ગોહિલે રહસ્યસ્ફોટ કર્યો.

‘એટલે?’

‘ડૉક્ટર પાઠક કૉલ રિસીવ નથી કરતા એટલે મારે સબ-ઈન્સ્પેક્ટર વિજય કાળેને ટીમ સાથે મોકલવો પડ્યો… તેમને પ્રેમથી લઈ આવવા!’

‘શું?’

‘હા… તો એ કૉલ રિસીવ નથી કરતા અને અત્યારના તબક્કે તેમની પૂછપરછ જરૂરી છે!’ ગોહિલે સભ્યતા છોડી સીધો હલ્લાબોલ કર્યો.

‘ઑફિસર, તમે ડૉક્ટરોની સાથે અપરાધી જેવું વર્તન કરો છો!’

‘બિલકુલ નહીં… અમે અમારું કામ કરીએ છીએ!’ ગોહિલે જાણે બાથ ભીડી.

‘…પણ ડૉક્ટર પાઠક સાથે અમે થોડી પૂછપરછ કરીએ તો એમાં તમે

**આ શોએબ ઘણું છુપાવે છે. હવે તેનું મોં ખોલાવવું જ પડશે. ચામડી ઊતરડી નાખો એની અને એને પૂછો… આખરે એમ્બ્યુલન્સ ગઈ ક્યાં?**

શા માટે ઊંચાનીચા થાઓ છો?’ ગાયકવાડે પણ કડક વલણ અપનાવ્યું.

‘ઊંચાનીચાનો સવાલ નથી, પણ અમે કંઈ કર્યું જ નથી તો શા માટે ત્રાસ આપવામાં આવે છે?’

‘તમે કંઈ કર્યું નથી તો શા માટે ઉશ્કેરાઈ રહ્યા છો? આમ ડરવાની જરૂર નથી…’ ગાયકવાડે સમજાવ્યું.

‘તો શું બૉડીગાર્ડ તરીકે અમારી પાછળ તમારા માણસો લગાડી રાખ્યા છે?’

શ્વાસ ચઢ્યો છતાં ડૉ. હિરેમઠનું બોલવાનું ચાલુ હતું: ‘મને ખબર છે… બે કોન્સ્ટેબલ સતત અમારી હૉસ્પિટલ પર નજર રાખી રહ્યા છે અને… એક મહિલા અધિકારી ડૉ. મંદિરાનો પીછો કરે છે. તેમની દરેક હિલચાલ પર નજર રાખવામાં આવે છે!’

‘સારું થયું તમે યાદ અપાવ્યું… ડૉક્ટર મંદિરાને સાથે ન લાવ્યાં… ક્યાં ગયાં એ?’

ગોહિલે ટોણો માર્યો: ‘એ તો સારવાર દરમિયાન દરદીને પતાવી નાખવાની ક્ષમતા ધરાવે છે!’

* * * * * *

‘સર… રાજપૂતસાહેબ પેલા ટેક્નિશિયન… મોરેને લઈ આવ્યા છે!’

ડૉ. હિરેમઠના ગયા પછી ગોહિલ ગાયકવાડ સાથે કેસ સંબંધી ચર્ચા કરતો હતો, પણ વચ્ચે જ કોન્સ્ટેબલ નામદેવ દળવી સંદેશો લાવ્યો.

‘તેને ડિટેક્શન રૂમમાં રાખો અને થોડો મેથીપાક ચખાડો… હું આવું છું!’ ગોહિલે આદેશ આપ્યો.

‘ચ્યા માયલા… હાડ ચી કાડ આણિ…’ દળવી કંઈ બોલવા જતો હતો, પણ ગાયકવાડે તેને રોક્યો. ગાયકવાડ જાણતો હતો કે દળવીનું આગળનું વાક્ય અભદ્ર હતું.

‘શું થયું?’ ગોહિલે આશ્ચર્યથી પૂછ્યું.

‘કાંઈ નહીં… મોરે સુકલકડી હોવાનું એ કહે છે!’ ગાયકવાડે કહ્યું.

‘હા… એને મારવા જેવો નથી… બે હાથમાં જ મરી જાય એવો છે!’ જાડી મૂછ પંપાળતાં દળવી બોલ્યો.

‘ઠીક છે… ચાલ. હું જ આવું છું.’ કહીને ગોહિલ ખુરશીમાંથી ઊભો થયો તો ગાયકવાડે પણ તેની પાછળ ચાલવા માંડ્યું.

‘આ બકરાને હલાલ કરવા લાવ્યો છે?’ ડિટેક્શન રૂમમાં ઊભેલો મોરે સાંભળે તેમ ગાયકવાડે ટિપ્પણી કરી.

‘શિંદે… સંભાળીને! મરવો ન જોઈએ!’ ગાયકવાડે જાણીજોઈને જોરથી કહ્યું, પણ શિંદેનાં ફુલાયેલાં બાવડાં અને કરડાકીભર્યા ચહેરાને જોઈ મોરે ખરેખર ધ્રૂજવા લાગ્યો હતો.

‘ડરવાની જરૂર નથી… અમારા સવાલના સાચા જવાબ આપશે તો તને કંઈ નહીં થાય!’ ગાયકવાડે મોરેને સમજાવ્યો.

‘મેં શું કર્યું છે, સાહેબ!’ મોરે ધ્રૂજતાં હોઠે બોલ્યો.

‘અમે આ એમ્બ્યુલન્સ શોધી રહ્યા છીએ, જે તારા નામ પર રજિસ્ટર્ડ છે.’ ગોહિલે મોબાઈલમાં તસવીર દેખાડતાં કહ્યું.

‘સર… આ તો અમારી લૅબની એમ્બ્યુલન્સ છે!’ મોરેએ તસવીરમાંની એમ્બ્યુલન્સ ઓળખી કાઢી.

‘હા, પણ એ અત્યારે ક્યાં છે?’

‘મને નથી ખબર… ડૉક્ટરસાહેબ બહારનાં કામો માટે પણ એમ્બ્યુલન્સ મોકલતા હતા!’ મોરેએ માહિતી આપી.

‘બહારનાં કામ… એટલે?’ ગાયકવાડે પૂછ્યું.

‘બીજી કોઈ હૉસ્પિટલ કે પેશન્ટ માટે જોઈએ તો સેવાભાવે આપતા!’

‘એમ્બ્યુલન્સનો ડ્રાઈવર કોણ છે?’

‘પગાર પર કોઈને રાખ્યો નથી… જરૂર પ્રમાણે દિવસનું મહેનતાણું આપી ડ્રાઈવર બોલાવી લેતા… એવા ઘણા ડ્રાઈવર છે, જેમની પાસે કામ નથી.’ મોરેએ જણાવ્યું.

‘…પણ આ એમ્બ્યુલન્સ તેં શા માટે ખરીદી?’ ગોહિલનો પ્રશ્ન.

‘મેં નથી ખરીદી…’

‘તો?’

‘ડૉક્ટર પાઠકે ખરીદીને મારા નામે રજિસ્ટ્રેશન કરાવ્યું હતું! ટૅક્સના કોઈ ચક્કરને કારણે આવું કર્યું હોવાનું તેમણે કહ્યું હતું.’

મોરેની વધુ પૂછપરછ કરવાની જરૂર ન લાગી, કારણ કે એપીઆઈ શિંદેએ શોએબનું મોં ખોલાવી દીધું હતું.

‘સર… શોએબ કહે છે કે એમ્બ્યુલન્સ લઈને ઝમીલ ગુજરાત ગયો હતો!’ શિંદેએ કહ્યું.

‘આ ઝમીલને અત્યારે ક્યાં રાખ્યો છે?’ ગોહિલે ગુસ્સામાં પૂછ્યું.

‘સર, એ લૉકઅપમાં છે!’

અધિકારીઓનું ટોળું લૉકઅપમાં ગયું. બધાને એકસાથે જોઈ ઝમીલ સમજી ગયો કે તેનો ખરાબ સમય આવ્યો છે.

‘શું થયું, સર!’ ઝમીલ ધીમા અવાજે બોલ્યો.

કોઈ પ્રશ્ન પૂછ્યા વિના જ શિંદે અને બંડગરે ઝમીલની ધુલાઈ શરૂ કરી દીધી. માર ખાઈને ઢીલો પડેલો ઝમીલ હાંફવા લાગ્યો.

‘મારો છો શું કામ?’ તે બોલ્યો.

‘પૂરી માહિતી એકસાથે આપી નથી શકતો?’ ગોહિલે કહ્યું.

‘કઈ માહિતી?’

‘એમ્બ્યુલન્સ લઈને તું ગુજરાત જવાનો હતો… તો પછી ગુજરાત ગયો કેમ નહીં?’

‘હું ગુજરાત જવાનો જ નહોતો!’ ઝમીલે કહ્યું.

‘તો… શોએબ ખોટું બોલે છે?’ શિંદેએ ઝમીલના શર્ટનો કૉલર પકડ્યો.

‘ના… એને ખોટું કહેવામાં આવ્યું હતું.’ મારની પીડાથી કણસતા ઝમીલે રહસ્ય ખોલ્યું.

‘એટલે?’ ગોહિલને આશ્ચર્ય થયું.

‘ડૉક્ટર પાઠકનો આદેશ હતો કે એમ્બ્યુલન્સને ઠેકાણે લગાવી દેવી!’ ઝમીલે કહ્યું.

‘અત્યારે ક્યાં છે એમ્બ્યુલન્સ?’

‘ભાયંદરની ખાડીમાં!’

(ક્રમશઃ)■

---

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ…

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| નંગ | અભિનેતા |
| નગદ | ટીખળી |
| નટ | લુચ્ચું |
| નટખટ | નમેલું |
| નત | રોકડા |

### ઓળખાણ પડી?

૧૯૬૦ના દાયકામાં ગિટાર વાદનથી લોકપ્રિયતા મેળવી સંગીત નાટ્ય અકાદમીનું પારિતોષિક મેળવનારા કલાકારની ઓળખાણ પડી?



અ) ભુપિંદર સિંહ બ) બૈજુ ધર્માજન ક) બ્રિજભૂષણ કાબરા ડ) પન્નાલાલ ઘોષ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સ | હ | ૨ જ | ૩ સ્કુ | ૪ ર | ણા | ■ | ૫ સા | ૬ ભા | ૭ ર |
| વા | ■ | ૮ વા | ર્તિ | ક | ■ | ૯ નૂ | ત | ન | તા |
| ૧૦ ર | ૧૧ વા | ની | ■ | ૧૨ મ | ૧૩ મ | ત | ■ | ■ | ન્ધ |
| ■ | દ | ■ | ૧૪ ભ | ■ | ૧૫ મ | ન | ૧૬ ઉ | કા | ળો |
| ૧૭ સા | ક | ૧૮ રિ | યો | ■ | ૧૯ તા | વ | ડી | ■ | ■ |
| લ | ■ | ૨૦ સ | ભ | ર | ■ | ર્ષા | ■ | ■ | ૨૧ ખા |
| ૨૨ મુ | ૨૩ ખ | ■ | યો | ■ | ■ | ૨૪ ભિ | ૨૫ જા | ૨૬ વ | વું |
| ૨૭ બા | રે | ■ | ■ | ૨૮ અ | ભિ | નં | દ | ન | ■ |
| ૨૯ ર | ખ | ૩૦ ર | ખા | વ | ■ | ૩૧ દ | વ | રા | ૩૨ વ |
| ૩૩ ક | ર | ડી | ■ | ૩૪ નિ | ધ | ન | ■ | ૩૫ જી | દ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | ■ | ૫ | ૬ | | ૭ |
| ૮ | | | ■ | ૯ | ૯-અ | ■ | | ■ | |
| ■ | | ■ | ૧૦ | ■ | ૧૧ | | ■ | ૧૨ | |
| ૧૩ | | ■ | ૧૪ | ૧૫ | | ■ | ૧૬ | | |
| | ■ | ૧૭ | | | ■ | ૧૮ | ■ | | ■ |
| ૧૯ | ૨૦ | | ■ | ૨૧ | ૨૨ | | ૨૩ | ■ | ૨૪ |
| ૨૫ | | | ■ | ■ | ૨૬ | | | | |
| | ■ | ■ | ૨૭ | ૨૮ | | ■ | | | |
| ■ | ૨૯ | ૩૦ | | | ■ | ૩૧ | | ■ | ■ |
| ૩૨ | | | | ■ | ૩૩ | | | | |

**આડી ચાવી**

૧. રંકમાંથી રાજા બનાવતું બજાર (૫)
૫. લેવડદેવડ (૪)
૮. સહસ્ત્ર (૩)
૯. ---, ઊઠો ને ધ્યેય માટે મંડયા રહો (૨)
૧૧. ચારે બાજુ પાણી, વચ્ચે જમીન (૨)
૧૨. હંમેશાં (૨)
૧૩. પહેલાં નેતાઓ --- નાં કપડાં પહેરતા (૨)
૧૪. લક્ષ્મીદેવી (૩)
૧૬. વિનંતી (૩)
૧૭. બ્રિટનનું નાણું (૩) (જો.છૂ.)
૧૯. બુદ્ધિ વિનાનો (૩)
૨૧. આશરે, કદાચ (૪)
૨૫. કૂટવું (છાતી) (૩)
૨૬. વણજારા કોમની સ્ત્રી (૫)
૨૭. બેસવાની જગા, પાથરણું (૩)
૨૯. વખાણ (૪)
૩૧. માઘ મહિનો (૨)
૩૨. સાથ, જોડે રહેવું તે (૪)
૩૩. જેની અસર ન થાય તેવું (૫)

**ઊભી ચાવી**

૧. શરમ, ધાક (૨)
૨. રજા, અનુજ્ઞા, અવિરોધ (૪)
૩. --- આવવું એટલે સફળ થવું (૨)
૪. પરવાનગી (૨)
૬. ધારદાર (૨)
૭. નિશાનબાજ (૪)
૯અ. ગરબડ (૩)
૧૦. નાનકડું પક્ષી (૩)
૧૨. ધ્યાન, નજર, સ્મૃતિ (૩)
૧૩. બાંધકામનો પાયો નાખવાનો વિધિ (૫)
૧૫. શુભ (૩)
૧૭. ભણવું, જ્ઞાન મેળવવું (૩) (જો. છૂ.)
૧૮. ભણ્યું ન હોય એવું (૩)
૨૦. લડાઇનું મેદાન (૨)
૨૨. એક પ્રકારનો સાડલો (૩)
૨૩. ક્ષમતાની બહાર (૫)
૨૪. એક ફળ (૩)
૨૭. રહેઠાણ (૩)
૨૮. હસ્તાક્ષર (૨)
૨૯. શાબાશ (૨)
૩૦. હવે ---માં ઠંડી વરતાશે (૨)
૩૧. પુષ્કળ (૨)

### ગુજરાત મોરી મોરી રે

ગુજરાતી એકાંકી નાટકના ઈતિહાસમાં સીમાચિન્હ ગણાયેલું ‘તીન બંદર’ નાટકના લેખકનું નામ જણાવો જેમણે અનેક યાદગાર એકાંકી આપ્યા.

અ) પ્રવીણ સોલંકી બ) હરીન મહેતા
ક) ભરત દવે ડ) પ્રબોધ જોશી

### જાણવા જેવું

સાગર પૃથ્વીનો મોટો ભાગ રોકે છે. પૃથ્વીના હવામાન ઉપર એની અસર પડે છે. જમીન ઉપર જે દુનિયા જાગી છે એનું મૂળ સાગરમાંથી સાંપડ્યું છે. જગતના દરિયામાં જેટલું ઊંડાણ છે, જેટલું પાણી છે એ તમામની અંદર બધા દેશને સમાવી દેવામાં આવે તો પણ દરિયાનું પાણી માઈલ જેટલું ઊંચું રહે.

### સુડોકુ-૯૧૨૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | | ૬ | ૩ | | ૯ | | | |
| ૪ | ૨ | ૭ | | | ૧ | | | |
| | | | | ૪ | | | | ૫ |
| ૮ | ૫ | ૨ | ૬ | ૩ | | | ૧ | |
| | | | ૧ | ૯ | ૨ | | | |
| | ૯ | | | ૫ | ૪ | ૨ | ૬ | ૩ |
| ૨ | | | | ૬ | | | | |
| | | | ૨ | | | ૯ | ૫ | ૪ |
| | | | ૯ | | ૩ | ૬ | | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૧૨૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૮ | ૯ | ૧ | ૨ | ૭ | ૫ | ૩ | ૪ |
| ૫ | ૨ | ૧ | ૮ | ૩ | ૪ | ૯ | ૬ | ૭ |
| ૭ | ૪ | ૩ | ૫ | ૯ | ૬ | ૮ | ૨ | ૧ |
| ૪ | ૭ | ૫ | ૯ | ૬ | ૩ | ૨ | ૧ | ૮ |
| ૩ | ૧ | ૨ | ૪ | ૭ | ૮ | ૬ | ૯ | ૫ |
| ૯ | ૬ | ૮ | ૨ | ૧ | ૫ | ૭ | ૪ | ૩ |
| ૧ | ૩ | ૬ | ૭ | ૮ | ૯ | ૪ | ૫ | ૨ |
| ૨ | ૫ | ૭ | ૬ | ૪ | ૧ | ૩ | ૮ | ૯ |
| ૮ | ૯ | ૪ | ૩ | ૫ | ૨ | ૧ | ૭ | ૬ |

### ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

વિશ્વના કયા દેશમાં સૌથી વધુ વન વિસ્તાર આવેલો છે એ કહી શકશો? ૮૦ કરોડ હેક્ટર વિસ્તારમાં જંગલ પથરાયું છે.

અ) રશિયા
બ) ઓસ્ટ્રેલિયા
ક) યુએસએ
ડ) ભારત

### નોંધી રાખો

આગળ વધતા જો અચકાટ અનુભવો તો યાદ રાખજો કે મજબૂત અને અડગ મનના મુસાફરને તો હિમાલય પણ નડતો નથી.

### માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓ: ૧૭, ૩૯, ૮૧, ૧૪૩,…. તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખો અને ગણતરી કરીને કહો કે ૧૪૩ પછી કઈ સંખ્યા આવે?

અ) ૧૮૮ બ) ૧૯૦
ક) ૨૨૫ ડ) ૨૪૯

### ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ધાક | ભય |
| ધાંખ | ઝંખના |
| ધાડ | આક્રમણ |
| ધાપ | જૂઠાણું |
| ધાર | કિનાર |

ઓળખાણ પડી: જોન બાર્ડીન

માઈન્ડ ગેમ: ૨૧૬


ગુજરાત મોરી મોરી રે: ખેલંદો

ચતુર આપો જવાબ માથું ખંજવાળો: જોર્ડન - ઈઝરાયલ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) મુલરાજ કપૂર (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) તાહેર ઔરંગાબાદવાલા (૭) શીરીન ઔરંગાબાદવાલા (૮) અબ્દુલ્લા એફ. મુનીમ (૯) નીતા દેસાઈ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) મહેશ સંઘવી (૧૩) પુષ્પા પટેલ (૧૪) વિપીન શાહ (૧૫) હર્ષા મહેતા (૧૬) લજિતા ખોના (૧૭) નૂતન વિપીન શાહ (૧૮) પ્રવીણ વોરા (૧૯) મીનળ કાપડિયા (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૩) ચેતના છેડા (૨૪) જ્યોતિ ખાંડવાલા (૨૫) મનીષા શેઠ (૨૬) ફાલ્ગુની શેઠ (૨૭) ભરત કજરિયા (૨૮) મહેન્દ્ર લોઢાવિયા (૨૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૦) અરવિંદ કામદાર (૩૧) વિણા સંપટ (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) અંજુ ટોલિયા (૩૪) અલકા વાણી (૩૫) શિલ્પા શ્રોફ (૩૬) નયના ગિરીશ મિસ્ત્રી (૩૭) ડાયના સંતોકે (૩૮) પુષ્પા ખોના (૩૯) નિતીન જયંતિલાલ બજરિયા (૪૦) જ્યોત્સના ગાંધી (૪૧) હિનાબેન દલાલ (૪૨) ઈનાક્ષીબેન દલાલ (૪૩) રમેશભાઈ દલાલ (૪૪) ડો. પ્રકાશ કટકિયા (૪૫) ધીરેન્દ્ર મુલરાજ (૪૬) ગીતા ઉદેશી (૪૭) પ્રતિમા પમાણી (૪૮) જયવંત પદમશી ચિખલ (૪૯) કમલ માતલિયા (૫૦) વિજય આસર (૫૧) અલકા વાણી (૫૨) ભરત ટી. કજરિયા

# ઈર્ષ્યા



## ઇન્સ્પેક્ટર કરણ બક્ષીઃ કેસ ફાઈલ્સ

ટીના દોશી

નામ માહિર મહેતા. ઉંમરઃ બત્રીસની આસપાસ. વ્યવસાયઃ નવલકથા લેખક. સરનામુંઃ આશિયાના બંગલો, મોટી પોસ્ટ ઓફિસની પાછળ, ભવાની મંદિરના ખાંચામાં, શ્રીજી નગર ઢાળ પાસે...!

સાહિત્ય જગતનો નવોસવો લેખક હોય તો એણે પત્ર લખવા પરબીડિયા પર ફરજિયાત આખું સરનામું લખવું પડે. પણ આ તો માહિર મહેતા હતો. પરબીડિયા પર માત્ર માહિર લખીને પોસ્ટ કરવામાં આવે તોય પત્ર એની પાસે પહોંચી જાય એવો પ્રખ્યાત નવલકથાકાર. લખવામાં માહિર. વાર્તાનું વિષયવસ્તુ વિચારવામાં માહિર. કાગળ પર કંડારવામાં માહિર. લેખનકળાનો કસબી અને કીમિયાગર. એની તાજગીભરી કલમ માનવીય સંવેદનાઓને કુશળતાથી વ્યક્ત કરતી. માનવહૃદયનાં ઝીણાં સ્પંદનો અને સૂક્ષ્મ મનોભાવને અક્ષરદેહે ઝીલતી. પરંપરા અને આધુનિકતાનો એ સુભગ સમન્વય કરતો. એની સચોટ અભિવ્યક્તિ, એની શૈલી, એનું નિરૂપણ, એનું પાત્રાલેખન અને વાચકને પળેપળે જકડી રાખવાની કળા અજોડ તથા અદભુત હતી. એનું દરેક દ્રશ્ય જીવંત થઇ જતું.

દરેક પાત્ર કથાનાં પૃષ્ઠોમાંથી બહાર નીકળી વાચક સાથે જાણે વાત કરતું. વાચક પોતે વાર્તાનું પાત્ર બની જતો. વાર્તામાં એવો ખોવાઈ જતો કે વાર્તા પૂરી થાય ત્યારે જ એમાંથી બહાર નીકળી શકતો. વાર્તા પર આવી પકડ અને હથોટી હતી માહિરની.

નવા વિચારો સાથે આવેલો માહિર સાહિત્યના આકાશનો એવો તેજસ્વી સિતારો હતો, જે ઝડપથી ઝળહળતો સૂર્ય બની જવાનો હતો! એવું કહેવાતું કે એની નવલકથા કોઈ એકવાર હાથમાં લે એટલે એ વાર્તા પૂરી કરીને જ ઊભું થાય. એની પહેલી નવલે જ સાહિત્યપ્રેમીઓમાં ધૂમ મચાવેલી. બીજી અને ત્રીજી નવલકથા પ્રકાશિત થતાં સુધીમાં તો એના નામના સિક્કા પડવા લાગ્યા. એની નવલ છાપવા માટે અખબારોમાં અને સામયિકોમાં સ્પર્ધા થવા લાગી. પ્રકાશનગૃહોમાં પણ ટંકશાળ પાડતા આ લેખકની કથાઓ પ્રકાશિત પડાપડી થવા લાગી. માહિર એકદમ વ્યસ્ત થઇ ગયો. ઇન્ટરવ્યૂઝ, ડિબેટસ, જાહેરાતો, વ્યાખ્યાનો... માહિર જે કહે એ બ્રહ્મવાક્ય થઇ જાય. માહિર જે પહેરે એ ટ્રેન્ડ થઇ જાય. એ જેનું વિજ્ઞાપન કરે એ બ્રાન્ડની લોટરી લાગે... માહિર જ માહિર. અત્ર તત્ર- સર્વત્ર.... માહિર જ માહિર!

આમ તો એ લેખનક્ષેત્રે જૂનો જોગી નહોતો, ત્રણેક વર્ષથી જ કલમ ઉપાડી હતી એણે. વર્ષે વર્ષે એક નવલકથા લખતો. માહિરની પહેલી નવલકથા હતી ‘ન્યાય-અન્યાય’, બીજી ‘અંધારા-અજવાળાં’ અને ત્રીજી ‘રંગબેરંગ’.... આ ત્રણેય નવલકથામાં સામ્ય એ હતું કે માહિરની ત્રણે કથાનાયિકાઓ દિયા, પિયા અને જિયા ભલે બહુ ખૂબસૂરત નહોતી,પણ ખુદ્દારી અને ખુમારીવાળી જરૂર હતી. ત્રણેય બિચારી બાપડી નહોતી. લડાયક મિજાજની હતી. વિપરીત સંજોગો સામે ટક્કર ઝીલતી ખૂબ મજબૂત અને મક્કમ મનોબળની. કદાચ આ જ વાત વાચકોને ગમી ગયેલી. ખાસ કરીને યુવા સ્ત્રીઓને.

અત્યારે માહિર ચોથી નવલકથા લખી રહ્યો હતો. એનું નામ ‘જળ-મૃગજળ’ નવલકથા પૂરી થવામાં જ હતી. કથાનાયિકા સિયા પણ અગાઉની ત્રણ કથાનાયિકાઓની જેમ અલ્લડ અને ખુમારીવાળી હતી. એનું અત્યંત પ્રભાવશાળી ચિત્રણ માહિરે કરેલું. માહિરના મનમાં ખયાલ ઝબકી ગયો, સિયા લોકોના દિલોદિમાગમાં અમર થઇ જશે! પોતે ઘડેલું પાત્ર યાદગાર બની જાય, ચિરંજીવ થઇ જાય,

એક લેખક માટે એનાથી મોટો પુરસ્કાર શું હોઈ શકે? માહિર વિચારમાં ખોવાયો હતો કે એટલામાં રાતના દસના ડંકા પડ્યા. માહિરે આળસ મરડી. બગાસું ખાધું. આંખોમાં ઊંઘ ભરાયેલી. પણ આજે તો કથા પૂરી કરે જ છૂટકો! માહિર ચાનો રસિયો હતો. ગરમ ફાંકડી લિજ્જતદાર ચાયની પ્યાલી થઇ જાય. ચાય હાજર!

માહિર કથાનું છેલ્લું પ્રકરણ લખવા માંડ્યો. માહિર થોડું પેપરવર્ક કરી લેતો અને પછી અંતિમ ડ્રાફ્ટ કરતો. અત્યારે એને પોતાના કાચા લખાણથી સંતોષ થયો હતો. એટલે ફાઈનલ ડ્રાફ્ટ લખવાનું શરૂ કર્યું. એ લખતો હોય ત્યારે કોઈ એને ખલેલ ન પહોંચાડે એવી સ્થાયી સૂચના હતી. રાત્રે મોડે સુધી લખતો હોય તો સવારે મોડે સુધી ઊંઘતો. રાત્રે સૂવામાં ગમે તેટલું મોડું થયું હોય, સવારે નવ વાગે તો માહિર જાગી જ જતો. પણ બીજે દિવસે સવારના સાડા દસ થયા તોયે માહિર ઊઠ્યો નહીં એટલે એની માતા મનોરમા અને બહેન રાજશ્રીને ચિંતા થઇઃ કંઇ અજુગતું તો નહીં થયું હોયને!બંને માહિરના લેખનખંડમાં ગયા. સામેનું દ્રશ્ય જોઇને ચીસ પાડી ઊઠ્યાં.

માહિરે પોતાના લમણામાં બંદૂક ફોડીને આપઘાત કર્યો હતો!

કરણ બક્ષી અને જયરાજ જાડેજાએ ઇન્વેસ્ટિગેશન શરૂ કર્યું. આશિયાના બંગલાના કોરિડોરમાંથી જમણી બાજુએ લાંબોપહોળો બેઠકખંડ આવે, પણ એમાં જવાની જરૂર નહોતી. કોરિડોરમાં સીધેસીધા જઈએ એટલે જમણી બાજુનો પહેલો ખંડ માહિરનાં માતા મનોરમા મહેતાનો આવે. બીજો ખંડ બહેન રાજશ્રીનો. ત્રીજો ખંડ માહિરનો. શયનખંડ પણ ખરો અને લેખનખંડ પણ ખરો.

કરણ અને જયરાજ વિશાળ ખંડમાં દાખલ થયા. એક દીવાલે પલંગ અને બીજી દીવાલે આખી દીવાલ આવરી લેતાં ભીંતેજડેલાં લાકડાના કબાટમાં ઢગલાબંધ પુસ્તકો. કબાટને કાચના દરવાજા. એમાં માહિરની નવલકથાઓ દેખાઈ. દરવાજાની બરાબર સામે માહિરનું કાચનું રાઈટિંગ ટેબલ હતું. છ ફૂટ લાંબું ચાર ફૂટ પહોળું. જમણી બાજુ કોતરણી કરેલું પેનસ્ટેન્ડ. પેનસ્ટેન્ડ પાસે થોડાં કાગળિયાં. પેન, લેપટોપ. બાકીનો ભાગ એકદમ સ્વચ્છ હતો. ટેબલની પાછળ રિવોલ્વિંગ ચેર. આ ખુરસી પર બેસીને માહિર લખતો.

અત્યારે પણ માહિર ખુરસી પર જ બેઠો હતો. ના, ઢળી પડેલો! મૃતદેહની સ્થિતિ જોઇને એવું લાગતું હતું કે રાત્રે એકથી ચાર વાગ્યામાં બનાવ બન્યો હશે!

કરણ અને જયરાજે જોયું કે માહિરની મુખાકૃતિ મનોહર હતી, પણ પ્રાણ વિનાની. પિસ્તોલની ગોળીઓ માહિરના જમણા લમણાને વીંધીને આરપાર નીકળી ગયેલી. ગોળી વાગે એ જગાએ છિદ્ર નાનું હોય છે અને એના ફોર્સને કારણે જ્યાંથી નીકળે એ ઠેકાણે છિદ્ર થોડું મોટું હોય છે એ નિયમ અનુસાર માહિરના ડાબા લમણામાં થોડું મોટું છિદ્ર થયેલું. લોહી વહી ગયેલું. એનો જમણો હાથ નીચે ઝૂલી રહ્યો હતો અને એ હાથે પિસ્તોલ મજબૂતીથી પકડી હતી. એ હાથમાં પહેરેલા કડામાં રૂમાલ વીંટળેલો હતો. સામે પડેલા કાગળિયામાં નવલકથાનું એક દ્રશ્ય લખ્યું હતુંઃ

રિશીએ ખૂબ હાથપગ જોડ્યાં. વારંવાર માફી માગી. પણ સિયા ન માની તે ન જ માની. પોતાના ચરિત્ર પર કોઈ આંગળી ચીંધે એ એનાથી સહન થાય તેમ નહોતું. સ્વમાનને ભોગે કશું જ નહીં એ એનો મુદ્રાલેખ હતો. એ માનુની હતી. સ્વાભિમાની હતી. રિશીએ એની સાથે જે વર્તન કર્યું હતું એ ભૂલી શકે એમ નહોતી. એ પાછી ફરી ગઈ. રિશીએ એને રોકવાનો પ્રયાસ કર્યો. પણ વ્યર્થ. રિશીને પણ મનમાં થયું કે પોતે ખોટું કર્યું. સિયાને ઓળખવામાં ભૂલ કરી. પણ હવે ઘણું મોડું થઇ ગયું હતું. પોતે બધું જ કરી છૂટ્યો, પણ સિયા નથી માનતી.એ સિયાને જતી જોઈ રહ્યો. દૂર, દૂર ને વધુ દૂર... બસ, હમણાં આંખોથી ઓઝલ થઇ જશે. રિશી ભીતરથી ખાલી થઇ ગયો. એની જિંદગીનું જળ હવે મૃગજળ બની ગયું હતું. સિયા જ જળ હતી અને હવે મૃગજળ પણ એ જ હતી. રિશીએ પિસ્તોલ ઉઠાવી અને લમણે ટેકવી. બીજી પળે એક ધડાકો સંભળાયો...!

મનોરમા ચોધાર આંસુએ રડતાં બોલીઃ ‘અરેરે, મારા દીકરા, અમને છોડીને ક્યાં ચાલ્યો ગયો? એવું તે શું થઇ ગયું કે તારે આમ આપઘાત કરવો પડ્યો? મારો ને તારી બહેનનો વિચાર ન પણ ન આવ્યો તને?’ રાજશ્રી પણ રડતાં રડતાં માને વળગી પડી.

કરણે મા- દીકરીને સાંત્વન આપ્યું. પછી મનોરમા સામે નવલકથાનું દ્રશ્ય ધર્યુંઃ

‘તમે આ અંગે શું જાણો છો? માહિરે આના વિશે તમને કંઇ વાત કરેલી ખરી?’ બંનેએ માથું ધુણાવ્યુંઃ

માહિર એની વાર્તા વિશે કોઈને કંઇ ન કહેતો. કોઈની સામે લખતો પણ નહીં. અમે નવલકથા છપાય ત્યારે જ વાંચતાં.

રાજશ્રી બોલીઃ ‘સર, આ નવલકથામાં આપઘાતનું દ્રશ્ય છે. એ લખતાં માહિરે આવેશમાં આવીને આપઘાત કર્યો હોય એવું તમને લાગે છે?’

‘એમ ઉતાવળે કંઇ કહેવું યોગ્ય નહીં ગણાય...’ કરણે કહ્યુંઃ માહિર તો લેખક હતો. એને પિસ્તોલની શું જરૂર પડી?

‘સાહેબ, માહિર ખૂબ સફળ લેખક હતો...’ મનોરમા સ્વસ્થ થતાં બોલીઃ

‘ઘણાને એની ઇર્ષ્યા થતી. એટલે સાવચેતી અને સુરક્ષા ખાતર એણે પિસ્તોલ વસાવી હતી. એનું લાઇસન્સ પણ છે.’ કહીને મનોરમા ધ્રૂસ્કે ધ્રૂસ્કે રડવા લાગીઃ

‘મને શું ખબર કે જીવ બચાવવા લીધેલી પિસ્તોલથી જ એ પોતાનો જીવ લઇ લેશે?’

જયરાજઃ ‘તમે રાત્રે પિસ્તોલનો કોઈ ધડાકો ન સાંભળ્યો?’

રાજશ્રીઃ ‘અં, ના. ધડાકો તો ન સંભળાયો.’ મનોરમાએ પણ હામી ભરી.

જયરાજઃ ‘કદાચ સાયલેન્સર ચડાવેલી પિસ્તોલ હશે.’

રાજશ્રી અને મનોરમાઃ ‘હોઈ શકે.’

કરણઃ ‘માહિરના જમણા હાથના કડામાં શેનો રૂમાલ બાંધ્યો છે? તમે બાંધ્યો છે?’

મનોરમાઃ ‘ના,ના.. માહિર જે રંગનું શર્ટ પહેરે એ જ રંગનો રૂમાલ કડામાં વીંટતો.’ કરણે જોયું કે માહિરનું શર્ટ વાદળી રંગનું હતું અને કડામાં વીંટાયેલો રૂમાલ પણ વાદળી જ હતો.

મનોરમા આગળ બોલીઃ ‘માહિરને એમ લાગતું કે કડામાં રૂમાલ વીંટવો એના માટે શુકનવંતું છે. એના એક પ્રિય લેખક પણ આ જ રીતે કડામાં રૂમાલ વીંટતા. એટલે માહિરે પણ આ ફેશન અપનાવેલી.’

કરણઃ ‘ગઈ કાલે માહિરને મળવા કોઈ આવેલું?’

રાજશ્રીઃ ‘ના, કાલે માહિર લખવા માગતો હતો. એટલે એણે કોઈને મુલાકાતનો સમય આપ્યો નહોતો.’

જયરાજઃ ‘માહિરના લગ્ન? એની કોઈ પ્રેમિકા હોય કે એવું બીજું કંઈક...’

મનોરમાઃ ‘એની પાછળ છોકરીઓ ગાંડી હતી. પણ માહિર કોઈને દાદ નહોતો દેતો. એની સગાઇ આવતા મહિને છે... હવે તો હતી! અમને એમ કે મયૂર માટે છોકરી મળી જાય તો બેયની સગાઇ સાથે જ કરી નાખીએ.’

કરણઃ ‘આ મયૂર કોણ છે?’

રાજશ્રીઃ ‘મારો કઝીન. કાકાનો દીકરો. અત્યારે અહીં જ છે.’

કરણઃ ‘તો બોલાવો એને. ક્યાં છે એ. આટલી મોટી ઘટના બની ગઈ તોય દેખાતો નથી? શું કરે છે એ?’

રાજશ્રી સામેના ખંડમાં મયૂરને બોલાવવા ગઈ. મનોરમાએ કહ્યુંઃ ‘એ હજુ ચાર દિવસથી જ આવ્યો છે. ચાર-પાંચ વર્ષ પહેલાં માસ્ટર્સ કર્યું છે. ક્યારનો નોકરી શોધે છે. પણ મેળ નથી પડતો. અહીં નોકરી મળે તો છોકરી પણ મળે.’

મનોરમાનું વાક્ય પૂરું થયું એટલામાં આળસ મરડતો લઘરવઘર મયૂર આવી પહોંચ્યો. કરણ અને જયરાજને થયું કે, મયૂરનો અર્થ ભલે મોર થતો હોય, આ મયૂર શિયાળ જેવો દેખાય છે. લુચ્ચો અને કપટી. પોલીસને જોઇને ભેંકડો તાણ્યોઃ ‘અરેરે, મારો ભાઈ.. અમને છોડીને ક્યાં જતો રહ્યો? હાય, હાય..રિશીને આપઘાત કરાવતાં કરાવતાં પોતે પણ આપઘાત કરી લીધો. ઓ મારા ભઈલા રે...’ કહેતાં મયૂરે પોક મૂકી.

જયરાજઃ ‘તમે પિસ્તોલનો ધડાકો સાંભળેલો?’

મયૂરઃ ‘ના, એ તો સાયલેન્સર ચડાવેલી હતીને? ધડાકો ક્યાંથી સંભળાય?’

કરણ અને જયરાજે આંખોથી જ સંતલસ કરી. પછી મયૂરને પૂછ્યુંઃ ‘ગઈ કાલે રાત્રે તમે માહિરને મળેલા?’

મયૂરઃ ‘હું રાત્રે એની પાસે ગયેલો ખરો, પણ એ લખવામાં વ્યસ્ત હતો એટલે હું પાછો વળી ગયેલો.’

કરણઃ ‘માહિરનું ખૂન કરીને, કેમ?’

મનોરમા અને રાજશ્રીઃ ‘ખૂન??!!’

મયૂરઃ ‘ઇન્સ્પેક્ટર, મોઢું સંભાળીને બોલો. મેં ખૂન કર્યું છે એમ તમે શેના પરથી કહો છો? આ તો ચોખ્ખો આપઘાતનો કેસ છે!’

મનોરમાઃ ‘હા, ઇન્સ્પેક્ટર. માહિરે આત્મહત્યા જ તો કરી છે. મયૂર એનું ખૂન કેમ કરે? તમે એવું શા પરથી કહો છો?’

કરણઃ ‘તો સાંભળો. મેં માહિરનો મૃતદેહ જોયો ત્યારે જ મને ખબર પડી ગયેલી કે એણે આપઘાત નથી કર્યો. પણ એનું ખૂન થયું છે!’

જયરાજઃ ‘એ કઈ રીતે?’

કરણઃ ‘પહેલો મુદ્દો, આપણે માહિરના ઓરડામાં દાખલ થયા ત્યારે તેં જોયું હશે કે જમણી બાજુએ પેનસ્ટેન્ડ અને કાગળિયાં હતા. પણ એ તો આપણી જમણી બાજુ, જે માહિરની તો ડાબી બાજુ થાય. માહિર ડાબોડી હોય તો જ એણે પેનસ્ટેન્ડ ડાબી બાજુએ રાખ્યું હોય. એનાથી એને પેન લેવામાં સરળતા રહે. બીજો મુદ્દો, એના જમણા હાથના કડામાં રૂમાલ વીંટ્યો છે. હવે તું વિચાર. માણસ જમણેરી હોય તો ડાબા હાથના કાંડામાં રૂમાલ વીંટાળી શકે. પણ જમણા કાંડાના કડામાં જાતે રૂમાલ ન વીંટાળી શકે. કોઈએ એને વીંટાળી આપવો પડે. પણ માહિર તો પોતે જ રૂમાલ વીંટતો. એનો અર્થ એમ થાય કે એ ડાબોડી હતો. એટલે જ જમણા કાંડાના કડામાં રૂમાલ જાતે વીંટી શકતો. માહિર ડાબોડી છે એ તો સ્પષ્ટ થઇ જ ગયું છે?’

રાજશ્રી અને મનોરમાઃ ‘હા, સાહેબ...માહિર ડાબોડી જ હતો.’

કરણઃ ‘માહિર ડાબોડી હોય તો પોતાના જમણા લમણે પિસ્તોલ ટેકવીને ગોળી કઈ રીતે છોડે? એણે જો આપઘાત કરવો જ હોય તો ડાબા હાથે પિસ્તોલ પકડીને ડાબે લમણે ગોળી ફોડે! એટલે મને ખ્યાલ આવી ગયો કે માહિરની હત્યા થઇ છે! હવે ખૂનીને શોધવો રહ્યો. તમે કહ્યું કે ગઈ કાલે એણે કોઈને મુલાકાત આપી નહોતી અને કોઈ છોકરીનું ચક્કર નહોતું એટલે હત્યારો બહારથી આવ્યો નહોતો એ સ્પષ્ટ થઇ ગયું. એ કોઈ ઘરનું જ હતું. એવામાં તમે મયૂરની વાત કરી. મને એના પર ચાર બાબતે શંકા ગઈ. એક, ઘરમાં આવડો મોટો બનાવ બની ગયો તોય એ ન દેખાયો. બે, માહિર કોઈની સાથે પોતાની વાર્તાની વાત ન કરતો, પણ મયૂરે કહ્યું કે માહિરે સિયા અને રિશીના દ્રશ્યની ચર્ચા એની સાથે કરી. એનો અર્થ એ કે માહિરને મારીને એણે વાર્તા વાંચી લીધી હતી. ત્રણ, મયૂરને પિસ્તોલ સાયલેન્સરવાળી હતી એ કઈ રીતે ખબર પડી? એને એ ખબર પડી એટલે જ તો એણે નિશ્ચિંત થઈને ખૂન કર્યું! ચાર, માણસ લમણે ગોળી ફોડે તો, ગોળીના પ્રચંડ વેગથી એક પ્રકારે ધક્કો વાગે અને એને લીધે પિસ્તોલ ઊછળીને હાથમાંથી પડી જાય. એને બદલે મરેલા માહિરે પિસ્તોલ બળપૂર્વક પકડી રાખી છે. એનો સ્પષ્ટ અર્થ એવો થાય કે એને માર્યા પછી એના હાથમાં પિસ્તોલ પકડાવી દેવામાં આવી છે. મૃત્યુ પછી દેહ અકડાવા માંડે એટલે પિસ્તોલ પરની પકડ પણ મજબૂત થઇ છે! પિસ્તોલ ફોડતી વખતે ગનપાવડર નીકળતો હોય છે, એ પણ મયૂરના હાથે લાગેલો હશે! આ ચાર કારણોસર મયૂરે ખૂન કર્યું હોવાના તારણ પર હું પહોંચ્યો છું. બોલ, મયૂર, ખરું કે ખોટું?’

મયૂર ભાંગી પડ્યો. એણે કબૂલ કર્યુંઃ ‘માહિર... માહિર... માહિર. જ્યાં જુઓ ત્યાં માહિર.... હું માહિરથી જલતો હતો. એની લોકપ્રિયતાને લીધે એની ઇર્ષ્યા કરતો હતો. મને નોકરી પણ નહોતી મળતી અને છોકરી પણ નહોતી મળતી. જ્યારે માહિરની પાછળ છોકરીઓ ગાંડી થતી. એક દિવસ વાતવાતમાં માહિરે મને સાયલેન્સરવાળી પિસ્તોલની વાત કરી. મેં એ જ વખતે એને મારવાની યોજના ઘડી કાઢી. લાગ જોઇને હું ગઈકાલે રાત્રે એના રૂમમાં ગયો અને એનું ખૂન કરી નાખ્યું. એની વાર્તાનું દ્રશ્ય વાંચીને યાદ કરી લીધું. પછી ખૂનને આપઘાતનું સ્વરૂપ આપી દીધું. પણ મને શું ખબર કે માહિર ડાબોડી હશે! મેં એને લખતાં તો જોયો જ નહોતો!’

મનોરમા અને રાજશ્રીની આંખોમાંથી અંગારા ઝર્યા. મયૂર રડી પડ્યો. એનું પાપ છાપરે ચડીને પોકાર્યું હતું! ■

**આવતા અઠવાડિયે નવી કથા**


---

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# ફ્રાન્સની લાસ્કોક્સ ગુફા પ્રદર્શની...







સ્થપતિ સ્નોહેટ્ટા દ્વારા નિર્ધારિત કરાયેલી આશરે ૮૪૦૦ ચોરસ મીટરના વિસ્તારની આ લાસ્કોક્સ ગુફા પ્રદર્શની વર્ષ ૨૦૧૭માં ખુલ્લી મુકાઈ હતી. અહીં પ્રાગૈતિહાસિક લાસ્કો ગુફા ચિત્રો તથા અન્ય નમૂનાઓ રાખવામાં આવ્યા છે. અન્ય મ્યુઝિયમની જેમ આ પણ શૈક્ષણિક હેતુલક્ષી રચના છે. સ્વાભાવિક રીતે અહીં એક સાથે અનેક વિદ્યાર્થીઓ કે સંશોધકો આવી શકે અને તેથી અહીંનું દરેક સ્થાન જાણે ‘વિશાળતા’ની પ્રતીતિ કરાવે તે રીતે નિર્ધારિત કરાયું છે. આ પ્રકારના અભિગમને કારણે ક્યાંક આ રચના જરૂરિયાત કરતાં મોટી પણ થઈ ગઈ હોય તેમ જણાય છે. કહેવાય છે કે જ્યાંથી આ પ્રકારના ચિત્રો મળી આવ્યા છે તે પ્રાચીન ગુફાઓને અહીં અર્વાચીન સ્થાપત્યના પરિપ્રેક્ષ્યમાં પુનઃ સ્થાપિત કરવામાં આવી છે.

ભારતમાં પણ ‘ગુફા’ બનાવવાનો આવો એક પ્રયત્ન થયો છે. સ્થપતિ બાલકૃષ્ણ દોશીએ અમદાવાદમાં ‘અમદાવાદની ગુફા’ની રચના નિર્ધારિત કરી છે. અમદાવાદની આ ગુફા અને ફ્રાન્સની લાસ્કોક્સની ગુફામાં આભ-જમીનનો ફેર છે. અમદાવાદમાં મુક્ત આકારો પ્રયોજાયા છે જ્યારે અહીં સીધી રેખાવાળા, લગભગ ભૌમિતિક કહી શકાય તેવાં આકારનો ઉપયોગ કરાયો છે. અમદાવાદની ગુફાનું પ્રમાણમાપ, ખાસ કરીને ઊંચાઈ, ‘માનવીય’ પ્રમાણમાપ વાળી છે જ્યારે અહીં સ્મારકીય પ્રમાણમાપ જોવાં મળે છે. અમદાવાદની ગુફામાં પ્રકાશનો પ્રવેશ નિયંત્રિત છે જ્યારે અહીં ઘણાં સ્થાન ઉપર વિપુલ માત્રામાં પ્રવેશી શકે છે. જો ગુફાની મૂળભૂત અનુભૂતિની વાત કરવામાં આવે તો બાલકૃષ્ણ દોશી વધુ સફળ થયા છે. ફ્રાન્સની લાસ્કોક્સ ગુફા પ્રદર્શની વાસ્તવમાં ગુફાના સ્પિરિટને ડિઝાઇનની અંદર વણી લેવામાં નિષ્ફળ ગઈ હોય તેમ જણાય છે.

ટેકનોલોજીના ઉપયોગને કારણે આ પ્રદર્શનીની અનુભૂતિ વધુ રોમાંચક અને અસરકારક બની રહે છે. પરંતુ તે તો ટેકનોલોજીની વાત થઈ. સ્થાપત્યની વાત કરીએ તો એમ કહી શકાય કે અહીં કેટલીક કુદરતી પરિસ્થિતિને જેમની તેમ રાખીને તેની આજુબાજુ જે સ્થાન નિર્ધારણ કરાયું છે તેમાં આધુનિકતાની છાંટ વધુ છે. સ્થાપત્ય અને પ્રદર્શીની માટે રખાયેલ વસ્તુ વચ્ચે એક તીખો વિરોધાભાસ ઉભો થાય છે. આ વિરોધાભાસ ‘ગુફા’ની વાસ્તવિકતા વધુ સારી રીતે સમજવા માટે ક્યારેક મદદરૂપ થઈ શકે, પણ દર વખતે આમ ન પણ થાય. પ્રાચીન અવશેષોને સકારાત્મક અને સંવેદનશીલ પ્રતિભાવ આપવાથી વધુ સારું પરિણામ આવી શક્યું હોત. ક્યારેક અહીં એમ પ્રતિત થઈ શકે કે કોઈ નવાં જ સ્થાપત્યની રચનામાં અતિ પ્રાચીન બાબતો ગોઠવી દેવામાં આવી છે, અથવા તો કેટલીક અતિ પ્રાચીન બાબતોની આસપાસ અર્વાચીન સ્થાપત્ય ઊભું કરી દેવાય છે. અહીં જે વિરોધાભાસ ઊભો થાય છે તેનાથી પ્રાચીન ચીજવસ્તુઓ કદાચ માત્ર ‘જોવાતી’ જ હશે, તેની જે તે પરિસ્થિતિની વાસ્તવિક ‘અનુભૂતિ’ નહીં થતી હોય. આ પ્રદર્શની કુદરતી જંગલ, ટેકરીઓ, નાની ખીણ વચ્ચે બનાવવામાં આવેલી હોવાથી સ્વાભાવિક રીતે તેનું આકર્ષણ જાગે, પરંતુ તેનો યશ સ્થાપત્યની રચનાને ન આપી શકાય.



પ્રદર્શનીનાં આયોજનમાં યોગ્ય ક્રમબદ્ધતા, ક્યાંક ગુફાની પ્રતીતિ કરાવી શકે તેવી અંદરની અંધારી તેમ જ જગ્યાઓ, પાણીની હાજરીને કારણે અનુભવાતા ભેજને લીધે ગુફાની પ્રતીતિને મળતી દ્રઢતા, વચ્ચે વચ્ચે ઉપર આકાશમાંથી પ્રવેશતા પ્રકાશને કારણે અનુભવાતી શાંતિ, વ્યવસ્થિત રીતે નિર્ધારિત કરાયેલ સામાજિક સંપર્ક માટેનાં સ્થાન, આવાં સ્થાનને અપાયેલી એક પ્રકારની ભવ્યતા, લગભગ રફ કહી શકાય તેવી કોન્ક્રીટની સપાટીથી ઉદ્ભવતો પથ્થરની રચના જેવો ખ્યાલ, વચ્ચે વચ્ચે ક્યાં ગોઠવવામાં આવેલ સ્થાન પરથી જોવા મળતાં સુંદર કુદરતી દ્રશ્યો તથા લગભગ જમીન સાથે, જમીનની અંદર ગોઠવાઈ જતી રચના – જેવી બાબતોને કારણે આ મકાન લોકોનું ધ્યાન ખેંચે છે.

આ સાથે અહીં કેટલીક વિરોધી બાબતોનો સમન્વય પણ રસપ્રદ છે. અહીં ચઢાણ અને ઉતરાણ બંને માણી શકાય છે. અહીં અંદર અને બહાર વચ્ચેનો ભેદ ઉત્સવીય છે. અહીં પૃથ્વી અને આકાશ વચ્ચેનું સમીકરણ રચનાત્મક છે. અહીં પ્રકૃતિ અને કલા વચ્ચેનું જોડાણ સ્વીકૃત ઉપરાંત રસપ્રદ છે. અહીં કુદરત નિર્મિત ‘ગુફા’ અને માનવ નિર્મિત મકાન વચ્ચેનો સમન્વય અર્થપૂર્ણ છે. અહીં આવનજાવનના માર્ગ તેમજ વિરામસ્થાન વચ્ચે જરૂરી સાતત્યતા પણ છે અને વિશેષતા પણ છે. અહીં ક્યાંક શાંતિ અનુભવાય તો ક્યાંક ધક્કો વાગે. તે બધા સાથે અર્વાચીન સ્થાપત્યમાં જેમ થતું આવ્યું છે તેમ, અહીં પણ ઇતિહાસ, સંસ્કૃતિ, પરંપરા, સંજોગો, આબોહવા, પર્યાવરણનું સંરક્ષણ તથા ઊર્જાના કરકસરયુક્ત ઉપયોગની વાત કરાઈ છે.

ઉપયોગિતાની વાત કરીએ તો, અહીં દરેક પ્રકારની ગેલેરીને એક ઓળખ આપવામાં આવી છે. એક માળના આ મકાનનાં પ્લાનમાં એવી કોઈ ખાસ વિશેષતા નથી. અહીં લંબચોરસ ઓરડાઓ જરૂરિયાત મુજબ એકબીજાં સાથે ગોઠવી દેવાયાં છે. વચ્ચેના સ્થાનમાં થોડીક મોટાં, કુદરતના ખજાનાને આશ્રય આપતાં, અનૌપચારિક તથા વિરામની ભાવના ઉત્પન્ન કરી શકે તેવાં સ્થાન ગોઠવાયાં છે. અનુભૂતિની દ્રષ્ટિએ સમગ્ર રચનામાં આ સ્થાન જ પ્રશંસા મેળવે છે. તે ઉપરાંત સમગ્ર મકાનનું જે મુખ્ય એલીવેશન, સન્મુખ દેખાવ છે તેમાં એક પ્રકારની નાટકીયતા સ્થાપિત કરવાનો સફળ પ્રયત્ન કરાયો છે. અહીં જમીન પરથી ઉચકાતો, સમગ્ર મકાનને આવરી લેતો અને પાછો જમીન સાથે જોડાઈ જતો, ઊર્જા-યુક્ત, વાંકોચૂકો એક પટ્ટો બનાવવામાં આવ્યો છે. આ પટ્ટા પાછળ આખું મકાન જાણે સંતાઈ જાય છે. આ પટ્ટામાં ગોઠવાયેલા પગથિયાં દ્વારા મકાનની છત પર સીધા પહોંચી શકાય છે. પરિણામે છત છત ન રહેતા ઉપસેલી જમીન બની જાય છે. આ મકાન લગભગ જમીનની અંદર દટાયેલું રહે, બહારથી તે પ્રતીત નથી થતું કે અંદર શું છે. પ્રવેશ કર્યા પછી જ જાણમાં આવે કે મકાન કેટલું વિસ્તૃત અને કેટલું ઊંડું છે. એકંદરે આ એક ઉત્સાહી પ્રયત્ન છે. ■

# વિશ્વ બજાર પાછળ ચાંદીમાં વધુ ₹૪૪૧૭નો અને સોનામાં ₹૧૮૩૭નો કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકાના ફુગાવાના ડેટાની આજે મોડી સાંજે થનારી જાહેરાત પૂર્વે અમેરિકા તથા ચીન વચ્ચેના વેપાર અંગેના તણાવ હળવા થવાના આશાવાદને ધ્યાનમાં લેતાં લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીમાં રોકાણકારોની નફારૂપી વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં હાજરમાં સોનાના ભાવ ૧.૫ ટકા અને ચાંદીના ભાવ ૧.૬ ટકાના ઘટાડા સાથે ક્વૉટ થઈ રહ્યાના અહેવાલો સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓમાં ભાવઘટાડો આગળ ધપ્યો હતો, જેમાં ચાંદીના ભાવમાં વધુ કિલોદીઠ રૂ. ૪૪૧૭નો અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૮૨૯થી ૧૮૩૭નો કડાકો બોલાઈ ગયો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ભાવમાં નરમાઈનું વલણ રહેતા વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૪૪૧૭ના ઘટાડા સાથે રૂ. ૧,૪૭,૦૩૩ના મથાળે રહ્યા હતા. જોકે, ભાવમાં વધુ ઘટાડાની શક્યતાને ધ્યાનમાં લેતા ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની લેવાલી છૂટીછવાઈ ખપપૂરતી રહી હતી. તેમ જ આજે હાજરમાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૮૨૯ ઘટીને રૂ. ૧,૨૧,૦૩૧ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૮૩૭ ઘટીને રૂ. ૧,૨૧,૫૧૮ના મથાળે રહ્યા હતા. તાજેતરમાં દિવાળીના તહેવારોની મોસમ પૂરી થઈ હોવાથી રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

અમેરિકા અને ચીન વચ્ચેનો વેપાર તણાવ હળવો થવાના આશાવાદ સાથે આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોની નફારૂપી વેચવાલીનું દબાણ જળવાઈ રહેવાની સાથે ડૉલર ઈન્ડેક્સ ૦.૬ ટકા વધીને ક્વૉટ થઈ રહ્યો હોવાથી હાજરમાં સોનાના ભાવ ૧.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૪૦૬૩.૪૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સતત નવ સપ્તાહ દરમિયાન જોવા મળેલા સાપ્તાહિક ભાવવધારાને બ્રેક લાગી હતી અને આ સપ્તાહમાં અત્યાર સુધીમાં ૪.૩ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. વધુમાં આજે સોનાના ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ ૧.૭ ટકા ઘટીને ૪૦૭૭.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૬ ટકા ઘટીને ઔંસદીઠ ૪૮.૧૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

વૈશ્વિક બજારમાં તાજેતરમાં સોનામાં એકતરફી અને ઝડપી તેજી જોવા મળી હતી અને રોકાણકારો એવું માની રહ્યા છે કે અમેરિકા અને ચીન વચ્ચેનો તણાવ હળવો થશે આથી તેઓએ નફો ગાંઠે બાંધવાનું અને પોઝિશન હળવી કરવાનું મુનાસિબ સમજતાં ભાવમાં પીછેહઠ જોવા મળી રહી હોવાનું બૅન્કિંગ જૂથ સ્વિસક્વૉટનાં વિશ્લેષક અલ્બર્ટો ડે કોસ્ટાએ જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે આગામી સપ્તાહે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ એશિયાની મુલાકાત દરમિયાન ચીનના પ્રમુખ શિ જિનપિંગને મળશે એવી ગઈકાલે વ્હાઈટ હાઉસે સ્પષ્ટતા કરી હોવાથી વેપાર તણાવ હળવો થવાનો આશાવાદ સપાટી પર આવ્યો છે. વધુમાં આજે રોકાણકારોની નજર મોડી સાંજે જાહેર થનારા અમેરિકાના ગત સપ્ટેમ્બરનાં ફુગાવાના ડેટા પર સ્થિર થઈ છે. જોકે, ફુગાવામાં નોંધપાત્ર વધારો થવાની ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા છે. તેમ જ અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો વધારો કરે તેવી ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા છે.

# ૭ દિવસની આગેકૂચને બ્રેક, પ્રોફિટ બુકિંગ વચ્ચે નિફ્ટી ૨૫,૮૦૦ની નીચે સરક્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકા સાથે ભારતના વ્યાપાર સોદા અંગેની અનિશ્ચિતતા અને રશિયન ઓઇલ પર અમેરિકાએ લાગેલા પ્રતિબંધને કારણે સર્જાનારી સમસ્યા અને આર્થિક અસરોની અટકળો વચ્ચે વેચવાલીનું દબાણ વધવાથી સપ્તાહના છેલ્લા સત્રમાં ૭ દિવસની આગેકૂચને બ્રેક લાગી હતી અને નિફ્ટી ૨૫,૮૦૦ની નીચે સરકી ગયો હતો. પાછલા ૭ સત્રમાં સેન્સેક્સ અને નિફ્ટીમાં ત્રણેક ટકા ઉછાળો જોવા મળ્યો છે અને મંગળવારે બંને બેન્ચમાર્ક તેમની બાવન સપ્તાહની ઊંચી સપાટીને સ્પર્શ્યા હતા. વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પિયુષ ગોયલે અમેરિકા સાથેના વ્યાપાર સોદા માટે ભારતને ઉતાવળ ના હોવાના સંકેત આપ્યા બાદ બજારનું સેન્ટિમેન્ટ વધુ કથળ્યું હતું.

ઊંચા મથાળે પ્રોફિટ બુકિંગને કારણે શુક્રવારે સત્ર દરમિયાન ૫૯૯.૨૫ પોઇન્ટ અથવા તો ૦.૭૦ ટકા ગબડીને ૮૩,૯૫૭.૧૫ પોઇન્ટની નીચી સપાટીને અથડાયા બાદ અંતે સેન્સેક્સ ૩૪૪.૫૨ પોઇન્ટ અથવા તો ૦.૪૧ ટકાના ઘટાડા સાથે ૮૪.૨૧૧.૮૮ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. જ્યારે નિફ્ટી ૯૬.૨૫ પોઇન્ટ અથવા તો ૦.૩૭ ટકા ગબડીને ૨૫,૭૯૫.૧૫ની સપાટીએ સ્થિર થયો હતો. બેન્ચમાર્કના પચાસમાંથી ૩૪ શેર ગબડ્યા હતા અને માત્ર ૧૬ શેરમાં સુધારો હતો.

સેન્સેક્સના શેરોમાં હિંદુસ્તાન યુનિલીવર ૩.૨૦ ટકાના કડાકા સાથે ટોપ લુઝર બન્યો હતો. આ ઉપરાંત અન્ય ટોપ લુઝર્સ શેરોમાં અલ્ટ્રાટેક સિમેન્ટ, કોટક મહિન્દ્રા બેન્ક, અદાણી પોર્ટ, ટાઇટન, એચડીએફસી બેન્ક અને એક્સિસ બેન્કનો સમાવેશ હતો. જ્યારે ટોપ ગેઇનરમાં ભારતી એરટેલ, આઇસીઆઇસીઆઇ બેન્ક, ભારત ઇલેક્ટ્રોનિક્સ અને સન ફાર્માનો સમાવેશ હતો.

પ્રાઇમરી માર્કેટમાં એમટીઆર અને ઇસ્ટર્ન જેવી બ્રાન્ડ ધરાવતી ઓર્કલા ઇન્ડિયા રૂ. ૧૦,૦૦૦ કરોડના ટાર્ગેટ વેલ્યુએશન સાથે રૂ. ૧૬૬૭ કરોડનો આઇપીઓ લાવી રહી છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૬૯૫થી રૂ. ૭૩૦ નક્કી કરવામાં આવી છે. પબ્લિક સબ્સક્રિપ્શન ૨૯ ઓક્ટોબરે ખૂલશે અને ૩૧ ઓક્ટોબરે બંધ થશે. ટેકનોપેક રિપોર્ટ અનુસાર ૨૦૨૪માં પેકેજ્ડ ફૂડ માર્કેટનું કદ રૂ. ૧૦,૧૮૦ બિલિઅન જેટલું હતું, જે ૨૦૧૯ સામે ૧૦.૮૦ ટકાનો સીએજીઆર દર્શાવે છે.

શુક્રવારે ભારતીય શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો, જેમાં સેન્સેક્સ અને નિફ્ટી પાછલા સત્રમાં રેકોર્ડ ઊંચાઈની નજીક રહ્યા બાદ પીછેહઠ કરી. ગુરુવારે જે તેજી જોવા મળી હતી, તે મધ્યસત્રમાં જ ધીમી પડી ગઈ અને ભારત સરકારે સોદાના વહેલા ઉકેલ અંગેના અહેવાલોની પુષ્ટિ કરવાનું ટાળતાં સંભવિત યુએસ-ભારત વેપાર સોદા અંગે આશાવાદ ઓછો થઈ ગયો હતો.

એફએમસીજી, હેલ્થકેર અને ખાનગી બેંક શેરોમાં નબળાઈને કારણે મોટાભાગના ક્ષેત્રોમાં ઘટાડો થતાં બજારમાં સાવચેતીનું માનસ સર્જાયું હતું. મીડિયા અને મિડકેપ સેગમેન્ટમાં જોવા મળેલા સુધારાએ બજારને મર્યાદિત ટેકો આપ્યો હતો. વ્યાપક સૂચકાંકોએ કોન્સોલિડેશન પ્રતિબિંબિત કર્યું હતું, જેમાં રોકાણકારોએ નબળા વૈશ્વિક સંકેતો અને ટૂંકા ગાળાના બજાર દિશા અંગે અનિશ્ચિતતા વચ્ચે નફો બુક કર્યો હતો. બીજી બાજુ, ધાતુ અને ઊર્જા શેરોમાં મજબૂતાઈએ એકંદર બજારના ઘટાડાને કાબૂમાં રાખવામાં મદદ કરી હતી.

મિડવેસ્ટના શેર તેના રૂ. ૧૦૬૫ના ઇશ્યુ ભાવ સામે ૯.૩૯ ટકાના પ્રીમિયમ સાથે રૂ. ૧૧૬૫.૧૦ના ભાવે લિસ્ટેડ થયા હતા. ઇન્ફોસિસે ૨૨ ઓક્ટોબરના રોજ જારી કરાયેલ એક્સચેન્જ ફાઇલિંગમાં, જાહેરાત કરી છે કે તેના પ્રમોટર્સ અને પ્રમોટર ગ્રુપે રૂ. ૧૮,૦૦૦ કરોડના બાયબેકમાં સહભાગી ન થવાનો પોતાનો ઇરાદો જાહેર કર્યો છે. ટાટા મોટર્સે તેના ડિમર્જરની પ્રક્રિયા પૂરી કરી દીધી દીધી હોવાથી તેના શેર હવે ટાટા મોટર્સ પેસેન્જર્સ વ્હીકલ્સને નામે ટ્રેડ થઇ રહ્યા છે.

કોર્પોરેટ પરિણામમાં એસબીઆઇ લાઇફનો બીજી ક્વાર્ટરનો ચોખ્ખો નફો ૬.૬૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૪૯૪ કરોડ નોંધાયો હતો. આઇટીસી હોટલે બીજા ક્વાર્ટરમાં ૭૪ ટકાના વધારા સાથે રૂ. ૧૩૩ કરોડનો નફો નોંધાવ્યો છે. આદિત્ય બિરલા સનલાઇફ એએમસીનો નફો ઘટીને રૂ. ૨૪૧.૩૦ કરોડ રહ્યો છે. ડો. રેડ્ડીઝ લેબનો બીજા ક્વાર્ટરનો નફો ૧૪ ટકા વધીને રૂ. ૧૪૩૭ કરોડ નોંધાયો છે.

એલએન્ડટીને હિન્દાલ્કો પાસેથી ઓડિશામાં એલ્યુમિનિયમ સેલ્ટર સેટ અપ કરવા અને ટાટા સ્ટીલ પાસેથી કોક ઓવન બેટરી બનાવવા માટે ઓર્ડર મળ્યા છે. લેન્સકાર્ટના આઇપીઓ પહેલા ડીમાર્ટના રાધાકૃષ્ન દામાણીએ તેમાં રૂ. ૯૦ કરોડનું રોકાણ કર્યું છે. પ્રીમીઅર એનર્જીએ કેસલોરે હસ્તગત કરી છે. હીરો મોટો કોર્પે યુકે માર્કેટમાં પ્રવેશ કર્યો છે.

આઇટીસી હોટલનો બીજા ક્વાર્ટરનો નફો ૭૪ ટકા વધીને રૂ. ૧૩૩ કરોડ નોંધાયો છે. ટોરન્ટ ફાર્મા રૂ. ૧૪,૦૦૦ કરોડનો બોન્ડ ઇશ્યૂ લાવી રહી છે. કોલગેટે બીજા ક્વાર્ટરના પરિણામમાં રૂ. ૩૨૭.૫૦ કરોડનો નફો નોંધાવ્યો છે, જે વર્ષ અગાઉના સમાન ગાળાના રૂ. ૩૯૫ કરોડ સામે ૧૭ ટકાનો ઘટાડો નોંધાવ્યો છે. એચયુએલે શેરદીઠ રૂ. ૧૯ના વચગાળાના ડિવિડંડની જાહેરાત કરી છે.

## પશ્ચિમ રેલવેના મુંબઇ સેન્ટ્રલ ડિવિઝને ઐતિહાસિક 100% સમયપાલનતા હાંસલ કરી

મુંબઇ: પશ્ચિમ રેલવેના મુંબઇ સેન્ટ્રલ ડિવિઝને ૨૨ ઑક્ટોબર ૨૦૨૫ના રોજ ૧૦૦% મેલ-એક્સપ્રેસ ટ્રેન સમયપાલનતા રેકોર્ડ કરીને એક નોંધપાત્ર સીમાચિહ્ન હાંસલ કર્યું છે. આ ઉત્કૃષ્ટ સિદ્ધિ ડિવિઝનના કામગીરી શ્રેષ્ઠતા, સમયપાલનતા અને યાત્રીઓના સમાધાન પરના નિરંતર પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી મુજબ ડિવિઝનના સંતૃપ્ત નેટવર્ક પર હાલમાં મોટી સંખ્યામાં દિવાળી-છઠ ઉત્સવ વિશેષ ટ્રેનો કાર્યરત છે તે જોતાં આ અસાધારણ સિદ્ધિ ખાસ કરીને નોંધપાત્ર છે. આ કામગીરીના પડકારો છતાં, ઝીણવટભર્યું આયોજન, સીમલેસ સંકલન અને સમર્પિત ટીમવર્ક દોષરહિત સમયપાલનતા કામગીરી સુનિશ્ચિત કરે છે. મુંબઇ સેન્ટ્રલ ડિવિઝન ૬૦૦ રૂટ કિલોમીટર્સથી વધુ નેટવર્ક પર દરરોજ ૧૪૦૦થી વધુ ઉપનગરીય ટ્રેન સેવાઓ અને લગભગ ૧૫૦ મેલ/એક્સપ્રેસ ટ્રેનોનું સંચાલન કરે છે.

## રૂપિયામાં પાંચ પૈસાની આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ થઈ જવાના આશાવાદ ઉપરાંત વૈશ્વિક બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદાના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો વધુ પાંચ પૈસાના સુધારા સાથે ૮૭.૮૩ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ રહ્યું હોવાથી રૂપિયામાં સુધારો સીમિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૭.૮૮ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૭.૭૮ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૭.૮૫ અને ઉપરમાં ૮૭.૬૩ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે પાંચ પૈસા વધીને ૮૭.૮૩ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે પણ ડૉલર સામે રૂપિયામાં પાંચ પૈસાનો સુધારો જોવા મળ્યો હતો.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે - રતલામ ડીવીઝન**

એન્જિનિયરીંગ વિભાગ ઈ-ટેન્ડરીંગ નોટીસ

ધ ડીવીઝનલ રેલવે મેનેજર (WA), રતલામ ભારતના રાષ્ટ્રપતિના માટે અને વતી *ઓપન ટેન્ડર* વેબસાઈટ www.ireps.gov.in પર ઈ-ટેન્ડર દ્વારા મંગાવે છે. વિગતો નીચે મુજબ છે: ઈ-ટેન્ડર નં.: RTM-2025-26-132, કામનું નામ: ફતેહાબાદ - સિંહસ્થ ૨૦૨૮ના અનુસંધાનમાં ૧૦ બેડ બેરેકની જોગવાઈ (કંપોઝીટ - સિવિલ + ઈલેક.) અંદાજીત જથ્થો: ટેન્ડર પરિશિષ્ઠ મુજબ. અંદાજીત કિંમત: ₹ ૧,૫૯,૫૮,૮૧૭.૭૨ બાના રકમ: ₹ ૨૨૯૮૦૦/-. પૂર્ણતા મુદત: ૧૨ માસ, કામનો સમાન પ્રકાર: કોઈપણ બીલ્ડીંગ કામનું કંસ્ટ્રકશન, વેબસાઈટ પર અપલોડીંગની તા.: ૨૧.૧૦.૨૫. ટેન્ડરની ખૂલવાની તા.: ૧૪.૧૧.૨૫. • વિગતવાર ટેન્ડર નોટીસ, લાયકાતની શરતો અને નિયમો તથા શરતો વેબસાઈટ www.ireps.gov.in ખાતે ઉપલબ્ધ છે.

V/312 ડીવીઝનલ રેલવે મેનેજર (W/A) રતલામ ડીવીઝન

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

સિનિયર ડિવિઝનલ કોમર્શિઅલ મેનેજર, મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન, પશ્ચિમ રેલવે

ડિવિઝનલ રેલવે મેનેજર, કોમર્શિઅલ વિભાગ, NFR સેકશન, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮.

કામ - મુંબઈ ડિવિઝન પર વિવિધ NFR મિડિયા દ્વારા જાહેરાતનું પ્રદર્શન

| ઓકશન કેટલોગ નં. | ઓકશન પ્રારંભ (તમામ લોટ) |
|---|---|
| MMCT-ADVT-૨૫-૫૦ | ૧૨-૧૧-૨૫ ૧૫:૦૦:૦૦ |

| ક્ર. નં. | લોટ નં. | સ્થળ/વિસ્તાર | દિવસ | ઈ-ઓકશનની બંધ થવાની તારીખ & સમય |
|---|---|---|---|---|
| ૧ | ADVT-BCT-NSP-OH-૩૫૧-૨૫-૨ (જાહેરાત-આઉટ ઓફ હોમ) | ૦૭ વર્ષની મુદત માટે કુલ વિસ્તાર ભરતમાં ૬૦૦ ચો-ફુટનો નાલાસોપારા (બુકિંગ ઓફિસના કતાર વિસ્તારને અડીને આવેલા ઉત્તર પૂર્વ ફરતા વિસ્તારમાં ૨૦'X૧૦' કદના ૦૩ હોર્ડિંગ્સ) ખાતે બંધાયેલ નવા હોર્ડિંગના ઈરેકશન દ્વારા જાહેરાતના પ્રદર્શન માટે બલ્ક જાહેરાત હક્કો. | ૨૫૫૭ | ૧૨-૧૧-૨૫ ૧૫:૩૦:૦૦ |
| ૨ | ADVT-BCT-NVS-OSN-૪૪૪-૨૫-૧ (જાહેરાત-ઓન સ્ટેશન પ્રિમાઈસિસ (નોન-ડિઝિટલ)) | ૩ વર્ષની મુદત માટે નવસારી (NVS) સ્ટેશન ખાતે બલ્ક જાહેરાત હક્કો. | ૧૦૯૬ | ૧૨-૧૧-૨૫ ૧૫:૪૦:૦૦ |

સંપર્ક વિગતો: લેન્ડલાઈન નં.: ૦૨૨૬૭૬૪૪૨૧૨,
ઈમેલ ID : acmadvtgbct@gmail.com
નોંધ: સંબંધિત બિડરોએ IREPS વેબસાઈટ (www.ireps.gov.in) પર ઈ-ઓકશન લિઝિંગ મોડ્યૂલની મુલાકાત લેવા વિનંતી. લોટ વાઈઝ વિગતો ઉલ્લેખેલ કેટલોગ હેઠળ તેમાં ઉપલબ્ધ છે.
0733

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly


## ગુજરાત

# ગુજરાતમાં આજથી સોમવાર સુધી માવઠાની આગાહી, દરિયાકિનારે ભયસૂચક સિગ્નલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાંથી ચોમાસાએ વિદાય લીધા બાદ ફરી એકવાર કમોસમી વરસાદનું જોખમ સર્જાયું છે. પૂર્વ મધ્ય અરબ સાગરમાં ડિપ્રેશન સક્રિય થતાં ૨૫ ઓક્ટોબરથી ૨૭ ઓક્ટોબર સુધી વરસાદનું યલો એલર્ટ જાહેર કરાયુ છે. અરબી સમુદ્રમાં બનેલી સિસ્ટમની અસરથી રાજ્યના હવામાનમાં પલટો આવવાની સંભાવનાઓ જોવાઈ રહી છે. જેમાં ગુજરાતમાં બે દિવસ પછી ગાજવીજ સાથે છૂટોછવાયો વરસાદ થવાની સંભાવનાઓ વ્યક્ત કરી છે, આ સાથે ૨૬મી તારીખથી વરસાદનું જોર વધવાની શક્યતાઓ જોવાઈ રહી છે. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના ડિરેક્ટર એકે દાસે આ અંગે સંપૂર્ણ માહિતી આપી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, અરબી સમુદ્રમાં જે સિસ્ટમ બનેલી છે તેની અસર ગુજરાત પર પણ જોવા મળશે. દરિયામાં બનેલી સિસ્ટમ ૨૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપી ઉત્તર-ઉત્તર પૂર્વ તરફ આગળ વધી રહી છે.

પૂર્વ-મધ્ય અરબી સમુદ્રમાં જે ડિપ્રેશનની સિસ્ટમ બનેલી છે, જે ઉત્તર-ઉત્તર પૂર્વ તરફ ગતિ કરી રહી છે. જેની ગતિ ૨૫ કિલોમીટર પ્રતિ કલાકની છે. આગામી સમયમાં પણ આ સિસ્ટમ ઉત્તર-ઉત્તર પૂર્વ દિશામાં આગળ વધશે. જેના કારણે ગુજરાતના હવામાન પર અસર થવાની સંભાવનાઓ જોવાઈ રહી છે. વધુમાં એકે દાસે જણાવ્યું હતું કે, આગામી ૭ દિવસ રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવનાઓ છે.

હવામાન વિભાગે કરેલી આગાહીમાં આજના દિવસે વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ અને દમણ તથા દાદરા નગર હવેલી અને દક્ષિણ સૌરાષ્ટ્રના પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી અને ભાવનગર સહિત રાજકોટ અને બોટાદમાં છૂટાછવાયા સ્થળો પર ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવનાઓ જોવાઈ રહી છે.

આ પછી વરસાદનું જોર વધવાની સંભાવનાઓ છે, જેમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના અમુક ભાગોમાં ગાજવીજ સાથે હળવાથી મધ્ય વરસાદની સંભાવનાઓ છે. જેમાં સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓ અને વડોદરા, છોટાઉદેપુર સહિત દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓ અને કેન્દ્ર સાશિત પ્રદેશનો સમાવેશ થાય છે.

આ પછી ત્રીજા દિવસથી એટલે કે ૨૬ તારીખથી વરસાદની સંભાવનાઓ આખા રાજ્યમાં રહેશે, જેમાં ગાજવીજ સાથે છૂટાછવાયા સ્થળો પર હળવાથી મધ્યમ વરસાદની સંભાવનાઓ છે. ૨૭, ૨૮, ૨૯ અને ૩૦ ઓક્ટોબર સુધી રાજ્યમાં વરસાદની શક્યતા છે. વાવાઝોડાના પગલે દક્ષિણ ગુજરાતમાં દરિયા કિનારે એલસીએસ ૩ સિગ્નલ જાહેર કરાયું છે. જ્યારે સૌરાષ્ટ્રના દરિયાકિનારે ડીસી૧ સિગ્નલ જાહેર કરવામાં આવ્યું છે.

# સૌરાષ્ટ્રની ધરા ધ્રૂજી, ૩.૬ની તીવ્રતાના ભૂકંપના આંચકા, કેન્દ્રબિંદુ ગોંડલથી ૨૪ કિ.મી. દૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતની ધરા ફરી એકવાર ધ્રૂજી ઉઠી હતી. બે અઠવાડિયા પહેલા નવસારીમાં ભૂકંપ આવ્યા બાદ હાલ દિવાળીના તહેવારની ઉજવણીની રોનક હજુ ઓછી થઈ નથી ત્યાં સૌરાષ્ટ્રની ધરતી ફરી ભૂકંપના ઝટકાથી ધણધણી ઉઠી હતી. શુક્રવાર બપોરે ૧૨ વાગ્યાની આસપાસ સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં ભૂકંપનો ઝટકો અનુભવાયો હતો, જેના કારણે સ્થાનિક લોકોમાં ચિંતા અને ફફડાટનો માહોલ સર્જાયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, શુક્રવારે બપોરે ૧૨:૩૭ મિનિટે રાજકોટમાં જેતપુર અને ગ્રામ્ય વિસ્તારમાં આંચકા અનુભવાયા હતા. બપોરના સમયે ભૂકંપનો આંચકો આવતા લોકો પોત-પોતાના ઘરની બહાર દોડી આવ્યા હતા. લોકોના જણાવ્યા અનુસાર, ઝટકો થોડી સેકન્ડો સુધી રહ્યો હતો, પરંતુ ધરતીકંપની તીવ્રતાએ લોકોને ઘરની બહાર દોડી આવવા મજબૂર કર્યા હતા.

શુક્રવારે બપોરે જેતપુર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં ભૂકંપનો આચકો અનુભવાતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો, ત્યારે આ ભૂકંપની રિક્ટર સ્કેલ પર ૩.૬ની તીવ્રતા નોંધાઈ છે અને ભૂકંપનું કેન્દ્રબિંદુ ગોંડલથી ૨૪ કિમી. દૂર નોંધાયું હતું. આ આંચકાઓ હળવા હોવાથી કોઈ જાનહાનિ કે મોટું નુકસાન થયું હોવાની માહિતી બહાર આવી નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે, આશરે પંદર દિવસ પહેલા નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ૧૦ ઓક્ટોબરે વાંસદામાં રાત્રેથી સવાર સુધી ભૂકંપના ૬ આંચકા અનુભવાયા હતા.

રાત્રે ૧૨:૫૪ વાગ્યાથી સવારે ૧૦:૧૭ વાગ્યા સુધી આ આંચકાઓ આવ્યા હતા, જેમાં સૌથી વધુ તીવ્રતા ૨.૮ની નોંધાઈ હતી.

જેના કારણે વાંસદા અને આસપાસના વિસ્તારોમાં લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

વિભાગ : ડેપ્યુટી હાઈડ્રોલિક એન્જિનિયર (મેઈન્ટેનન્સ)
નં. HE/૫૭૭૯/AE(M)WWES-I તા. ૨૦/૧૦/૨૦૨૫

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર લાયક બિડરો પાસેથી નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ અને સમય અને બીડ અંતિમ તારીખ અને સમય ટેન્ડર સેક્શન અને મહાટેન્ડર પોર્ટલ હેઠળ B.M.C.ની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટીસમાં ઉલ્લેખેલ છે.

| ક્ર.નં. | બીડ નંબર | કામનું નામ |
|---|---|---|
| ૧ | ૨૦૨૫_MCGM_૧૨૩૩૧૩૯_૧ | પૂર્વિય પરામાં AEWW'sની લેબર ચોકિ ખાતે અને DYHE (મેઈન્ટ.) ડિવિઝન હેઠળ વિવિધ સેકશનો ખાતે વોટર ડિસપેન્સર્સની સપ્લાય અને ઈન્સ્ટોલેશન. |

ઈચ્છુક ટેન્ડરોએ ટેન્ડરની વધુ વિગતો માટે http://portal.mcgm.gov.in ખાતે BMC વેબસાઈટ અને http://mahatenders.gov.in ખાતે મહાટેન્ડર્સ પોર્ટલ વેબસાઈટની મુલાકાત લેવી.

સહી/-
PRO/1992/ADV./2025-26 E.E.(H.W.) W.W i/c

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**વૃક્ષ પ્રાધિકરણ**

**- પબ્લિક નોટીસ -**

મહારાષ્ટ્ર (અર્બન એરિયાસ) પ્રોટેક્શન એન્ડ પ્રીઝર્વેશન ઓફ ટ્રીઝ એક્ટ ૧૯૭૫ (જાન્યુઆરી ૨૦૧૮ સુધી સુધારિત)ની કલમ ૮(૩)(સી) હેઠળની જોગવાઈને અનુરૂપ ઝોન-VIIમાં 'R/નોર્થ,' વોર્ડમાંથી ૦૧ પ્રસ્તાવ & 'R/સેન્ટ્રલ' વોર્ડમાંથી ૦૩ પ્રસ્તાવ કુલ ૦૪ પ્રસ્તાવ વૃક્ષોને હટાવવા માટે મહારાષ્ટ્ર સ્ટેટ ટ્રી ઓથોરિટી/BMC ની ટ્રી ઓથોરિટી/ મ્યુનિસિપલ કમિશનર, ચેરમેન, ટ્રી ઓથોરીટી (BMC)ની મંજૂરી મેળવવા માટે પ્રાપ્ત થયેલ છે.

ઉપર દર્શાવેલ પ્રસ્તાવોમાં કટીંગ/ ટ્રાન્સપ્લાન્ટીંગ માટે વૃક્ષોની માહિતી BMC વેબસાઈટ- https://mcgm.gov.in → About us → ward / Department → Department manuals → Gardens & Tree Authority → Tree Authority → Advt. 7days - W.S.-Z-VII-79. ઉપર ઉપલબ્ધ છે.

ઉપર જણાવેલ પ્રસ્તાવો માટે નાગરિકોના વાંધા/ સૂચનો જો કોઈ હોય તો, સુપ્રિ. ઓફ ગાર્ડન્સ એન્ડ ટ્રી ઓફિસરની ઓફિસમાં આ નોટીસ છપાયાની તારીખથી ૭ દિવસમાં નિયત કરેલ ફોર્મેટમાં મંગાવાય છે.

તમે તમારા સૂચનો/ વાંધાઓ આ ઈમેલ-ID dysg.ta@mcgm.gov.in પર નિયત કરેલ ફોર્મેટમાં સુપ્રત કરી શકો છો. નિયત કરેલ ફોર્મેટમાં તમારા સૂચનો/ વાંધાઓ જણાવેલ સમયમાં પ્રાપ્ત થશે તેની નોંધ લેવાશે. સદર તારીખ પછી પ્રાપ્ત થયેલ ઈમેલ અથવા લેખિત સૂચનો/ વાંધાઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. મેળવવામાં આવેલ સૂચનો/ વાંધા માટેની સુનાવણી ૦૩/૧૧/૨૦૨૫ના સાંજે ૪.૩૦ ક. સાંજે ૫.૦૦ ક. સુધી સુપ્રિ. ઓફ ગાર્ડન્સ & ટ્રી ઓફિસરની ઓફિસમાં થશે. જેમને આ સુનાવણીમાં હાજર રહેવું જરૂરી જણાય છે તેઓ તેમના ઈ-મેલ, સૂચનો/ વાંધાઓની નકલ સાથે હાજર રહે.

**સુપ્રિ. ઓફ ગાર્ડન્સ એન્ડ ટ્રી ઓફિસર ઓફ ધ ટ્રી ઓથોરિટી**

સુપ્રિ. ઓફ ગાર્ડન્સ એન્ડ ટ્રી ઓફિસરની ઓફિસ,
રજો માળ, હમ્બોલ્ટ પેન્ગવીન બિલ્ડીંગ,
V.J.B. ઉદ્યાન & ઝૂ, સંત સાવતા માલી માર્ગ,
ભાયખલા (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૨૭.
ટેલિ. નં. ૨૩૭૪૨૧૬૨
ઈમેલ- dysg.ta@mcgm.gov.in

સહી/-
સુપ્રી. ઓફ ગાર્ડન્સ
ઓફ ટ્રી ઓફિસર

PRO/2003/ADV./2025-26

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.


## કેન્દ્રીય પ્રધાન જ્યોતિરાદિત્ય સિંધિયાએ વડોદરાના સાંસદ અને મેયરને મોડા આવવા બદલ ઠપકો આપ્યો

અમદાવાદ: વડોદરા શહેરમાં યોજાયેલા રોજગાર મેળામાં વિવિધ વિભાગો સાથે સંબંધિત કુલ ૮૬ લોકોને નિમણૂક પત્રો મળ્યાં હતા. કેન્દ્રિય પ્રધાન જ્યોતિરાદિત્ય સિંધિયાના હસ્તે ઉમેદવારને નિયુક્તિ પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં જેમાં કેન્દ્રીય સંચાર અને પૂર્વોત્તર વિસ્તાર વિકાસ પ્રધાન સવારના ૧૦.૨૨ કલાકે સ્ટેજ પર પહોંચી ગયા હતા, પરંતુ વડોદરાના સાંસદ ડો.હેમાંગ જોષી અને મેયર પિન્કીબેન સોની ૧૦.૩૦ વાગ્યે પહોંચ્યાં હતાં, જેથી જ્યોતિરાદિત્ય સિંધિયા નારાજ થયા હતા. બન્નેને સ્ટેજ પર જ તમે બન્ને લેટ આવ્યાં છો તેમ સ્પષ્ટ સંભળાવી દીધું હતું.

મળતી વિગત પ્રમાણે, જ્યોતિરાદિત્ય સિંધિયા નિર્ધારીત સમય પ્રમાણે સ્ટેજ પર આવીને બેસી ગયા હતા, પરંતુ તેની બાજુમાં રહેલી સાંસદ અને મેયરની ચેર ખાલી હતી. જેવા સાંસદ અને મેયર આવ્યા તરત જ તેમણે કહ્યું કે, વી ઓલરેડી લેટ, લેટ્સ સ્ટાર્ટ. આમ, સ્થાનિક નેતાઓ પ્રત્યે તેમના ચહેરા પર ભારોભાર નારાજગી જોવા મળી હતી.

આ સમગ્ર ઘટનાક્રમ અંગે સાંસદ હેમાંગ જોષીએ સ્પષ્ટતા કરી હતી કે, ગ્રાઉન્ડ ફ્લોર પર ગુજરાતની રિવ્યૂ મિટિંગ ચાલી રહી હતી. આથી, તેઓ અને અન્ય સાથીઓ સર્કલ ઓફિસરની ઓફિસમાં ઉપરના માળે બેઠા હતા. તેમને લાગ્યું હતું કે સાહેબ ઉપર આવશે અને પછી બધા સાથે મળીને કાર્યક્રમમાં જઈશું.

## મહેસાણા ખાતે યોજાયો એર શો, સૂર્યકિરણ એરોબેટિક ટીમે દિલધડક કરતબો બતાવ્યા

અમદાવાદ: મહેસાણા એરોડ્રોમ ખાતે ભારતીય વાયુસેનાની પ્રખ્યાત સૂર્યકિરણ એરોબેટિક ટીમ (એસકેએટી) દ્વારા દિવાળીની અતિશબાજી બાદ ઉત્તર ગુજરાતના આકાશમાં અદ્દભુત અને રોમાંચક કરતબોનું પ્રદર્શન યોજાયું હતું. આ ભવ્ય એર શોને નિહાળવા માટે ઊર્જા પ્રધાન ઋષિકેશ પટેલ તથા લોકસભા સાંસદ હરિભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

ભારતીય વાયુસેનાની પ્રખ્યાત સૂર્યકિરણ એરોબેટિક ટીમ દ્વારા દર વર્ષે એર શોનું આયોજન કરવામાં આવે છે, ત્યારે આ વખતે દિવાળી પછી એટલે કે ૨૪ ઑક્ટોબરે મહેસાણામાં પહેલીવાર આયોજન કરવામાં આવ્યું હતું. એર શો દરમિયાન વાયુસેના દ્વારા દિલધડક કરતબો બતાવવામાં આવ્યા હતા. કરતબો જોઇને દર્શકો દંગ રહી ગયા હતા.

ભારતીય વાયુસેનાની એસકેએટી ટીમના નવ હોક એમકે ૧૩૨ વિમાનોએ મહેસાણાના અવકાશમાં પોતાના સશક્ત કરતબો રજૂ કર્યા હતા. આ વિમાનોએ એસકેએટી ટીમના સિગ્નેચર ફોર્મેટ સ્ટંટ ડાયમંડ, ભારતના વિશ્વવિખ્યાત સ્વદેશી તેજસ વિમાનની આકૃતિ સહિત લૂપ્સ, રોલ્સ, હેડ-ઓન ક્રોસ, બઝ, ઇન્વર્ટેડ ફોર્મેશન ડીએનએ, એ અને વાય જેવા દિલધડક સ્ટંટ દર્શકોએ નિહાળ્યા હતા. સૂર્યકિરણ એરોબેટિક ટીમના પાયલટ્સ પાંચ મીટરથી ઓછા અંતરે વિમાનો ઉડાડીને અદ્દભુત કરતબો રજૂ કર્યા હતા, જેમાં ચોકસાઈ, શિસ્ત અને ટીમ સ્પિરિટનું જીવંત પ્રદર્શન જોવા મળ્યું હતું. ભારતીય વાયુ સેનાના જાંબાઝ નવ વિમાનોને મહેસાણાના આકાશને તિરંગાના રંગથી રંગ્યા. આ રંગ જેમાં કેસરી રંગ આધ્યાત્મ અને શુદ્ધતા, સફેદ રંગ શાંતિ અને સત્ય, લીલો રંગ ઉત્પાદકતા અને ચક્ર ન્યાય તથા અધિકારોનું પ્રતીક મનાય છે, તેને મહેસાણાના નગરજનોએ એક રાષ્ટ્ર, સર્વશ્રેષ્ઠ રાષ્ટ્ર ભાવ સાથે આવકાર્યા હતા.

## દિવાળી વેકેશનમાં ગિરનાર, ભવનાથ અને સાસણમાં પ્રવાસીઓનો રેકોર્ડબ્રેક ધસારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દિવાળીના તહેવારની લાંબી રજાઓને કારણે જૂનાગઢ શહેર અને તેની આસપાસના પ્રવાસન સ્થળોએ પ્રવાસીઓની મોટી સંખ્યામાં ભીડ ઊમટી છે. ગુજરાત સહિત અન્ય રાજ્યોમાંથી પણ બહોળી સંખ્યામાં પ્રવાસીઓ જૂનાગઢની મુલાકાતે આવી રહ્યા છે, જેના કારણે પ્રવાસન સ્થળો પર મેળા જેવો માહોલ સર્જાયો હતો. ભવનાથ ક્ષેત્ર, ગિરનાર પર્વત, પુનઃનિર્માણ પામેલો ઉપરકોટ કિલ્લો અને એશિયાટિક સિંહોનું ઘર ગણાતું સાસણ-ગીર પ્રવાસીઓ માટે આકર્ષણનું મુખ્ય કેન્દ્ર બન્યા છે. પ્રવાસીઓ ધાર્મિક સ્થળોની મુલાકાતની સાથે-સાથે પ્રકૃતિ અને ઇતિહાસની મોજ માણી રહ્યા છે. ભવનાથ ક્ષેત્રમાં આવેલા વિવિધ મંદિરોમાં શ્રદ્ધાળુઓની લાંબી કતારો જોવા મળી રહી છે.

# મુંબઈ સહિત થાણેમાં વીજળીના ગડગડાટ સાથે વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં શુક્રવારે આખો દિવસ વાદળિયું વાતાવરણ રહ્યા બાદ મોડી સાંજ બાદ વીજળીના ગડગડાટ સાથે વરસાદ તૂટી પડ્યો હતો. અનેક વિસ્તારમાં થોડા સમય માટે પાણી ભરાઈ ગયા હતા. અચાનક આવી પડેલા વરસાદને પગલે છત્રી વગર ઘરની બહાર નીકળેલા લોકોને ભીંજાવાની નોબત આવી હતી.

મુંબઈ, થાણે, નવી મુંબઈ સહિતના આજુબાજુના અનેક વિસ્તારમાં સાંજના વીજળીના ગડગડાટ અને પવન ફૂંકાવાની સાથે સાંજના સાડા આઠ વાગ્યાથી નવ વાગ્યા વચ્ચે વરસાદ તૂટી પડયો હતો. પશ્ચિમ ઉપનગરમાં બોરીવલી, કાંદીવલી, અંધેરી, સહિત પૂર્વ ઉપનગરમાં ઘાટકોપર, વિક્રોલી, પવઈ જેવા વિસ્તારમાં અને દક્ષિણ મુંબઈમાં પણ મોટાભાગના વિસ્તારમાં ભારે વરસાદ પડી ગયો હતો. અનેક નીચાણાળા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા. ઈસ્ટર્ન ફ્રી વે પર પાણી ભરાઈ ગયા હતા.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ મોડી સાંજના પડેલા વરસાદને કારણે અનેક જગ્યાએ પાણી ભરાઈ ગયા હતા. ભાયખલામાં ૬૪ મિ.મી., વડાલામાં ૬૨ મિ.મી., ગ્રાન્ટ રોડમાં પંચાવન મિલીમીટર, શીવડી કોલીવડામાં ૫૪ મિ.મી., હાજી અલી ૪૯ મિ.મી., વરલીમાં ૪૮ મિ.મી., પરેલમાં ૪૪ મિ.મી,. મલબાર હિલમાં ૪૩ મિ.મી. જેટલો વરસાદ નોંધાયો હતો.

હવામાન વિભાગે મુંબઈ, થાણે, પાલઘરમાં વીજળીના ગડગડાટ સાથે રવિવાર સુધી વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે. કર્ણાટક કિનારપટ્ટી પર તૈયાર થયેલા ઓછા દબાણક્ષેત્ર તેમ જ બંગાળના ઉપસાગરમાં ઓછા દબાણનો પટ્ટો નિર્માણ થવાને કારણે હાલ રાજ્યમાં વરસાદી માહોલ સર્જાયો છે. ■

## મુંબઈમાં ધોળેદહાડે કતલેઆમ

# ચાકુના ઘા ઝીંકી ભૂતપૂર્વ પ્રેમિકાની હત્યા કર્યા બાદ યુવકે પોતાનું ગળું ચીર્યું

### મૃતકે થોડા દિવસ પહેલા આરોપી સાથે સંબંધ તોડી નાખ્યા હતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કાલાચોકી વિસ્તારમાં ધોળેદહાડે ચાકુના ઘા ઝીંકીને ભૂતપૂર્વ પ્રેમિકાની હત્યા કર્યા બાદ ૨૪ વર્ષના યુવકે પોતાનું ગળું ચીરી નાખ્યું હોવાની ઘટના બની હતી. પ્રેમિકાના અન્ય યુવક સાથે સંબંધ હોવાની આરોપીને શંકા હતી, જેને કારણે બંને જણ વચ્ચે ઝઘડા થતા હોવાથી તેણે આરોપી સાથે સંબંધ તોડી નાખ્યા હતા. પોલીસે આ પ્રકરણે મૃત આરોપી વિરુદ્ધ હત્યાનો ગુનો દાખલ કરીને તપાસ આદરી હતી.

પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ કાલાચોકી વિસ્તારમાં દત્તારામ લાડ માર્ગ પર શુક્રવારે સવારે ૧૧ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી. મૃતકોની ઓળખ મનીષા યાદવ (૨૪) અને સોનુ બરાઇ (૨૪) તરીકે થઇ હતી. બંને જણ કાલાચોકીના આંબેવાડી ખાતે રહેતાં હતાં અને બંને વચ્ચે પ્રેમસંબંધ હતો.

દરમિયાન મનીષાના અન્ય યુવક સાથે સંબંધ હોવાની સોનુ બરાઇને શંકા હતી, જેને કારણે બંને વચ્ચે ઝઘડા થતા હતા. આથી મનીષાએ ૧૦ દિવસ અગાઉ સોનુ સાથે સંબંધ તોડી નાખ્યા હતા. શુક્રવારે સવારેના સોનુએ મનીષાને કૉલ કરીને મળવા માટે બોલાવી હતી. સોનુ ઘરેથી ચાકુ લઇને નીકળ્યો હતો. બંને જણ મળ્યા બાદ તેઓ દત્તારામ લાડ માર્ગ પરથી ચિંચપોકલી રેલવે સ્ટેશન તરફ જતા માર્ગ પર ચાલતા જઇ રહ્યાં હતાં ત્યારે સોનુએ ચાકુ કાઢીને મનીષા પર ઘા ઝીંકવાનું શરૂ કર્યું હતું. મનીષા બચવા માટે ત્યાંથી ભાગી હતી અને નજીકના નર્સિંગ હોમમાં પ્રવેશી હતી. સોનુ પણ તેની પાછળ ત્યાં પહોંચ્યો હતો. અધવચ્ચે નાગરિકોએ તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો, પણ તેણે તેમને ચાકુ દાખવી ધમકાવ્યા હતા.

સોનુએ નર્સિંગ હોમમાં પ્રવેશીને મનીષા પર ફરી ચાકુથી હુમલો કર્યો હતો. એ સમયે ત્યાં એકઠા થયેલા લોકોમાંથી કોઇએ સોનુ પર પથ્થર ફેંક્યો હતો અને બાદમાં તેને લાકડીથી મારવાનું શરૂ કર્યું હતું. સોનુને ખ્યાલ આવી ગયો હતો કે તે અહીંથી છટકી નહીં શકશે. આથી તેણે ચાકુથી પોતાનું ગળું ચીરી નાખતાં તેનું ઘટનાસ્થળે મોત થયું હતું.


દરમિયાન ફરજ પર હાજર ટ્રાફિક પોલીસ કોન્સ્ટેબલ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને લોકોની મદદથી લોહીલુહાણ હાલતમાં

(જુઓ પાનું ૪) ▶▶

## 'અબકી બાર મોદી સરકાર' અને 'મિલે સૂર મેરા તુમ્હારા'ના કેમ્પેઈન માસ્ટર

# એડ ગુરુ પીયૂષ પાંડેનું નિધન

### વડા પ્રધાન મોદી, સીએમ ફડણવીસે આપી શ્રદ્ધાંજલિ



મુંબઇ : 'એડ ગુરુ' પીયૂષ પાંડેનું નિધન થયું છે. તેમના નિધનથી ભારતીય જાહેરાત ઇન્ડસ્ટ્રીના એક યુગનો અંત આવ્યો છે. તેમણે જાહેરાતની દુનિયામાં ભારતીય સંસ્કૃતિ અને લોકભાષાને વણી લઈને ક્રાંતિકારી પરિવર્તન લાવ્યા હતા. પીયૂષ પાંડે ચાર દાયકાઓથી વધુ સમય સુધી એડ કંપની ઓગિલ્વી ઇન્ડિયા સાથે જોડાયેલા હતા અને કંપનીને દેશમાં જાહેરાતની દુનિયાનું પર્યાય બનાવવામાં તેમની ભૂમિકા મુખ્ય રહી છે.

પીયૂષ પાંડેના ઘણા કેમ્પેઇન આજે પણ લોકોના દિલમાં જીવંત છે અને બ્રાન્ડ્સની ઓળખ બની ગયા છે. 'મિલે સૂર મેરા તુમ્હારા' જેવા ભારતની વિવિધતામાં એકતા દર્શાવતા આ ગીતના લેખક પણ તેઓ જ હતા. આ ગીત દૂરદર્શનનું થીમ સોંગ બની ગયું હતું અને આજે પણ તે લોકપ્રિય છે.

તે ઉપરાંત રાજકીય સ્લોગનની વાત કરીએ તો વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી સરકારના પ્રચાર માટે આપવામાં આવેલ નારો અબ કી બાર, મોદી સરકાર પણ ખૂબ જ ચર્ચામાં રહ્યું હતું, તેના લેખક પણ પિયુષ પાંડે જ હતા. પીયૂષ પાંડે ભારતીય સમાજની ભાષા, પરંપરા અને લાગણીઓની ઊંડી સમજ ધરાવતા હતા, જેના કારણે તેમના વિજ્ઞાપનો સીધા લોકોના હૃદયને સ્પર્શી જતા હતા. આ જ કારણ હતું કે પ્રોડક્ટ્સની સાથે તેમના બનાવેલા એડ્સ પણ એટલા જ લોકપ્રિય બન્યા હતા.

જાહેરાતની દુનિયામાં પ્રવેશતા પહેલા પીયૂષ પાંડે ક્રિકેટર હતા, તેમજ ચાના બગીચા અને બાંધકામ ક્ષેત્રે પણ કામ કરી ચૂક્યા હતા. તેમણે ૨૭ વર્ષની ઉંમરે ૧૯૮૨માં ઓગિલ્વી ઇન્ડિયામાં પ્રવેશ કર્યો અને તે સમયે અંગ્રેજી ભાષાનું પ્રભુત્વ ધરાવતા આ ઉદ્યોગનું સ્વરૂપ બદલી નાખ્યું હતું.

પીયૂષ પાંડેના નિધન પર વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વિટ કરીને શોક વ્યક્ત

(જુઓ પાનું ૪) ▶▶

## અમિતાભ બચ્ચન સહિત સેલિબ્રિટીઓએ આપી શ્રદ્ધાંજલિ

મુંબઇઃ અમિતાભ બચ્ચન, પ્રસૂન જોશી, હંસલ મહેતા અને રવિના ટંડન સહિત ફિલ્મ ઉદ્યોગની જાણીતી હસ્તીઓએ શુક્રવારે પીયૂષ પાંડેને શ્રદ્ધાંજલિ આપી પ્રતિભશાળી સર્જક અને વિજ્ઞાપનોની રજૂઆતના કાબેલ નિષ્ણાત તરીકે સંભાર્યા હતા.

ક્રિયેટિવ જીનિયસ, ઉમદા મિત્ર અને માર્ગદર્શક આપણને છોડીને જતા રહ્યા છે. દુઃખ વ્યક્ત કરવા માટે શબ્દો નથી... પીયૂષ પાંડેનું શુક્રવારે સવારે નિધન થયું છે.. તેમનું બહુમૂલ્ય પ્રદાન તેમની બેમિસાલ સર્જનાત્મકતાના પ્રતીક તરીકે સદૈવ આપણી વચ્ચે રહેશે. અમિતાભ બચ્ચને આ શબ્દોમાં શુક્રવારે પોતાના સત્તાવાર બ્લોગ પર અંજલિ આપી છે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (સીબીએફસી)ના વર્તમાન પ્રમુખ અને એડ ફિલ્મ મેકર પ્રસૂન જોશીએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મના એક્સ હેન્ડલ પર પાંડેની તસવીરો શેર કરી હતી અને પિયુષ પાંડેનું યોગદાન જીવન સાથે સીધી નિસ્બત ધરાવતું હોવાનું જણાવ્યું હતું. તમારી પ્રામાણિકતા અને હાસ્ય કાયમ સ્મરણમાં રહેશે, ૐ શાંતિ પિયુષ એમ પ્રસૂન જોશીએ જણાવ્યું હૈયું.

એક્ટ્રેસ રવીના ટંડને ઇન્સ્ટાગ્રામ પર પાંડેના મૃત્યુ વિશે એક પોસ્ટ ફરીથી શેર કરી લખ્યું હતું કે ડિયર પિયુષ, તમારી રમૂજવૃત્તિથી સ્વર્ગમાં પણ ઉત્સાહ અને આનંદનું વાતાવરણ બની જશે.

ફિલ્મ અને વેબ સિરીઝના દિગ્દર્શક હંસલ મહેતાએ પિયુષ પાંડેના કાર્યને યાદ કરી કહ્યું હતું કે ફેવિકોલ કા જોડ ટૂટ ગયા. જાહેરાતની દુનિયાએ આજે જોડી રાખનારી વ્યક્તિ ગુમાવી દીધી છે. પીયૂષ પાંડે, ઈશ્વર તારા આત્માને શાંતિ આપશે.

એડમેનને દંતકથારૂપ ગણાવી અભિનેત્રી અને રાજકારણી સ્મૃતિ ઈરાનીએ જણાવ્યું હતું કે પીયૂષ પાંડે માત્ર જાહેરખબર જગતના જાદુગર નહોતા. તેમનામાં દેશની વાર્તા પ્રભાવીપણે રજૂ કરવાની ગજબનાક આવડત હતી. લાગણીથી જે વ્યક્ત થાય એ જ સાચી ભાષા એ

(જુઓ પાનું ૪) ▶▶

# મહિલા ડૉક્ટરની આત્મહત્યાનો વિવાદ વકર્યો: કડક કાર્યવાહીની માગણી

મુંબઈ: ફલટનની સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલની એક મહિલા ડોક્ટરે કરેલી આત્મહત્યાના કિસ્સામાં વિપક્ષોએ સરકાર પર ટીકાઓનો વરસાદ કર્યો છે.

વિજય વડેટ્ટીવારે આ બાબત સરકારને અણિયાળા સવાલો પૂછ્યા હતા. તેમણે કહ્યું કે, પીડિતાએ પોતાના હાથ પર એક સુસાઇડ નોટ લખી હતી. તેમાં ઉલ્લેખ હતો કે એક પોલીસ અધિકારીએ તેના પર બળાત્કાર કર્યો અને સતત હેરાન કરી. પોલીસનું કામ રક્ષણ કરવાનું છે, પરંતુ જો તેઓ જ મહિલા ડોક્ટરનું શોષણ કરશે, તો ન્યાય કેવી રીતે મળશે? આ મહિલાએ અગાઉ ફરિયાદ કરી હોવા છતાં કેમ કોઈ કાર્યવાહી કરવામાં આવી નહીં? જ્યારે રક્ષક જ ભક્ષક બની જાય છે! મહાયુતિ સરકાર વારંવાર પોલીસને છાવરી રહી છે, જેના કારણે પોલીસ અત્યાચાર વધી રહ્યા છે.

તેમણે વધુમાં કહ્યું કે, આ કેસમાં ફક્ત તપાસનો આદેશ આપવાનો કોઈ અર્થ નહીં સરે. આ પોલીસ અધિકારીઓને તાત્કાલિક તેમના પદ પરથી બરતરફ કરવા જોઈએ, નહીં તો તેઓ તપાસ પર દબાણ લાવી શકે છે. અગાઉ ફરિયાદ કર્યા પછી પણ શા માટે તેને ધ્યાનમાં લેવામાં આવી નહીં? પહેલા જે લોકોએ અવગણના કરી અને આ પોલીસને ટેકો આપ્યો તેમની સામે પણ કાર્યવાહી થવી જોઈએ. પોલીસ વિરુદ્ધ કાર્યવાહી ન થાય ત્યાં સુધી પોલીસ અત્યાચાર બંધ થશે નહીં, એમ તેમણે ઉમેર્યું હતું.

શરદ પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના સાંસદ સુપ્રિયા સુળેએ માગ કરી છે કે આ મામલાની તપાસ કરવામાં આવે અને દોષિતોને કડક સજા આપવામાં આવે. તેમણે આ અંગે એક્સ પરની પોતાની પોસ્ટમાં કહ્યું છે કે સાતારા જિલ્લાના ફલટન ઉપજિલ્લા હોસ્પિટલમાં કામ કરતી મહિલા ડોક્ટરની આત્મહત્યાનો મામલો ખૂબ જ ગંભીર છે. આ મહિલાએ લખેલી સુસાઇડ નોટ પ્રમાણે વારંવાર ઉપરી અધિકારીઓને જાણ કરી હોવા છતાં, તેની ફરિયાદોને ધ્યાનમાં લેવામાં આવી નહીં. અંતે, તેણે આત્યંતિક પગલું ભર્યું. આ પાછળનું સાચું કારણ શું છે? આ મહિલાની ફરિયાદને કેમ ધ્યાનમાં લેવામાં ન આવી? આ બધા પ્રશ્નોના જવાબ મળવા જરૂર છે. મહિલાને આત્મહત્યા કરવા માટે ઉશ્કેરનારાઓને સજા થવી જ જોઈએ. હું રાજ્યના મુખ્ય પ્રધાનને આ બાબતની તપાસ કરવા અને દોષિતોને કડક સજા કરવા વિનંતી કરું છું. અમારી માગ છે કે આરોગ્યવિભાગમાં કામ કરતી અને રાજ્યમાં દરેક

(જુઓ પાનું ૪) ▶▶

# સચિન-જિગર ફેમ મ્યુઝિક ડિરેક્ટર સચિન સંઘવીની ધરપકડ

### આલબમમાં તકને બહાને યુવતીનું જાતીય શોષણનો આરોપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લગ્ન અને મ્યુઝિક આલબમમાં તકની ખાતરી આપી યુવતીની કથિત જાતીય સતામણી કરવા બદલ બોલીવૂડના સિંગર અને મ્યુઝિક કમ્પોઝર સચિન સંઘવીની પોલીસે ધરપકડ કરી હતી.

'સ્ત્રી-ટુ' અને 'ભેડિયા' ફિલ્મનાં હિટ ગીતોથી જાણીતા સંઘવીની ગુરુવારે ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

આ પ્રકરણે ૨૦ વર્ષની યુવતીએ વિલેપાર્લે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ઘટના સાંતાક્રુઝ પોલીસની હદમાં બની હોવાથી બાદમાં કેસ સાંતાક્રુઝ પોલીસ સ્ટેશનમાં ટ્રાન્સફર કરાયો હતો. પ્રાથમિક તપાસ બાદ સાંતાક્રુઝ પોલીસે સંઘવીની ધરપકડ કરી

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# મલાડમાં કોલ સેન્ટરમાં ભીષણ આગ

### કાચને કારણે ધુમાડો ફેલાઈ જતા આગ બુઝાવવામાં અડચણ


(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મલાડ (પશ્ચિમ)માં માઈન્ટ સ્પેસ નજીક આવેલી ફોર ડાયમેન્શન બિલ્ડિંગમાં પાંચમા માળા પર આવેલા કોલ સેન્ટરમાં ગુરુવારે મોડી રાત બાદ ભીષણ આગ ફાટી નીકળી હતી, જેના પર છેક સવારના નવ વાગ્યાની આસપાસ નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. જોકે કુલિંગ ઓપરેશન સુધી મોડે સુધી ચાલ્યું હતું. કાચની બિલ્ડિંગ હોવાથી ધુમાડો બહાર નીકળી નહીં શકતા ફાયરબ્રિગેડે તેને તોડી પાડીને વેન્ટિલેશનની સગવડ ઊભી કરી હતી. સદ્નસીબે આગની દુર્ઘટનામાં કોઈ જખમી થયું નહોતું.

ડિઝાસ્ટર કંટ્રોલના જણાવ્યા મુજબ મલાડમાં માઈન્ડસ્પેસ, લિંક રોડ પર બેઝમેન્ટ પ્લસ ગ્રાઉન્ડ પ્લસ છ માળની ફોર ડાઈમેન્શન નામની બિલ્ડિંગ આવેલી છે. ગુરુવારે મોડી રાતના ૧૨.૪૭ પાંચમા માળા પર ૧૫,૦૦૦ સ્કવેર ફૂટના વિસ્તારમાં આવેલા કોલ સેન્ટરમાં આગ લાગી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડના સાત ફાયર એન્જિન, ચાર જમ્બો વોટર ટેન્કર, બે ટેબલ ટર્ન લેડર, એક ડિવિઝનલ ફાયર ઓફિસર, બે એડિશનલ ડિવિઝનલ ફાયર ઓફિસર અને ચાર સિનિયર સ્ટેશન ઓફિસર પહોંચી ગયા હતા અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી.

ફાયરબ્રિગેડના અધિકારીના જણાવ્યા મુજબ ૧૫,૦૦૦ સ્કવેર ફૂટના વિસ્તારમાં ઓલા કોલ સેન્ટરમાં ઈલેક્ટ્રિક વાયરિંગ, ઈલેક્ટ્રિક ઈન્સ્ટોલેશન, લાકડાનું ફર્નિચર, લાકડાનું પાર્ટિશનસ ફોલ્સ સિલિંગ, કમ્પ્યુટર સહિત સર્વર રૂમ વગેરે આગને કારણે બળીને ખાખ થઈ ગયું હતું. આગને કારણે આખા પાંચમા માળા પર ધુમાડો ફેલાઈ ગયો હતો. તેમાં પાછું બિલ્ડિંગનો આગળનો ભાગ કાચનો હોવાથી આગ બુઝાવવામાં અવરોધનો સામનો કરવો પડયો હતો અને કાચને કારણે અંદર

(જુઓ પાનું ૪) ▶▶




# પનવેલમાં એક જ કુટુંબના પાંચ જણ બેભાન અવસ્થામાં મળ્યા: એકનું મોત

### ચામાં ઝેરી દ્રવ્ય ભેળવીને સામૂહિક આત્મહત્યાનો પ્રયાસની શક્યતા

મુંબઈ: નવી મુંબઈમાં પનવેલ તાલુકાની એક રૂમમાંથી નેપાળી પરિવારના પાંચ જણ બેભાન અવસ્થામાં મળી આવતાં એકનું મૃત્યુ થયું હતું. ચામાં ઝેરી દ્રવ્ય ભેળવીને પરિવારે સામૂહિક આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

ઉલવે પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ઘટના ગુરુવારે પ્રકાશમાં આવી હતી. મૃતકની ઓળખ સંતોષ બીરા લોહાર (૨૨) તરીકે થઈ હતી.

પનવેલ તાલુકાના જાવળે ગામમાં છેલ્લા અનેક દિવસોથી આ પરિવાર ભાડેની રૂમમાં રહે છે. બે-ત્રણ દિવસથી કુટુંબના કોઈ સભ્યએ ઘરનો દરવાજો ન ખોલતાં પડોશીઓને શંકા ગઈ હતી. તેમણે આ બાબતે પોલીસને

(જુઓ પાનું ૪) ▶▶




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.